રેકોર્ડ્સનો મહાસંગમ
ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬

આસ્થાનો મહાસાગર
શ્રી સાંવરિયા શેઠ મંદિર

મોદી મેજિક
રણમાં ઊર્જા, સમુદ્રમાં વેપાર...

આદિવાસી દીકરી
'પદ્મશ્રી' રમીલાબેન ગામીત

ભારતના રળિયામણા
દરિયાકિનારા



સ્પાઈનની સારવારમાં
નવી ક્રાંતિ
ડૉ. અભિજિત પવાર

ઝંખના કેવળ સત્યને પામવાની

# શ્રી ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

જૂન-૨૦૨૬ | કિંમત ₹ ૬૦/-

Global Edition



## કૃપા, કરુણા અને કલ્યાણના પ્રભુ

# રંગીલા શ્રીનાથજી

Read online : **www.feelingsmultimedia.com**


NSE
IPFT
Soch kar
Samajh kar
Invest kar
રોકાણ કરતા પહેલાં
સેબી ની વેબસાઇટ પર બ્રોકરની
માહિતી તપાસી લો
Azadi Ka Amrit Mahotsav
SEBI भारतीय प्रतिभूति और विनिमय बोर्ड
Securities and Exchange Board of India
NEW INVESTOR WEBSITE
हिन्दी (A)+ (A) (A)-
Skip to main content
SEBI Check
Search SEBI Website
Opportunity for PACL investors to re
Home»Intermediaries / Market Infrastructure Institutions»
Recognised Intermediaries»
Registered Stock Brokers in equity segment
Registered Stock Brokers in equity segment
Note: (Registered intermediaries as on date May 13, 2026)
Search
0-9 A B C D E F G H I
J K L M N O P Q R S
sebi.gov.in
સમજદાર બનો
હમણાં સ્કેન કરો


NK Proteins
ખાના બનાયે હેલ્ધી
ફેમિલી રહે હેપ્પી
FORTIFIED
Refined
TIRUPATI
Cottonseed Oil
REFINED COTTONSEED OIL
TIRUPATI
Edible Oils
HEALTHY WAALI
HAPPINESS
જે પરિવારમાં પૌષ્ટિક ભોજન બને છે તે પરિવાર હંમેશા ખુશ-ખુશાલ રહે છે. મહત્વપૂર્ણ ન્યુટ્રીયંટ્સ અને વિટામિન્સથી
ભરપૂર તિરુપતિ ઓઈલ થી તમે જે પણ બનાવશો તે બનશે હળવું, સ્વાદિષ્ટ અને પોષણથી ભરપૂર.
તો પ્રેમથી બનાવો અને દરરોજ ખુશી પીરસો.
ટોકોફેરોલ, વિટામિન્સ અને ન્યુટ્રીયંટ્સથી ભરપૂર, સારા કોલેસ્ટ્રોલને વધારે.
"હેલ્ધી વાળી હેપીનેસ" આવે છે હેલ્ધી લાઈફ સ્ટાઈલથી. તિરુપતિ એડીબલ ઓઈલ્સ એક હેલ્ધી લાઈફ સ્ટાઈલની ભલામણ કરે છે, જેમાં ઓઈલનો સંતુલિત ઉપયોગ, પૌષ્ટિક આહાર અને નિયમિત વ્યાયામનો સમાવેશ થાય છે. કિલનિકલ પરીક્ષણના આધારે. વ્યક્તિગત પરિણામો અલગ અલગ હોઈ શકે છે.

# અનુક્રમણિકા

'Feelings'-International Gujarati Family Magazine

ઝંખના કેવળ સત્યને પામવાની

ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**૧૦**
પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના હૃદયસિંહાસન પર અખંડ બિરાજમાન નાથદ્વારાના રંગીલા શ્રીનાથજી
- જયેશ શાહ



**૧૬**
ઈતિહાસ, રોમાંચ અને રેકોર્ડ્સનો મહાસંગમ ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬
- પ્રદીપ ત્રિવેદી



**૨૪**
ભારતના દરિયાકિનારાની રળિયામણી યાત્રા
- મનહર ડી. શાહ



**૩૦**
ડૉ. અભિજિત પવાર દ્વારા સ્પાઇનની સારવારમાં નવી ક્રાંતિઃ કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલનો એડવાન્સ્ડ થ્રીડી નેવિગેશન સ્યુટ
- ફીલિંગ્સ ટીમ



**૩૮**
મોદી મેજિક : રણમાં ઊર્જા, સમુદ્રમાં વેપાર અને બરફમાં ભવિષ્ય..!
- સંજય થોરાત 'સ્વજન'



**૪૮**
આદિવાસી વિસ્તારની દીકરીથી 'પદ્મશ્રી' સુધી રમીલાબેન ગામીતની પ્રેરણાદાયી સફર
- કેતન નાણાવટી



૦૮ એક હજાર લખોટીઓ - ડૉ. આઈ. કે. વીજળીવાળા

૧૪ આસ્થા, ઇતિહાસ અને અપરંપાર મહિમાની ગાથા શ્રી સાંવરિયા શેઠ મંદિર - ફીલિંગ્સ ટીમ

૨૧ ગુજરાતમાં ફૂટબોલની રમતને ક્રિકેટ જેવી લોકપ્રિય બનાવવા કમર કસતા શ્રી પરિમલ નથવાણી - ફીલિંગ્સ ટીમ

૨૨ અબ, 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' કે હવાલે વતન સાથીઓ - દીપક જગતાપ

૨૮ વિશ્વનું ધબકતું 'તેલ હૃદય...' હોર્મુઝ જળમાર્ગ - પ્રો. મનોજ જગતાપ

૨૯ ભારતીય સંગીતનો ચમકતો સિતારો હવે અનંતમાં વિલીન સુમન કલ્યાણપુર - યજ્ઞેશ આચાર્ય

૩૨ રીયલ લાઈફનો હીરો : અક્ષય કુમાર - ફીલિંગ્સ ટીમ

૩૪ વડોદરાના લોકલાડીલા જનનેતા સ્વ. યોગેશ પટેલ અનંતની યાત્રાએ... - ફીલિંગ્સ ટીમ

૩૬ વકતા અને લેખકોની અભિવ્યક્તિમાં સરી પડતી ભવિષ્યવાણી... - ડૉ. નાનક ભટ્ટ

૩૭ જિંદગી હજી બાકી છે દોસ્ત... - દીપા દેસાઈ

૪૦ સેલ્ફ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (SSR)નું જીવંત ઉદાહરણ ડૉ. સ્મિતા જોષી અને ડૉ. શુકલાબેન રાવલ - મુકેશ પારેખ

૪૨ આવનારા સમયમાં 'લગ્ન' હવે ભૂતકાળ બની જશે - ફીલિંગ્સ ટીમ (પૂરક માહિતી : ઝમીર શ્રોફ)

૪૪ ઝાલાવાડના શૌર્ય-સાહસ અને શિલ્પકળાનો વારસો સાચવીને બેઠેલું 'સ્ટોનસિટી' ધ્રાંગધ્રા - ભરત અંજારિયા

૫૦ ગુજરાતમાં મિલકત ખરીદ-વેચાણના દસ્તાવેજો ફેસલેસ થશે / ઉત્તર ડાંગ વન વિભાગનો સંવેદનશીલ અભિગમ

૫૧ આઈ.પી.એલ. જુઓ, ખુશ રહો! - બધિર અમદાવાદી

૫૨ રાશી ભવિષ્ય - ગણેશા સ્પીક્સ

૫૪ પ્રેસનોટ

૫૬ ફીલિંગ્સ મિર્ચી

*Best wishes from*

**S.S. WHITE Technologies Inc.** & **SHUKLA MEDICAL®**
Universal Orthopedic Extraction Technologies

***175 years of rich history in manufacturing innovations***

S.S. White products are used in 98% of aircrafts flying today, in millions of automobiles, on the International Space Station, and have even gone to the moon.

SHUKLA Medical manufactures orthopedic surgical instruments such as hip and knee implant-extraction systems, used at all major U.S. hospitals.




**S.S. White Technologies** Milton Keynes, UK




**S.S. White Technologies** Wadhwan, Gujarat, India




**S.S. White Technologies Inc.** **Headquarters:** St. Petersburg, FL USA

**Rahul Shukla**
President & CEO

8300 Sheen Drive, St. Petersburg, FL 33709
**Phone: (727) 626-2800**

www.sswhite.net www.sswhiteaerospace.com www.shuklamedical.com

# વાચકોના પ્રતિભાવ, વાચકોની કલમે...

## પ્રતિભાવ મોકલાવો આ રીતે

**આપના પ્રતિભાવ ફોટા સાથે અહીં મોકલો**
૧૦૨-૦૩-૦૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત.
મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**ઈ-મેલ દ્વારા**
info@feelingsmultimedia.com
atulshah496@gmail.com

**વેબસાઈટ /ઈ-મેગેઝિન દ્વારા**
www.feelingsmultimedia.com

**FOLLOW US ON:**

@feelingsmultimedia

Every month I read 'Feelings' magazine I impressed by it's beautiful Articles with attractive photos which are much interesting and interactive I love feelings.

**– Vijoy Patil (USA, New York)**

Every Article of this issue is very nice. Bhaven Kachchi has give detailed information of Common Wealth Games-2030, held by Gujarat Government in Ahmedabad it was nice experience to read it.

**- Marry and Joseph family (OMAN)**

ફીલિંગ્સનો મે-૨૬નો અંક બહુ સુંદર લાગ્યો. પ્રદીપ ત્રિવેદીની કલમે લખાયેલ આર્ટિકલ તક, તાકાત અને તમન્નાઓની પાંખે ઉડતું મારું ગુજરાત એકદમ નોલેજેબલ લાગ્યો. ગુજરાત સ્થાપના દિન નિમિત્તેનો આ વિશેષ અંક ખરેખર કાયમી સાચવી રાખવા જેવો બન્યો છે. ફીલિંગ્સની સમગ્ર ટીમને ખૂબ-ખૂબ ધન્યવાદ... આવા સરસ આર્ટિકલ્સ છાપવા બદલ.

**– ચિંતન અધ્યારુ, પલ્લવી પાઠક ઉમંગ પટેલ (નડીયાદ)**




લોકપ્રિય કટાર લેખક ભવેન કચ્છીનો આર્ટિકલ ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ ખરેખર ગુજરાતની યશકલગીનું નવું મોરપિચ્છ બનશે એ સાચી વાત છે. આ ગેમ્સ ગુજરાતને તો અનેક રીતે ફાયદાકારક બની રહેશે જ પરંતુ આવનારી નવી પેઢીને માટે પણ આ રમતોત્સવ બહુ મોટો પ્રેરણાસ્રોત બનશે. ગુજરાતનું યુવાધન સ્પોર્ટ્સમાં પોતાનું કૌવત દાખવી ખૂબ આગળ વધશે. ફીલિંગ્સ આવા જોરદાર આર્ટિકલ્સ આપે છે તેનો આનંદ છે.

**– નૂરમહંમદ ઘડીયાલી, ફાતીમા શેખ (જુહાપુરા, અમદાવાદ)**

ફીલિંગ્સ મે-૨૬નો અંક વાંચ્યો. તેમાં ગુજરાતના સંગ્રહાલયોમાં જીવંત ઈતિહાસની સફર એ એકદમ પાવરફુલ લેખ લાગ્યો. ગુજરાતમાં આટલા સમૃદ્ધ મ્યુઝિયમો આવેલ છે તેની આજે ખબર પડી. અમારું ગ્રૂપ હવે આ સંગ્રહાલયોની અચૂક મુલાકાત લેશે. આપણો આ કલાવારસો સાચવાય તે ખૂબ જરૂરી છે.

**– સૌમ્ય પટેલ, રાજેશ શેઠ (મણિનગર, અમદાવાદ)**

ગુજરાત સ્થાપના દિનના આ વિશેષ અંકમાં લેખક સંજય થોરાત 'સ્વજન'નો લખેલ આર્ટિકલ કોટનથી સેમિકંડકટર સુધી ગુજરાતની ઔદ્યોગિક વિકાસયાત્રાની વાતો વાંચીને મન તૃપ્ત થઈ ગયું. વિકસિત ગુજરાત હવે વૈશ્વિક ગુજરાત બને છે તેનો ખૂબ આનંદ છે. લેખ બદલ લેખકને ધન્યવાદ...

**– અરણ્ય દેવપુરકર, શ્રેયા ચૌહાણ (મુંબઈ, બ્રાન્દ્રા)**

ફીલિંગ્સનો મે-૨૬ના અંક ખૂબ આકર્ષક બન્યો છે. સુંદર ફોટોગ્રાફસ ક્ષતિ વગરનું પ્રિન્ટિંગ વખાણવા જેવું છે. આ અંકમાં અમદાવાદ રેડક્રોસની ગૌરવવંતી સિદ્ધિઓ વાંચીને મનોમન વંદન કરવાનું મન થાય છે. આવી ઉમદા અને ઉત્કૃષ્ટ કામગીરી કરનાર આ સંસ્થાના સંચાલકોને હાર્દિક ધન્યવાદ પાઠવવા પડે તેમ છે. ફીલિંગ્સને પણ થેંકસ.

**– મયુરધ્વજસિંહ ઝાલા, આનંદબા ચુડાસમા (ભાવનગર)**

મે-૨૬નો ફીલિંગ્સ મેગેઝિનનો અંક લા-જવાબ છે તેમાં પણ કેન્દ્રશાસિત પ્રદેશોની કાયાપલટ કરતા શ્રી પ્રફુલ કે. પટેલનો આર્ટિકલ વાંચવાની ખૂબ મજા આવી. પ્રફુલ પટેલ જેવા ઉત્તમ પ્રશાસક હોય તો વિકાસની ચિંતા જ ના કરવી પડે તે બહુ સાચી વાત છે. આવા કર્તવ્ય નિષ્ઠ, રાષ્ટ્રસેવક પ્રફુલભાઈની જેટલી તારીફ કરીએ તેટલી ઓછી છે. સેવા-સમર્પણ અને દૃઢ નિર્ણય શક્તિ કેવું સુંદર પરિણામ લાવી શકે છે. તેનું આ જીવંત ઉદાહરણ છે.

**– વિક્રમ બી. ચૌધરી, અલય નાયક (વલસાડ)**

દીપા દેસાઈની કલમે લખાયેલ 'મી મુંબઈકર' અને 'રંગોળી'ની હર્ષિતા ભટ્ટનો ગુજરાતી આર્ટિકલ ફીલિંગ્સના આ અંકમાં વાંચીને જલસો પડી ગયો. આ છે આપણુ ગુજરાતી કલ્ચર અને આપણાં મૂઠી ઉંચેરા ગુજરાતી મહાનુભાવો... જેઓ મુંબઈના સવાયા ગુજરાતી બની રહ્યા છે. મરાઠી ભાષા માટે પણ એટલો જ આદર દાખવનાર ગુજરાતી પ્રતિભાઓની વાત આ અંકની શોભા છે.

**– રણછોડભાઈ પરમાર, સવિતાબેન શ્રીવાસ્તવ (વાપી)**

ફીલિંગ્સના આ અંકમાં યુવા નેતૃત્વનો ઉત્તમ આદર્શ... નરેશ કેલા આ આર્ટિકલ ખૂબ જ પ્રેરણાદાયી લાગ્યો. આજની યુવા જનરેશનને જીવનનું સાચું ધ્યેય નક્કી કરી આપે તેવો આ આર્ટિકલ ખરેખર બહુ સરસ લાગ્યો. આવા સુંદર આર્ટિકલનું ભાથું ફીલિંગ્સ હંમેશાં પીરસતું રહે તેવી અપેક્ષા છે.

**– સુધીરભાઈ શ્રોફ, મિનાક્ષી પટેલ (સુરત)**

**સમગ્ર વિશ્વ આજે યુદ્ધ, આતંકવાદ અને કુદરતી આફતોથી ઘવાયેલું છે. જળ-વાયુ પરિવર્તનના કારણે માનવજાતિ તન, મન, ધનથી નિર્બળ બની રહી છે. મનુષ્ય અજંપો, બેચેની, હતાશા જેવી માનસિક સમસ્યાઓનો શિકાર બનતો જાય છે. સમાજમાં આત્મહત્યાના કિસ્સા વધી રહ્યાં છે. 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' આવી પરિસ્થિતિમાં મુકાયેલા આબાલ-વૃદ્ધ દરેક વ્યક્તિઓની સહાયતા માટે 24x7 સદૈવ તત્પર છે. જો આપ આવી કોઈપણ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે દર્શાવેલ નંબર પર વોટ્સઅપ મેસેજ/ઇ-મેલ કરશો. ફીલિંગ્સ આપના માટે હર સંભવ તમામ પ્રયાસો કરશે. આપની ઓળખ અને સમસ્યા સંપૂર્ણપણે ગોપનીય રહેશે.**

Whatsapp No
+91-98253 28488

Spirit of Life
Feelings Foundation

Email
feelingsfoundation2010@gmail.com

RAJANI®
GROUP
Since : 1975

રાજાણી
મસાલા ઉત્સવ

# Summer Rahe Na Rahe

# Rajani Shuddh Masaale Rahenge Forever!




Visit your nearest store for Rajani Spices

+91-98256 07989
www.rajanigroup.in

amazon
Flipkart

Follow Us

'Feelings'-International Gujarati Family Magazine

# ફીલિંગ્સ

ઝંખના કેવળ સત્યને પામવાની

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**તંત્રી-માલિક-પ્રકાશક : અતુલ શાહ**

| | |
|---|---|
| ડાયરેક્ટર | : સંગીતા શાહ, ખ્યાતિ શાહ |
| એક્ઝિ. ડાયરેક્ટર | : દીપ્તિ દેઢિયા |
| ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ | : દેવાંશી શાહ |
| માર્કેટિંગ કન્સલ્ટન્ટ | : અરવિંદ પુરોહિત |
| એડવાઈઝર | : મહેન્દ્ર શાહ |
| સરક્યુલેશન | : નિલેશ બારીયા |
| ફોટોગ્રાફર | : ચેતન મિસ્ત્રી |

**ઈન્ટરનેશનલ ઓફિસ**

**FEELINGS MULTIMEDIA LTD**

USA

**Atlanta Georgia**

**Khyati Shah (Director)** Ph.: +001 404 952 5304

**Email -** khyatishah88@gmail.com

**New Jersey :** Sanjeev Pandya

Dr. Arun Mehta - Promotional Exe. PH.: 732-261-8392

**California (West Coast) :** Vijay Shah Journalist

**Chicago :** 2609 W. Devon Avenue, Chicago IL 60659

U.K. : Mkt. Head - Ashish Popat - M.: +44(O)7753386909

KENYA OFFICE :

P. O. BOX 1980-00232 - Ruiru (Nairobi) - KENYA-E.AFRICA

**રિજિયોનલ ઓફિસ**

**મુંબઈ**

૫૯, બીજો માળ, રત્નજ્યોત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઈરલા લેન, અંબા માતા ચોક, વિલે-પારલે (પૂર્વ) મુંબઈ ૪૦૦૦૫૬. મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**અમદાવાદ**

બ્યુરો ચીફ : જિજ્ઞા પુજારા - મો. ૯૦૯૯૦ ૧૦૩૦૯

સુરેશ ઠક્કર - મો. ૯૮૨૫૦ ૦૮૫૭૭,

જર્નાલિસ્ટ : અપુર્વ ઠક્કર - મો. ૭૪૩૫૦ ૧૭૮૫૦

**ગાંધીનગર** - કેતન નાણાવટી - મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫

**સુરત** - મો. ૦૯૮૨૪૩ ૧૩૧૩૨

**રાજકોટ** (સૌરાષ્ટ્ર) :

માર્કેટિંગ એડવાઈઝર : નીતિન વસાણી - મો. ૯૮૨૫૨ ૫૮૪૫૧

પ્રદીપસિંહ જાડેજા - મો. ૯૪૨૬૨ ૬૩૪૪૬

**આણંદ :** બી.આર. રાઠોડ - મો. ૭૬૦૦૭ ૬૮૧૨૦

મેગેઝિન વર્લ્ડ - ફો. ૦૨૬૯૨-૨૪૪૫૮૨

**વાર્ષિક લવાજમ**

ભારતમાં : રૂા. ૧૧૦૦/-

વિદેશમાં : **100 US Dollars**

**આજીવન સભ્યપદ**

ભારતમાં : રૂા. ૫૧,૦૦૦/- વિદેશમાં : **7000 US Dollars**

**ચેક/ડ્રાફ્ટ Feelings Multimedia Ltd.ના નામે મોકલવો**

**જૂન – ૨૦૨૬**

**વર્ષ-૨૮ સળંગ અંક : ૫૭૩**

**મુખ્ય કાર્યાલય**

**FEELINGS**

MULTIMEDIA LIMITED

૧૦૨-૩-૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત. (મો.) ૦૯૮૨૫૩ ૨૮૪૮૮

E-mail : info@feelingsmultimedia.com

atulshah496@gmail.com

Web : www.feelingsmultimedia.com

**Feelings Foundation**

**80-G(5)No BRD/CIT-III/104/80-G/119-F/2011-12/486**

Member

**INS THE INDIAN NEWSPAPER SOCIETY**

## તંત્રીસ્થાનેથી



# વૈષ્ણવ હૃદયના ધબકાર રંગીલા શ્રીનાથજી

જયશ્રી કૃષ્ણ...

શ્રીમદ્ ભગવદ ગીતામાં ભગવાન કૃષ્ણએ સંભવામિ યુગે...યુગે...નો જે કોલ આપ્યો છે તે ભગવાન કૃષ્ણનું સ્વરૂપ એટલે શ્રીનાથદ્વારાના રંગીલા શ્રીનાથજી. શ્રી વલ્લભાચાર્યજીએ પંદરમી સદીમાં શુદ્ધ અદ્વૈત ભક્તિમાર્ગ એટલે પુષ્ટિમાર્ગની સ્થાપના કરી. તેના પરમ આરાધ્ય તરીકે શ્રીનાથજી એટલે કે શ્રી ગોવર્ધનનાથજી - શ્રીગિરિરાજધરણને અભીષ્ટદેવ તરીકે સ્થાપ્યા. શ્રીનાથજીનું આ મનલુભાવન સ્વરૂપ આજે વૈષ્ણવ સમુદાય સહિત સૌને આકર્ષે છે. કહી શકાય કે એક મોરપિંચ્છ શોધતાં શોધતાં પહોંચી જવાયું છેક નાથદ્વારા.

ફીલિંગ્સના જૂન-૨૬ના અંકમાં માણી શકશો રંગીલા શ્રીનાથજીની પ્રેમલક્ષણા ભક્તિવૈભવની વાતો જયેશ શાહની કલમે. ભારતના એક-એકથી ચઢિયાતા દરિયા કિનારાની રળિયામણી યાત્રાનો આનંદ પણ અહીં છે. સાથો-સાથ આખા વિશ્વમાં ઉત્તેજનાનો ઉન્માદ જગાડતો રમતોનો રાજા 'ફિફા વર્લ્ડકપ'નો રોમાંચ પણ પ્રદીપ ત્રિવેદીની દમદાર કલમે અનુભવવા જેવો છે.

એ.આઈ.નો વધતો પ્રભાવ આપણી સરહદ સુરક્ષા સુધી પહોંચે તે દિવસો હવે દૂર નથી. બીજી તરફ સ્પાઈન સર્જરીની સારવારમાં આવેલ નવી ક્રાંતિ એટલે એડવાન્સ 3D નેવિગેશનની વાતો પણ આ અંકનું જમા પાસું છે.

એક તરફ વિશ્વનું ધબકતું 'તેલ હૃદય' એટલે હોર્મુઝ જળમાર્ગનું સંકટ સમાપ્ત થવાની ઘડીઓ ગણાઈ રહી છે તે સારી વાત છે. બીજી તરફ નવી પેઢીમાં અવિવાહિત જીવનનો વધતો ટ્રેન્ડ 'લગ્ન'ને ભૂતકાળનો શબ્દ ન બનાવી દે તે માટે આપણે સાવચેત થવાની જરૂર છે.

અંતમાં, વડોદરાવાસીઓના સાચા લોકનેતા અને ફીલિંગ્સ સાથે આત્મીય ભાવથી જોડાયેલ યોગેશભાઈ પટેલનું અવસાન થતાં ફીલિંગ્સ પરિવાર ઊંડા દુઃખની લાગણી અનુભવે છે. દિવંગત 'યોગેશકાકા'ના આત્માને પ્રભુ ચિર-શાંતિ અર્પણ કરે તેવી પ્રાર્થના...

અસ્તુ, જયહિંદ.

અતુલ શાહ

એડિટર




50 Years • 5 Eras • One Legacy

An ode to the Women who chose
Us through the Years

Campaign By An All-Women Crew

AsoPalav®

Celebrating 50 Years

AHMEDABAD I SURAT I VADODARA

asopalav.com I follow us on

ડૉ. આઈ. કે. વીજળીવાળા



# એક હજાર લખોટીઓ

એક દિવસ વહેલી સવારે એક બિઝનેસમૅને પોતાનો રેડિયો ઑન કર્યો. આમ તો દરરોજ એ એટલો બધો બિઝી (વ્યસ્ત) રહેતો કે રેડિયો, ટી.વી. કે એવા અન્ય કોઈ મનોરંજનનાં સાધનોને એના જીવનમાં સ્થાન જ નહોતું. રાતદિવસ એ પોતાના ધંધાના વિચારોમાં જ ખોવાયેલો રહેતો. એના બાળકો તેમજ પત્ની એ પણ ભૂલી ગયા હતા કે છેલ્લે એ લોકોએ જોડે ભોજન ક્યારે લીધું હતું? પછી ફરવા જવાનો કે પિકનિકનો તો સવાલ જ ક્યાંથી આવે?

એ શનિવારે સવારે એણે આમ જ રેડિયો શરૂ કર્યો હતો. ઘરના બાકીના સભ્યો હજુ સૂતા હતા. જોકે રેડિયો સાવ અમસ્તો તો નહોતો જ શરૂ કર્યો! હકીકતમાં એ વખતે એણે બહારગામના કોઈ બિઝનેસમૅન જોડે મીટિંગ રાખેલી. કોઈ કારણોસર પેલાની ફ્લાઈટ કેન્સલ થઈ એટલે હવે સવારના એ એક કલાકમાં શું કરવું એવી અવઢવમાં જ એણે રેડિયો ઑન કરેલો.

એણે રેડિયો ઑન કર્યો ત્યારે એના પર કોઈ વૃદ્ધ માણસ 'એક હજાર લખોટીઓ'ની વાત કરી રહ્યો હતો. એ માણસના અવાજમાં અને તેની વાતમાં એવું કંઈક હતું કે બિઝનેસમૅનને ધ્યાનથી સાંભળવાની ઈચ્છા થઈ આવી. એ વૃદ્ધ માણસ રેડિયો પરથી ટોમ નામના પોતાના કોઈ મિત્રને સંબોધીને કહી રહ્યો હતો કે, 'ટૉમ ! તું જ્યાં હો ત્યાંથી આ ક્ષણે જો મારી વાત સાંભળી રહ્યો હોવ તો હવે પછી હું જે કંઈ કહું છું એના પર બરાબર ધ્યાન આપજે. હું જાણું છું કે તું ખૂબ જ બિઝી (વ્યસ્ત) રહે છે અને અઢળક પૈસા કમાઈ રહ્યો છે, પરંતુ તેં એ ક્યારેય વિચાર્યું છે કે એના કારણે તારે તારા ઘર અને કુટુંબથી કેટલો બધો વખત દૂર રહેવું પડે છે? ઘણોખરો વખત તું બિઝનેસ ટ્રીપ પર જ હોય છે. તારા ઘરના આનંદના પ્રસંગોમાં પણ તું ગેરહાજર હોય છે. તને યાદ જ હશે કે ગયા અઠવાડિયે તારી દીકરીના નૃત્યના કાર્યક્રમમાં તું હાજરી નહોતો આપી શક્યો, ખરું ને?' એ વૃદ્ધે બોલતા બોલતા થોડો વિરામ લીધો.

પેલા બિઝનેસમૅનને પણ હવે એની વાતમાં બરાબરનો રસ પડયો હતો. થોડુંક વૉલ્યુમ વધારી એ ધ્યાનથી સાંભળવા લાગ્યો.

રેડિયો પરથી પેલા વૃદ્ધે આગળ કહ્યું, 'ટૉમ! મારા ભાઈ! હું તને એક એવી વાત કહેવા માગું છું કે જેણે મારી જિંદગી જ બદલી નાખી છે. વાત એમ છે કે એક દિવસ મેં થોડુંક ગણિત માંડી જોયું. પુરુષની સરેરાશ ઉંમર પંચોતેર (૭૫) વરસની હોય છે. જોકે કેટલાક આનાથી વધારે તો વળી કેટલાક ઓછું પણ જીવતા હોય છે, પરંતુ સરેરાશ ઉંમર ૭૫ વરસની હોય છે. હવે એ ૭૫ને મેં ૫૨ વડે ગુણી નાખ્યા, કારણ કે એક વરસમાં ૫૨ શનિવાર હોય છે. ગુણાકાર આવ્યો ૩૯૦૦ એટલે કે આટલા શનિવાર સરેરાશ ૭૫ વરસના જીવતા માણસને એની આખી જિંદગી દરમિયાન મળે. જ્યારે મેં આ હિસાબ માંડેલો ત્યારે મારી ઉંમર હતી ૫૫ વરસ. એનો અર્થ કે એટલા વખત સુધીમાં હું લગભગ ૨૯૦૦ શનિવાર તો પસાર કરી ગયો હતો! હવે જો હું ૭૫ વરસ સુધી જ જીવવાનો હોઉં તો મારી પાસે ફક્ત ૧૦૦૦ (એક હજાર) શનિવાર બચ્યા હતા! એનો સાવ સાદો અર્થ એટલો જ કે મારી પાસે આનંદ અને રજાના માત્ર એક હજાર દિવસ જ બચ્યાં હતાં! મને આઘાત લાગ્યો કારણ કે મારી પાસે મારા કુટુંબ અને મિત્રો સાથે ગાળવાના ફક્ત એટલા જ દિવસો બચ્યા હતા.

હું વિચારમાં પડી ગયો. ઘણો વખત વિચાર્યા પછી એ જ દિવસે ગામમાં જઈ, બેચાર સ્ટોરમાં ફરીને હું ૧૦૦૦ લખોટીઓ લઈ આવ્યો. એ લખોટીઓને મારા ટેબલ પર એક કાચની બરણીમાં ગોઠવી દીધી. દર શનિવારે હું એમાંથી એક લખોટી કાઢીને ફેંકી દઉં છું. જેમ જેમ હું એ બરણીને ખાલી થતી જોઉં છું તેમ તેમ મને મારા મિત્રો, સગાંવહાલાં અને કુટુંબીજનો માટે વધારે ને વધારે સમય ફાળવવાની ઈચ્છા થતી જાય છે. અગત્યના અને કરવાના કામોની મેં યાદી પણ બનાવી લીધી છે અને હા, તમારી જિંદગીના ઘટતાં જતાં દિવસોની સંખ્યા તમને બાકીના દિવસોને જીવવા જેવા કઈ રીતે બનાવવા એ આપોઆપ સમજાવી દે છે!'

રેડિયો પર એકાદ ક્ષણ માટે શાંતિ છવાઈ ગઈ પછી ફરીથી એ વૃદ્ધનો અવાજ આવ્યો, 'હા તો ટૉમ! આજે મારી એ કાચની બરણીમાંથી મેં છેલ્લી લખોટી કાઢી! મારા દોસ્ત! આજે મને ૭૫ વરસ પૂરાં થયાં. અત્યારે હું મારી વહાલી પત્ની તેમજ બાળકોને શહેરના મોટા અને આધુનિક રેસ્ટોરંટમાં નાસ્તો કરવા લઈ જવાનો છું. હવે મારી બરણી ખાલી છે. હવે પછીનો દરેક શનિવાર મને ભગવાન તરફથી મળેલ ભેટ હશે. હું ખરેખર ખૂબ જ આનંદથી જીવું છું. હું ઈચ્છું છું કે તું પણ તારા કુટુંબ સાથે આનંદથી જીવી શકે. એના લીધે ૭૫મા વર્ષે શું ગુમાવ્યું એનો અફસોસ ન રહે! તું એવું કરી શકે એના માટે તને મારી શુભેચ્છાઓ! હું હવે રજા લઉં છું દોસ્ત! બાય!'

રેડિયો પર વાર્તાલાપ પૂરો થયો. એની અસર એવી હતી કે પેલો બિઝનેસમૅન ઊંડા વિચારમાં પડી ગયો. થોડી વાર પછી એ ઊભો થયો. બેચાર ફોન કરી કંઈક વાત કરી પછી ઉપરના માળે જઈ પોતાની પત્ની તેમજ બાળકોને ઉઠાડયા. બધાને નવાઈ લાગી. કોઈ પણ વાર હોય, સવારના પાંચ વાગ્યામાં જ બિઝનેસની પળોજણમાં પડી જતા એ માણસને આજે હળવા મૂડમાં જોઈ બધાને ખૂબ જ આશ્ચર્ય થતું હતું. છતાં કંઈ પણ બોલ્યા વિના બધા તૈયાર થવા લાગ્યા.

ઘરના બધા જ સભ્યો તૈયાર થઈને નીચે બેઠકખંડમાં આવ્યા એટલે બિઝનેસમૅને એમને કહ્યું કે, 'એ દિવસે બધાએ શહેરની સારામાં સારી હોટલમાં નાસ્તો કરવા જવાનું છે અને એ પછી બાજુના દરિયાકિનારે પિકનિક પર!' ઘરની દરેક વ્યક્તિ આનંદના આઘાતમાં સરી ગઈ, પણ કોઈએ કંઈ જ દલીલ કરી નહીં. એમની જિંદગીમાં પ્રથમ વખત આવેલી એ પળોને દલીલોથી દૂષિત કરવાની કોઈની પણ ઈચ્છા નહોતી.

બધા હોંશે હોંશે ગાડીમાં ગોઠવાયા. દરેકનો ચહેરો હસતો હતો. મનમાં કંઈક જુદા જ પ્રકારની ખુશી હતી. બજારમાંથી પસાર થતી વેળાએ એક સ્ટોર પાસે એ બિઝનેસમૅને ગાડી ઊભી રાખી. બધા ચૂપ થઈ ગયા. એની પત્નીથી ન રહેવાયું એટલે એણે પૂછી જ લીધું કે, 'કેમ તમારો વિચાર બદલી ગયો કે શું? અહીંયા કેમ ઊભા રહી ગયા?'

બિઝનેસમૅન થોડી વાર વહાલથી એની સામે જોઈ રહ્યો. પછી હસીને બોલ્યો, 'નહીં, વહાલી! વિચાર નથી બદલ્યો! આ તો મારે થોડીક લખોટીઓ ખરીદવી છે!'


Read online : www.feelingsmultimedia.com


SINCE 1941 | RMS GROUP'S
GAURI
ALKAPURI
SAREE | CHANIYA CHOLI | DRESS
SHOP NOW
GAURI HERITAGE PALACE
Meraki One
+91 90166 62075
Centre Point
+91 91068 02123
Shah Bbrothers Kapadwala
+91 98246 03519
ALKAPURI-VADODRA



જયેશ શાહ

## પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના હૃદયસિંહાસન પર અખંડ બિરાજમાન નાથદ્વારાના

# રંગીલા શ્રીનાથજી

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં સેવાતું ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ એટલે શ્રીનાથજી શ્રીગોવર્ધનનાથજી. શ્રીવલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીએ (ઈ.સ. ૧૪૭૮-૧૫૩૧) શુદ્ધાદ્વૈત ભક્તિમાર્ગ 'પુષ્ટિમાર્ગ'ની સ્થાપના કરી અને તેમના પરમ આરાધ્ય શ્રીનાથજી, એટલે કે શ્રીગોવર્ધનનાથજી શ્રીગિરિરાજધરણને અભીષ્ટદેવ તરીકે સ્થાપ્યા. એમનું ટૂંકું નામ 'શ્રીનાથજી' પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં ખૂબ જ વ્યાપક છે. આ સ્વરૂપનો પણ અલૌકિક અને દિવ્ય ઈતિહાસ છે. અત્રે જાણવું જરૂરી છે કે પુષ્ટિમાર્ગમાં 'મૂર્તિ'ને બદલે 'સ્વરૂપ' શબ્દ વપરાય છે, કારણ કે પુષ્ટિમાર્ગમાં તેને સાક્ષાત્ પ્રગટ સ્વરૂપ માનવામાં આવે છે. હવે આપણે રંગીલા શ્રીનાથજીના ઈતિહાસમાં ડોકિયું કરીએ.

વાત છે વિક્રમ સંવત ૧૪૬૬ (ઈ.સ. ૧૪૦૯)ના શ્રાવણ સુદ પંચમીના દિવસની. પોતાની ખોવાયેલી ગાયને શોધવા નીકળેલા એક વ્રજવાસીએ શ્રી ગોવર્ધન પર્વત, એટલે કે ગિરિરાજજી ઉપર શ્રીનાથજીની ઊર્ધ્વ ભુજાના દર્શન કર્યા. આવું કૌતુક તેણે અગાઉ ક્યારેય જોયું નહોતું. તે તરત જ બીજા વ્રજવાસીઓને બોલાવી લાવ્યો. સૌએ ઊર્ધ્વ ભુજાના દર્શન કરીને આશ્ચર્ય અનુભવ્યું. એમાંના એક વૃદ્ધ વ્રજવાસીએ સૌને સમજાવ્યું કે સારસ્વત કલ્પમાં જ્યારે ઈન્દ્રના કોપરૂપ મુશળધાર વરસાદથી સર્જાયેલા પ્રલયમાંથી સૌને બચાવવા માટે ભગવાન શ્રીકૃષ્ણે સાત દિવસ સુધી જે ભુજા પર શ્રી ગિરિરાજજીને ધારણ કર્યા હતા, એ જ આ ભુજા છે. એ દેવ સ્વયં ફરીથી પ્રગટ થયા છે.

જ્યાં સુધી તેઓ સંપૂર્ણપણે પ્રગટ ન થાય, ત્યાં સુધી આપણે આ ભુજાનું પૂજન કરી તેને ભોગ ધરાવીશું.

સૌને આ વાત ગળે ઊતરી ગઈ. સૌએ ભેગા મળીને દૂધથી એ ભુજાનો અભિષેક કર્યો. ધીમે ધીમે ભુજાનો મહિમા વધવા લાગ્યો. જે કોઈ ભક્ત ભુજાની માનતા રાખતો, તેની માનતા તરત જ સિદ્ધ થતી. આ રીતે ઊર્ધ્વ ભુજાના પૂજનનો પ્રચાર વિક્રમ સંવત ૧૫૩૫ (ઈ.સ. ૧૪૭૮) સુધી, એટલે કે સતત ૬૯ વર્ષ સુધી ચાલ્યો.

ત્યારબાદ ફરી એક યાદગાર પ્રસંગ આવ્યો. ગિરિરાજજીની તળેટીમાં જમુનાવતા ગામ આવેલું હતું. ત્યાં ધર્મદાસ નામના ગોરવા ક્ષત્રિય રહેતા હતા. તેમની પાસે આશરે ૪૦૦ ગાયો હતી. તળેટીમાં જ બીજું ગામ આન્યોર હતું, જેના મુખી સદ્દુ પાંડે હતા. તેમની પાસે લગભગ ૧,૦૦૦ ગાયો હતી. એ ગાયોમાં એક ગાયનું નામ 'ધૂમર' હતું.

ધૂમરને એવી ટેવ પડી ગઈ હતી કે દરરોજ સાંજે વગડામાં ચરીને ઘરે પાછી ફરતી વખતે તે ગિરિરાજજી ઉપર ચઢી જતી. ત્યાં એક શિલા પાસે થોડી વાર ઊભી રહેતી અને પછી પોતાના વાડામાં જતી રહેતી. આવું સતત છ મહિના સુધી ચાલ્યું.

એક વખત ધર્મદાસની ગાય ખોવાઈ ગઈ, જેનું નામ પણ 'ધૂમર' હતું. સાંજે ગાય પાછી ન ફરતાં ધર્મદાસ ચિંતિત થયા. તેમણે પોતાના ભત્રીજા કુંભનાને બોલાવ્યો અને કહ્યું, 'કુંભના, મેરે સાથ ચલ, ધૂમર ગાય વાપસ નહીં આઈ.'

કાકા-ભત્રીજા ગાયની શોધમાં નીકળ્યા. તેમણે જોયું કે ધૂમર ગાય એક શિલા પાસે ઊભી છે અને તેના આંચળમાંથી દૂધની ધારા વહી રહી છે. આ દૃશ્ય જોઈ બંને આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે ગાયને હંકારવાના ઘણા પ્રયાસો કર્યા, પરંતુ ગાય એક ડગલું પણ ખસી નહીં.

ત્યારે જ બંનેને એક દિવ્ય અવાજ સંભળાયોઃ ધર્મદાસ! આ તમારી ધૂમર ગાય શ્રી નંદબાબાની ગાયોના કુળની છે. તમારું ગામ દૂર હોવાથી તેને અહીં આવતાં સમય લાગે છે, તેથી તમે તેને આન્યોરના સદ્દુ પાંડેના વાડામાં મૂકી આવો. અત્યાર સુધી સદ્દુ પાંડેની ધૂમર ગાય મને દૂધ પીવડાવવા આવતી હતી, પરંતુ હવે તે વસૂકી ગઈ છે. તેથી તમારી ધૂમર મને દૂધ પીવડાવવા આવે છે. સદ્દુ પાંડેની હજારો ગાયોમાં આ ગાય ભળી જશે અને કોઈને તેની જાણ પણ નહીં થાય.

આટલું સાંભળીને કાકા-ભત્રીજા ચાલવા લાગ્યા, ત્યાં ફરી રૂપાની ઘંટડી જેવો મધુર અવાજ સંભળાયોઃ કુંભના! તું દરરોજ મારી પાસે ખેલવા આવજે. હું તારી રાહ જોઈશ. પછી બંને કાકા-ભત્રીજાએ શિલાની પ્રદક્ષિણા કરી, દંડવત પ્રણામ કર્યા અને ધૂમર ગાયને લઈને નીચે આવ્યા. તેઓ સીધા સદ્દુ પાંડેના વાડામાં પહોંચ્યા. પોતાની ધૂમર ગાય સદ્દુ પાંડેનાં હવાલે કરતાં તેમણે કહ્યું કે, 'આ ગાય અમને તમારા રસ્તે મળી છે, તેથી તમે તેને રાખો. સદ્દુ પાંડેએ પણ તેને પોતાની ધૂમર ગાય સમજીને વાડામાં બાંધી દીધી.'

ત્યારથી આ ગાય દરરોજ

ચિત્ર સૌજન્યઃ શ્રી શ્રીનાથજી ચરિત્રામૃત (સચિત્ર)



ગિરિરાજજી ઉપર જઈ, તે શિલા પાસે પહોંચીને શિલામાં રહેલા દેવને દૂધ પીવડાવવા લાગી.

ધીમે ધીમે વાત આખા ગિરિરાજજીમાં ફેલાઈ ગઈ કે એક ગાય શિલા પર દૂધ પીવડાવે છે. ગામના મુખી સદ્દુ પાંડે અન્ય અનુભવી વ્રજવાસીઓને લઈને એ શિલા પાસે ગયા. સૌ વ્રજવાસીઓએ બળપૂર્વક એ શિલાને ખસેડી. જોયું તો શિલા નીચે સાતેક વર્ષનો શ્યામવર્ણ ધરાવતો એક બાળક રમી રહ્યો હતો. સદ્દુ પાંડેએ પૂછ્યું, 'તું કોણ છે?' ત્યારે તેણે જવાબ આપ્યો, 'હું ગિરિરાજ પર્વતનો દેવતા છું અને દેવદમન મારું નામ છે.'

સદ્દુ પાંડેએ ફરી પૂછ્યું, 'તું બહાર કેમ નથી નીકળતો?' તેના જવાબમાં બાળક બોલ્યો, 'એ માટે હજી થોડાં વર્ષોની વાર છે. આજે તમે મારા મુખના દર્શન કર્યા છે એ પૂરતું છે. મને વિભૂતિ આવીને પ્રગટ ન કરે ત્યાં સુધી તમે મને દરરોજ દૂધ, દહીં અને માખણ આરોગાવજો. સાથે તમારી નાની દીકરી નરોને પણ મોકલજો. હું તેની સાથે રમીશ.'

ત્યારબાદ સૌ આનંદભેર નીચે ઉતર્યા. એ પાવન દિવસ વિક્રમ સંવત ૧૫૩૫ (ઈ.સ. ૧૪૭૮)ની ચૈત્ર સુદ એકાદશીનો હતો. એ જ દિવસે ચંપારણ્ય (છત્તીસગઢ)માં પુષ્ટિમાર્ગના સ્થાપક શ્રી વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજીનું અગ્નિકુંડમાં પ્રાગટ્ય થયું હતું. ગિરિરાજજીમાં જે સ્વરૂપ પ્રગટ્યું તે 'સેવ્ય' બન્યું અને ચંપારણ્યમાં જે પ્રગટ્યા તે 'આચાર્ય' બન્યા.

પુષ્ટિમાર્ગના સ્થાપક શ્રી વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજીએ માધવેન્દ્ર યતિ (પૂરી) નામના વિદ્વાન સંન્યાસી પાસે અભ્યાસ કર્યો હતો. ગુરુ માધવેન્દ્ર યતિ પોતાના વિદ્યાર્થી શ્રી વલ્લભાચાર્યજીને ઈશ્વરસ્વરૂપ માનતા હતા. તેમણે આગાહી કરી હતી કે તેઓ દિગ્વિજય કરીને જગદગુરુ બનશે. વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યા પછી શ્રી વલ્લભાચાર્યજી સ્વગૃહે પરત ફર્યા અને ગુરુ માધવેન્દ્ર યતિએ પોતાનો આશ્રમ સમેટીને વ્રજ તરફ પ્રયાણ કર્યું.

વ્રજમાં ભ્રમણ કરતાં કરતાં તેઓ શ્રી ગિરિરાજજી પાસે આવ્યા અને આન્યોરમાં સદ્દુ પાંડેને મળ્યા. ત્યાં શ્રીનાથજીના મુખારવિંદની વાત નીકળી. ગુરુ માધવેન્દ્ર યતિ પણ વ્રજવાસીઓ સાથે એ મુખારવિંદના દર્શને નીકળ્યા. શિલા નીચે બિરાજતા શ્રીનાથજીના મુખારવિંદના દર્શન કરીને તેમણે પરમસુખની અનુભૂતિ કરી. ગુરુ માધવેન્દ્ર યતિએ સૂકી સામગ્રીથી ભોગ તૈયાર કરીને શ્રીનાથજીના મુખારવિંદને અર્પણ કર્યો. ત્યારે શ્રીનાથજીએ કહ્યું, 'તમારો શિષ્ય આવશે, મને બહાર કાઢશે અને જાતે ભોગ ધરાવશે; ત્યારબાદ જ હું અન્ન ગ્રહણ કરીશ. ત્યાં સુધી હું માત્ર દૂધ જ ગ્રહણ કરીશ.' ત્યારબાદ ગુરુ માધવેન્દ્ર યતિ તળેટીમાં જ એક ઝૂંપડું બનાવીને રહેવા લાગ્યા.

આ તરફ વિક્રમ સંવત ૧૫૪૯ (ઈ.સ. ૧૪૯૨)ના ફાગણ સુદ એકાદશીના દિવસે આજ્ઞા થઈ કે, 'અમે શ્રી ગોવર્ધનધર સ્વરૂપે ગિરિરાજની કંદરામાં બિરાજીએ છીએ. તમે વ્રજમાં પધારીને અમને પ્રગટ કરો અને અમારી સેવાનો ક્રમ સ્થાપિત કરો.'



લગભગ પાંચ મહિના પછી શ્રી વલ્લભાચાર્યજી શ્રાવણ માસના શુક્લ પક્ષની બારસના દિવસે સંધ્યા સમયે સદ્દુ પાંડેના ઘરના ઓટલા પર આવીને બિરાજ્યા. એટલામાં જ મધુર સ્વર સંભળાયો, 'નરો, મારુ દૂધ લાવો.' ત્યારે નરોએ જવાબ આપ્યો, 'મહેમાનો આવ્યા છે. તેમની આગતા-સ્વાગતા કરીને દૂધ લાવીશ.' પરંતુ શ્રીનાથજીએ ફરી કહ્યું, 'પહેલા મને દૂધ આપી જા.' નરોએ શ્રી વલ્લભાચાર્યજીને કહ્યું, 'પર્વતના દેવને દૂધ પીવડાવીને હું તરત જ આવું છું.' નરો પાછી આવી ત્યારે શ્રી વલ્લભાચાર્યજીએ કહ્યું, 'એ કટોરામાં જે દૂધ બચ્યું હોય તે મને આપી દે.' ત્યારબાદ તેમણે એ કટોરામાં રહેલું વધેલું દૂધ



પ્રસાદરૂપે ગ્રહણ કર્યું.

બીજે દિવસે, એટલે કે વિક્રમ સંવત ૧૫૪૯ (ઈ.સ. ૧૪૯૨)ના ફાગણ સુદ તેરસના દિવસે, શ્રીનાથજીને ગિરિકંદરામાંથી બહાર કાઢીને પાટ પર બિરાજમાન કરવામાં આવ્યા. ત્યારબાદ શ્રી વલ્લભાચાર્યજીએ પૂછ્યું, 'તમારામાંથી સેવા કરવા કોણ તૈયાર છે?'

ત્યારે બધા વ્રજવાસીઓએ જવાબ આપ્યો, અમે તો ગાયો ચરાવનારા અને ખેતી કરનારા લોકો છીએ. અમારાથી સેવા નહીં થાય. પછી શ્રી વલ્લભાચાર્યજીએ રામદાસ ચૌહાણને બોલાવીને શ્રીનાથજીની સેવાની જવાબદારી સોંપી. શ્રીનાથજી નાની ઝૂંપડીમાં બિરાજમાન



થયા અને નિયમિત સેવા-પ્રકારનો પ્રારંભ થયો.

ત્રણ વર્ષ પછી, એટલે કે વિક્રમ સંવત ૧૫૫૨માં, મુસ્લિમ બાદશાહની ફોજ શ્રી ગિરિરાજજી પર આક્રમણ કરવા માટે આગળ વધી રહી હતી. તે સમયે શ્રીનાથજીને 'ટોંડના ઘના' (જતીપુરાથી ગુલાલકુંડ થઈને જવાય છે) ખાતે પધરાવવામાં આવ્યા. મુસ્લિમ બાદશાહની સેના પરત ફરી ગયા પછી શ્રીનાથજી ફરીથી ગિરિરાજજી પર આવેલા પોતાના ઝૂંપડીરૂપ મંદિરમાં પધાર્યા.



વિક્રમ સંવત ૧૫૫૬ના ચૈત્ર સુદ બીજના દિવસે અંબાલા (હરિયાણા)ના પૂરણમલ ક્ષત્રિયને સ્વપ્નમાં વિશાળ મંદિર બનાવવાની આજ્ઞા થઈ. પૂરણમલ આન્યોર આવીને શ્રી વલ્લભાચાર્યજીને મળ્યા અને તેમને પ્રાપ્ત થયેલી આજ્ઞાની સમગ્ર વાત જણાવી.

શ્રીનાથજીની ઈચ્છા અનુસાર ગિરિરાજજી ઉપર શિખરબંધ, ધજા અને કળશવાળું મંદિર તૈયાર કરવામાં આવ્યું. અનેક પ્રકારની સગવડો ધરાવતું વિશાળ મંદિર કળશ, ચક્ર અને ધ્વજા સાથે પૂર્ણ થતાં વિ.સં. ૧૫૭૬ (ઈ.સ. ૧૫૧૯)ના વૈશાખ સુદ ત્રીજ, અક્ષય તૃતીયાના શુભ દિવસે શ્રીનાથજીને અત્યંત ધામધૂમ અને વૈદિક વિધિપૂર્વક નવા મંદિરમાં બિરાજમાન કરવામાં આવ્યા.

શ્રીનાથજીની સેવામાં કીર્તનકારો, વાદકો, અધિકારીજી, મુખીયાજી વગેરેનો ઉમેરો થતો ગયો, તેમ ગાયોની સંખ્યામાં પણ વધારો થતો ગયો. આ ગાયોની સંભાળ માટે ગુલાલકુંડના રસ્તે વિશાળ ગૌશાળા બંધાવવામાં આવી. ૪૭ વર્ષ પછી, વિ.સં. ૧૬૨૩ના મહા વદ સાતમના દિવસે, મથુરાના સતઘરામાં શ્રીનાથજીને પધરાવવામાં આવ્યા. લગભગ ત્રણ મહિના સતઘરામાં બિરાજ્યા બાદ



તેઓ ફરી ગિરિરાજજી પરત પધાર્યા.

વિ.સં. ૧૭૨૩ (ઈ.સ. ૧૬૬૬)ની આસપાસ ધર્મઝનૂની મોગલ બાદશાહોના ત્રાસથી મંદિરો તૂટવા લાગ્યાં અને ફરજિયાત ધર્માંતરણનું પ્રમાણ વધવા લાગ્યું. વૃંદાવન અને મથુરાનાં અનેક પ્રસિદ્ધ મંદિરોનો ઔરંગઝેબ નાશ કરી ચૂક્યો હતો. આવા સંજોગોમાં વિ.સં. ૧૭૨૫ (ઈ.સ. ૧૬૬૮)ની શરદ પૂનમના દિવસે શ્રીનાથજી રથમાં બિરાજીને ગિરિરાજજીથી રવાના થયા.



રાત્રિના પ્રવાસ દરમિયાન 'બુઢા બાબુ' (મહાદેવજી) મશાલ લઈને શ્રીનાથજીના રથની આગળ-આગળ ચાલતા હતા. પોતાના નાથની આ દિવ્ય લીલામાં સહભાગી થવાનું સૌભાગ્ય મહાદેવજીને કેટલી તપશ્ચર્યા પછી પ્રાપ્ત થયું હશે! મુકામ કરતાં કરતાં રથ મેવાડ તરફ આગળ વધ્યો.

શ્રીનાથજીના રથનો મેવાડમાં પ્રવેશ થતાં જ ઉદયપુરના મહારાણા રાજસિંહજી ઉદયપુરથી આવી પહોંચ્યા અને માર્ગમાં જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને શ્રીનાથજીના દર્શન કર્યાં. તેમણે એક હજાર સુવર્ણ મુદ્રાઓ ભેટરૂપે અર્પણ કરી. શ્રીનાથજીના મેવાડ પધારતા પહેલાં શ્રી દ્વારકાધીશજી અને શ્રી બાળકૃષ્ણજી વ્રજ છોડીને મેવાડમાં પધારી ચૂક્યા હતા, જ્યારે શ્રી વિઠ્ઠલનાથજી સિંહાડની બાજુમાં આવેલા ગામમાં બિરાજમાન હતા.



શ્રીનાથજીનો રથ સિંહાડ (હાલનું નાથદ્વારા) ખાતે આવીને અટકી ગયો. રથનું પૈડું જમીનમાં ખૂંપી ગયું. અનેક પ્રયત્નો અને ઉપાયો કરવા છતાં પૈડું બહાર ન નીકળ્યું. ત્યારબાદ શ્રીનાથજીએ અહીં જ મંદિર સિદ્ધ કરવાની આજ્ઞા કરી. આ આજ્ઞા અનુસાર મંદિર નિર્માણનું કાર્ય શરૂ કરવામાં આવ્યું.

અંતે વિ.સં. ૧૭૨૮ (ઈ.સ. ૧૬૭૧)ના મહા વદ સાતમના દિવસે શ્રીનાથજી નવા મંદિરમાં બિરાજમાન થયા. વ્રજમાંથી પ્રસ્થાન કર્યા પછી બે વર્ષ અને ચાર મહિના સુધી શ્રીનાથજી રથમાં બિરાજ્યા હતા. શ્રીનાથજી સાથે આવેલા 'બુઢા બાબુ' (મહાદેવજી) આજે પણ શ્રીનાથજીના મંદિરની બહાર બિરાજમાન છે.

આ જ મંદિર આજે નાથદ્વારા તરીકે પ્રસિદ્ધ છે. છેલ્લા ૩૫૫ વર્ષથી નાથદ્વારામાં શ્રીનાથજી પ્રગટ સ્વરૂપે બિરાજમાન રહીને અસંખ્ય વૈષ્ણવોને કૃપા અને દર્શનનો લાભ આપી રહ્યા છે.

**શ્રીનાથજી મંદિરના રોચક તથ્યો**

રાજસ્થાનના નાથદ્વારામાં આવેલું શ્રીનાથજી મંદિર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું સર્વોચ્ચ આસ્થાધામ છે. વિશ્વભરમાં કરોડો


Read online : www.feelingsmultimedia.com

ભક્તોની શ્રદ્ધાનું કેન્દ્ર બનેલા આ મંદિરમાં અનેક એવી વિશેષતાઓ છે, જે તેને અન્ય મંદિરો કરતાં અલગ અને અનોખું બનાવે છે. આવો જાણીએ શ્રીનાથજી મંદિર સાથે જોડાયેલા રસપ્રદ તથ્યો વિશે.

**કૃષ્ણ જન્મોત્સવે ૨૧ તોપોની સલામી**

શ્રીનાથજીમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી અનોખી રીતે કરવામાં આવે છે. જન્માષ્ટમીના દિવસે રાત્રે બરાબર ૧૨ વાગ્યે ૨૧ તોપોની સલામી આપવામાં આવે છે. મંદિર પરિસરમાં બ્યુગલ અને બેન્ડના નાદ સાથે ભગવાનના પ્રાગટ્યનો ઉત્સવ હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવે છે.

**બાળસ્વરૂપે બિરાજમાન શ્રીનાથજી**

શ્રીનાથજીની પ્રતિમા ભગવાન કૃષ્ણના એ દિવ્ય સ્વરૂપનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે તેમણે પોતાની ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ધારણ કર્યો હતો. કાળા આરસના પથ્થરમાંથી નિર્મિત આ પ્રતિમામાં ડાબો હાથ ઊંચો ઉઠેલો છે અને જમણો હાથ કમર પર ટકાવેલો છે. પ્રતિમા સાથે સિંહ, ગાયો, પોપટ અને મોરનાં શિલ્પો પણ દર્શાવવામાં આવ્યા છે, જ્યારે ત્રણ ઋષિઓનાં ચિત્રો તેની શોભા વધારે છે.

**દિવસમાં આઠ વખત થાય છે સેવા-પૂજા**

પુષ્ટિમાર્ગના આરાધ્ય દેવ તરીકે શ્રીનાથજીની સેવા વિશેષ મહત્વ ધરાવે છે. શ્રી વલ્લભાચાર્યજી દ્વારા સ્થાપિત આ સંપ્રદાયમાં ભગવાનને જીવંત બાળક માનીને તેમની સેવા કરવામાં આવે છે. તેથી અહીં દિવસ દરમિયાન આઠ અલગ-અલગ દર્શન અને સેવા-પૂજાની પરંપરા છે. આ વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા શ્રી વલ્લભાચાર્યજીના પુત્ર ગોસ્વામી શ્રી વિઠ્ઠલનાથજીએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

**શ્રીનાથજીની દાઢી પર જડાયેલો હીરો**

શ્રીનાથજીના હોઠની નીચે આવેલી દાઢી પર એક કિંમતી હીરો જડાયેલો છે. લોકવાયકા અનુસાર આ હીરો મુઘલ શાસક ઔરંગઝેબની માતાએ ભેટરૂપે અર્પણ કર્યો હતો. આ પ્રસંગ સાથે જોડાયેલી અનેક લોકકથાઓ આજે પણ ભક્તોમાં પ્રચલિત છે

**મંદિરની સંપત્તિ પર મંદિરનો જ અધિકાર**

ઈ.સ. ૧૯૩૪માં ઉદયપુર રાજ્યના શાસકે આદેશ જાહેર કરીને મંદિર સાથે સંકળાયેલી તમામ મિલકતો મંદિરની માલિકીની ગણાવી હતી. તે સમયે તિલકાયત મહારાજને મંદિરના સંરક્ષક, ટ્રસ્ટી અને વ્યવસ્થાપક તરીકે માન્યતા આપવામાં આવી હતી. મંદિરની સેંકડો સંપત્તિઓનું યોગ્ય સંચાલન થાય તે માટે વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

**પિછવાઈ કળાનું વિશ્વવિખ્યાત કેન્દ્ર**

નાથદ્વારા પિછવાઈ કળા માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. મંદિરની દીવાલો અને શણગારમાં જોવા મળતી આ વિશિષ્ટ ચિત્રકલા ભગવાન શ્રીનાથજીના વિવિધ ઉત્સવો, ઋતુઓ અને લીલાઓનું સુંદર નિરૂપણ કરે છે. કપડા, કાગળ અને કુદરતી રંગોના ઉપયોગથી તૈયાર થતી પિછવાઈ કૃતિઓ ભારતીય કલાસંસ્કૃતિની અમૂલ્ય ધરોહર ગણાય છે.

**મંદિરને દાનમાં મળ્યાં છે ૩૦ ગામો**

પરંપરાગત માન્યતાઓ અનુસાર મંદિરને વિવિધ રાજવીઓ દ્વારા આશરે ૩૦ ગામો દાનરૂપે મળ્યા હતા. અહીં દરરોજ વિશાળ પ્રમાણમાં ભોગ તૈયાર થાય છે અને ભક્તોમાં તેનું વિતરણ કરવામાં આવે છે. શ્રીનાથજીને છપ્પન ભોગ ધરાવવાની પરંપરા પણ વિશેષ લોકપ્રિય છે

**દેશના સમૃદ્ધ મંદિરોમાં સ્થાન**

નાથદ્વારાનું શ્રીનાથજી મંદિર ભારતના સૌથી સમૃદ્ધ અને પ્રભાવશાળી મંદિરોમાંનું એક માનવામાં આવે છે. પુષ્ટિમાર્ગનું મુખ્ય પીઠસ્થાન હોવાના કારણે દેશ-વિદેશમાંથી લાખો ભક્તો અહીં દર્શનાર્થે આવે છે. આ મંદિરની ગણના દેશના અગ્રણી ધાર્મિક કેન્દ્રોમાં થાય છે.

**ભગવાનને અર્પણ થાય છે રમકડાં**

શ્રીનાથજીને બાલકૃષ્ણ સ્વરૂપે પૂજવામાં આવતા હોવાથી ભક્તો અહીં રમકડાં પણ અર્પણ કરે છે. ઘણા ભક્તો ચાંદીમાંથી બનાવેલી ગાયો, પશુઓ અને ગૌચરના પ્રતિકરૂપે નાનાં ઉપહારો પણ ચઢાવે છે. ભગવાન પ્રત્યેની આ નિર્દોષ ભાવના મંદિરની અનોખી પરંપરાને ઉજાગર કરે છે.

**શ્રીનાથદ્વારાની યાત્રાનું વિશેષ મહાત્મ્ય**

વૈષ્ણવ પરંપરામાં શ્રીનાથદ્વારાની યાત્રાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. એવી માન્યતા છે કે ભારતના પ્રખ્યાત વૈષ્ણવ તીર્થોના દર્શન બાદ જો ભક્ત શ્રીનાથજીના દર્શન કરે તો તેની યાત્રા પૂર્ણ અને ફળદાયી બને છે.

**શ્રદ્ધા અને સંસ્કૃતિનું અનોખું સંગમ**

શ્રીનાથજી મંદિર માત્ર એક ધાર્મિક સ્થળ નથી, પરંતુ ભક્તિ, કલા, પરંપરા અને સંસ્કૃતિનું જીવંત કેન્દ્ર છે. અહીંની સેવાપદ્ધતિ, ઉત્સવો, પિછવાઈ કળા અને અવિરત ભક્તિભાવ કરોડો શ્રદ્ધાળુઓને પોતાની તરફ આકર્ષે છે. નાથદ્વારાનું આ પવિત્ર ધામ આજે પણ પુષ્ટિમાર્ગની વૈભવી પરંપરાને જીવંત રાખીને વિશ્વભરના ભક્તો માટે આસ્થાનું અનન્ય પ્રતીક બની રહ્યું છે.



ફીલિંગ્સ ટીમ



# આસ્થા, ઈતિહાસ અને અપરંપાર મહિમાની ગાથા
# શ્રી સાંવરિયા શેઠ મંદિર

રાજસ્થાનના ચિત્તૌડગઢ જિલ્લામાં આવેલું 'સાંવરિયા શેઠ' મંદિર દેશભરના કૃષ્ણભક્તો માટે અતિ પવિત્ર અને આસ્થાનું કેન્દ્ર છે. ભગવાન શ્રીકૃષ્ણના 'શ્યામવર્ણ' સ્વરૂપને સમર્પિત આ મંદિર માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ સાંસ્કૃતિક અને સામાજિક દૃષ્ટિએ પણ વિશેષ મહત્વ ધરાવે છે. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ અહીં દર્શન કરવા આવે છે અને પોતાની મનોકામનાઓ પૂર્ણ થવાની આશા સાથે સાંવરિયા શેઠના ચરણોમાં શીશ નમાવે છે. આજે આ મંદિર રાજસ્થાનના સૌથી લોકપ્રિય કૃષ્ણ મંદિરોમાંનું એક ગણાય છે.

**મંદિરનો ઈતિહાસઃ** આ મંદિરના ઈતિહાસ સાથે એક લોકપ્રચલિત કથા જોડાયેલી છે. કહેવાય છે કે લગભગ ચારસો વર્ષ પહેલાં એક ગોપાલકને સ્વપ્નમાં ભગવાન શ્રીકૃષ્ણે દર્શન આપ્યા અને એક વિશેષ સ્થળે પોતાની મૂર્તિઓ દટાયેલી હોવાની જાણકારી આપી. ગોપાલકે ગામલોકોની મદદથી તે સ્થળે ખોદકામ કરાવ્યું, જ્યાંથી ભગવાન શ્રીકૃષ્ણની અદ્‌ભૂત મૂર્તિઓ પ્રગટ થઈ.

ભગવાનના આ શ્યામવર્ણ સ્વરૂપને કારણે તેમને સાંવરિયા અથવા સાંવલિયા તરીકે ઓળખવામાં આવ્યા. સમય જતાં ભક્તોમાં આ સ્વરૂપ પ્રત્યે અખૂટ શ્રદ્ધા વિકસી અને મંદિરની ખ્યાતિ સમગ્ર દેશમાં પ્રસરી.

**મીરાબાઈ સાથેનો સંબંધઃ** લોકમાન્યતાઓ અનુસાર, સાંવરિયા શેઠ એ જ મીરાબાઈના ગિરધર ગોપાલ છે, જેમની મીરાબાઈ અખંડ ભક્તિપૂર્વક ઉપાસના કરતા હતા.

કહેવાય છે કે મીરાબાઈ સંત-મહાત્માઓની જમાત સાથે આ મૂર્તિઓને લઈને યાત્રા કરતી હતી. આવી જ એક જમાતમાં સંત દયારામજી હતા, જેમની પાસે આ દિવ્ય મૂર્તિઓ હતી.

**મૂર્તિઓનું પ્રાકટ્યઃ** વર્ષ ૧૮૪૦માં મંડફિયા ગામના ભોળારામ ગુર્જર નામના ગોપાલકને સ્વપ્ન આવ્યું કે ભાદસોડા-બાગુંડના છાપર વિસ્તારમાં ચાર મૂર્તિઓ જમીનમાં દટાયેલી છે. સ્વપ્નના આધારે જ્યારે તે સ્થળે ખોદકામ કરવામાં આવ્યું ત્યારે ભોળારામનું સ્વપ્ન સાચું સાબિત થયું અને ત્યાંથી ચાર અતિ સુંદર મૂર્તિઓ પ્રગટ થઈ.

આ સમાચાર ઝડપથી સમગ્ર વિસ્તારમાં પ્રસરી ગયા અને મોટી સંખ્યામાં લોકો દર્શન માટે ઉમટી પડ્યા. ત્યારબાદ સર્વસંમતિથી સૌથી મોટી મૂર્તિને ભાદસોડા ગામ લઈ જવામાં આવી. આ મંદિર આજે 'સાંવરિયા શેઠ પ્રાચીન મંદિર' તરીકે ઓળખાય છે.

બીજી મૂર્તિને જ્યાંથી તે પ્રગટ થઈ હતી, તે જ સ્થળે સ્થાપિત કરવામાં આવી. આ મંદિર આજે 'પ્રાકટ્ય સ્થળ મંદિર' તરીકે પ્રસિદ્ધ છે.

સૌથી નાની મૂર્તિને ભોળારામ ગુર્જર પોતાના ગામ મંડફિયા લઈ ગયા અને પોતાના નિવાસસ્થાને સ્થાપિત કરીને તેની નિયમિત પૂજા શરૂ કરી. ચોથી મૂર્તિ બહાર કાઢતી વખતે ખંડિત થઈ જતાં તેને ફરીથી તે જ સ્થળે પધરાવી દેવામાં આવી.

સમય જતાં ત્રણેય સ્થળોએ ભવ્ય મંદિરોનું નિર્માણ થયું અને તેમની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાઈ. આજે પણ દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ શ્રી સાંવરિયા શેઠના દર્શન કરવા આવે છે અને તેમની કૃપા પ્રાપ્ત કરે છે.

**'સાંવરિયા શેઠ' નામ પાછળનું કારણઃ** ભગવાન શ્રીકૃષ્ણને અહીં 'સાંવરિયા શેઠ' તરીકે ઓળખવામાં આવે છે. 'સાંવરિયા' એટલે શ્યામવર્ણ અને 'શેઠ' એટલે ધન-સંપત્તિના સ્વામી. ભક્તોમાં એવી માન્યતા છે કે ભગવાન સાંવરિયા શેઠ પોતાના ભક્તોને સુખ, સમૃદ્ધિ અને વૈભવ પ્રદાન કરે છે.

વેપારીઓ અને ઉદ્યોગપતિઓ ખાસ કરીને પોતાના નવા વ્યવસાયની શરૂઆત પહેલાં અહીં દર્શન કરવા આવે છે. અનેક લોકો તેમને પોતાના વ્યવસાયિક ભાગીદાર તરીકે પણ માને છે અને તેમની કૃપાથી સફળતા પ્રાપ્ત થતી હોવાની શ્રદ્ધા ધરાવે છે. મંદિરમાં ભક્તો દ્વારા રોકડ રકમ, સોનાં-ચાંદીના આભૂષણો અને વિવિધ ભેટો અર્પણ કરવામાં આવે છે.

**ધાર્મિક મહત્વઃ** સાંવરિયા શેઠ મંદિર કૃષ્ણભક્તિનું જીવંત કેન્દ્ર છે. અહીં દરરોજ હજારો ભક્તો ભગવાનના દર્શન માટે આવે છે. મંદિરની આરતી, ભજન-કીર્તન અને વિશેષ પૂજાઓ ભક્તોને આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરાવે છે.

જન્માષ્ટમી, અન્નકૂટ, હોળી અને દિવાળી જેવા તહેવારો દરમિયાન મંદિરને વિશેષ રીતે શણગારવામાં આવે છે. ખાસ કરીને શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પર્વે અહીં ભવ્ય ઉજવણી થાય છે, જેમાં લાખો શ્રદ્ધાળુઓ ભાગ લે છે. ભગવાનના અલૌકિક શૃંગાર અને ભવ્ય દર્શન ભક્તોને મંત્રમુગ્ધ કરી દે છે.

**સ્થાપત્ય અને ભવ્યતાઃ** મંદિરનું સ્થાપત્ય રાજસ્થાની કળા અને આધુનિક સુવિધાઓનું સુંદર સંયોજન છે.

**સામાજિક અને આર્થિક યોગદાનઃ** સાંવરિયા શેઠ મંદિર માત્ર ધાર્મિક કેન્દ્ર જ નથી, પરંતુ આસપાસના વિસ્તારના વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. લાખો યાત્રાળુઓના આગમનથી સ્થાનિક વેપાર, હોટેલ ઉદ્યોગ, પરિવહન અને અન્ય વ્યવસાયોને પ્રોત્સાહન મળે છે.

આમ આ મંદિરની અદ્‌ભૂત કથા ભક્તિ, ચમત્કાર, શ્રદ્ધા અને ભગવાન પ્રત્યેના અખંડ વિશ્વાસનું જીવંત પ્રતીક સૌને પોતાની તરફ આકર્ષે છે.



II Shree Satya II
DAMODARDAS
JEWELLERS
DMC Group SINCE 1961
સાદગીમાં પણ એક અલગ જ ચમક
અલકાપુરી આર્કેડ, અલકાપુરી, વડોદરા. ફોનઃ ૮૭૫૮૫ ૭૮૭૮૭
એમ.જી.રોડ, માંડવી, વડોદરા. ફોનઃ ૯૦૯૯૦ ૭૦૧૫૧



પ્રદીપ ત્રિવેદી

## ઈતિહાસ, રોમાંચ અને રેકોર્ડ્સનો મહાસંગમ

# ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬

ધરાને ધ્રુજાવતો, ખેલાડીઓ અને રેફરીઓને હંફાવતો તેમજ સ્ટેડિયમોને હોકારા, પડકારા અને દેકારાથી ગજાવતો ફૂટબોલની રમતનો મહાકુંભ એટલે 'ફિફા વર્લ્ડ કપ.' ૧૧ જૂન, ૨૦૨૬થી ૧૯ જુલાઈ, ૨૦૨૬ સુધી કુલ ૩૯ દિવસ ચાલનારો આ મહોત્સવ વિશ્વભરના કરોડો રમતપ્રેમીઓને જકડી રાખશે.

ફિફા વર્લ્ડ કપના ઈતિહાસમાં ખેલાડીઓ અને રેફરીઓ દ્વારા અંદાજે ૨૮,૬૦૦ કિલોમીટરની દોડાદોડી થકી ૨૩મા વર્લ્ડ કપનો વિશ્વવિજેતાનો તાજ કોના શિરે શોભશે તે જોવા સૌ આતુર છે. આ અંતર મુંબઈથી ન્યૂયોર્ક સુધી સાત વખતની મુસાફરી અથવા અમેરિકા, કેનેડા અને મેક્સિકોના યજમાન શહેરોની લગભગ પંદર વખત મુલાકાતના જેટલું થાય. આ રીતે ફિફા વર્લ્ડ કપ-૨૦૨૬ ઈતિહાસનો સૌથી વધુ દોડધામભર્યો અને હંફાવનારો વિશ્વકપ ગણી શકાય.

ફિફા વર્લ્ડ કપ-૨૦૨૬નું અંદાજિત કુલ બજેટ લગભગ ૧૪ બિલિયન ડોલર, એટલે કે ૧૧.૫ લાખ કરોડ રૂપિયા છે. આ બજેટ આ વર્ષે વર્લ્ડ કપમાં ભાગ લઈ રહેલા કેટલાક દેશો જેવા કે કેપ વર્ડે, હૈતી, જોર્ડન, પનામા, ઉઝબેકિસ્તાન, ઘાના અને ટ્યુનિશિયાના વાર્ષિક બજેટ કરતાં પણ વધુ છે.

વિશ્વમાં સૌથી વધુ દેશોમાં રમાતી અને સૌથી લોકપ્રિય રમત ગણાતી ફૂટબોલની આ વૈશ્વિક સ્પર્ધાને અંદાજે ૬૦૦ કરોડથી વધુ દર્શકો માણશે. વિશ્વનો શ્રેષ્ઠ ફૂટબોલ દેશ કોણ તે નક્કી કરવા માટે ફિફા દ્વારા ૧૯૩૦થી દર ચાર વર્ષે આ ભવ્ય ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે.

૧૯૦૪માં સ્થાપિત થયેલી ફિફાએ ૧૯૨૮માં વિશ્વ ચેમ્પિયનશિપ યોજવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. ત્યારબાદ ૧૯૩૦માં સ્વતંત્રતાની શતાબ્દી ઉજવી રહેલા અને સતત બે વખત ઓલિમ્પિક ચેમ્પિયન રહેલા ઉરુગ્વેમાં પ્રથમ વિશ્વકપ યોજાયો હતો. તેમાં ૧૩ દેશોએ ભાગ લીધો હતો. કુલ ૧૮ મેચોમાં ૭૦ ગોલ નોંધાયા હતા. આર્જેન્ટિનાના ગુલિર્મો સ્ટેબિલેએ સૌથી વધુ ૮ ગોલ નોંધાવ્યા હતા, જ્યારે વિશ્વકપના ઈતિહાસનો પ્રથમ ગોલ ફ્રાન્સના લ્યુસિયન લોરાંએ મેક્સિકો સામે કર્યો હતો. યજમાન ઉરુગ્વેએ પ્રથમ વિશ્વકપ જીતવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.

આ વર્ષે ૨૩મા ફિફા વર્લ્ડ કપનું આયોજન અમેરિકા, મેક્સિકો અને કેનેડાના સંયુક્ત યજમાનપદ હેઠળ થઈ રહ્યું છે. ફિફા વર્લ્ડ કપના ઈતિહાસમાં પ્રથમ વખત ત્રણ દેશોના સહયજમાનપદ હેઠળ ટુર્નામેન્ટ યોજાઈ રહી છે. અગાઉ માત્ર ૨૦૦૨નો વિશ્વકપ જાપાન અને દક્ષિણ કોરિયાના સંયુક્ત યજમાનપદ હેઠળ યોજાયો હતો.

આ ત્રણ યજમાન દેશોમાં મેક્સિકો એવો પ્રથમ દેશ બનશે જ્યાં ત્રીજી વખત (૧૯૭૦, ૧૯૮૬ અને ૨૦૨૬) વિશ્વકપ યોજાશે. અમેરિકા ૧૯૯૪ પછી બીજી વખત યજમાન બનશે, જ્યારે કેનેડા પ્રથમ વખત આ સ્પર્ધાનું આયોજન કરશે.

૧૧ જૂનથી શરૂ થયેલ આ ટુર્નામેન્ટ ૧૯ જુલાઈ, ૨૦૨૬ સુધી અમેરિકા, મેક્સિકો અને કેનેડાનાં કુલ ૧૬ શહેરોમાં રમાશે. તેમાં અમેરિકાના ૧૧, મેક્સિકોના ૩ અને કેનેડાના ૨ શહેરોનો સમાવેશ થાય છે. કુલ ૧૦૪ મેચોમાંથી ૭૮ મેચ અમેરિકા, જ્યારે મેક્સિકો અને કેનેડામાં ૧૩-૧૩ મેચ રમાશે.

ફિફા વર્લ્ડ કપના ૯૬ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત ૪૮ ટીમો ભાગ લઈ રહી છે. ૧૯૩૦માં માત્ર ૧૩ ટીમો હતી. ત્યારબાદ ૧૯૩૪થી ૧૯૭૮ સુધી ૧૬, ૧૯૮૨થી ૧૯૯૪ સુધી ૨૪ અને ૧૯૯૮થી ૨૦૨૨ સુધી ૩૨ ટીમો ભાગ લેતી હતી. આ વર્ષે કેપ વર્ડે, કુરાકાઓ, જોર્ડન અને ઉઝબેકિસ્તાન જેવી ચાર ટીમો પ્રથમ વખત વિશ્વકપ રમશે. બીજી તરફ ચાર વખતની વિશ્વ ચેમ્પિયન ઈટાલી સતત ત્રીજી વખત ક્વોલિફાય થઈ શકી નથી. ૪૮માંથી ૨૬ ટીમો એવી છે, જેઓ ૨૦૨૨નો વર્લ્ડ કપ રમી ચૂકી છે.

ફિફા વર્લ્ડ કપના ઈતિહાસમાં પ્રથમ વખત ઉદ્ઘાટન સમારોહ ત્રણ દેશોના ત્રણ શહેરોમાં બે દિવસ દરમિયાન યોજાશે. પ્રથમ ઉદ્ઘાટન ૧૧ જૂન, ૨૦૨૬ના રોજ મેક્સિકોના એસ્ટાડિયો બાનોર્ટે સ્ટેડિયમમાં યોજાશે.









ત્યારબાદ ૧૨ જૂનના રોજ કેનેડાના ટોરોન્ટો સ્થિત BMO ફિલ્ડ અને અમેરિકાના લોસ એન્જલસ સ્થિત સોફી સ્ટેડિયમ ખાતે ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે.

ફિફા વર્લ્ડ કપ-૨૦૨૬ના સત્તાવાર માસ્કોટ મેપલ, ઝાયુ અને કલચ છે. મેપલ એક મૂઝ, ઝાયુ એક જગુઆર અને કલચ એક બાલ્ડ ઈગલ છે જે અનુક્રમે કેનેડા, મેક્સિકો અને અમેરિકાનુ પ્રતિનિધિત્વ કરે છે.

આ ટુર્નામેન્ટ માટે એડિડાસ દ્વારા ખાસ તૈયાર કરાયેલ સત્તાવાર બોલ 'એડિડાસ ટ્રિઓન્ડા' તરીકે ઓળખાશે. તેમાં લાલ, લીલો અને વાદળી રંગનો ઉપયોગ કરીને ત્રણેય યજમાન દેશોનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું છે. બોલની ડિઝાઈનમાં કેનેડાનું મેપલ પર્ણ, મેક્સિકોનો સોનેરી ગરૂડ અને અમેરિકાનો ફાઈવ-પોઈન્ટેડ સ્ટાર દર્શાવવામાં આવ્યો છે.

આ ૨૩મા ફિફા વર્લ્ડ કપની કુલ ઈનામી રકમ ૮૭૧ મિલિયન ડોલર છે, જે અગાઉની ટુર્નામેન્ટની સરખામણીએ ૪૩૧ મિલિયન ડોલર વધુ છે.

૨૦૨૬ના વિશ્વકપ વિજેતાને ૫૦ મિલિયન ડોલરનું ઈનામ મળશે, જે ૨૦૨૨ના વિશ્વકપ કરતાં ૮ મિલિયન ડોલર વધુ છે. રનર્સ-અપ ટીમને ૩૩ મિલિયન ડોલર, ત્રીજા સ્થાને રહેનારી ટીમને ૨૯ મિલિયન ડોલર અને ચોથા સ્થાને રહેનારી ટીમને ૨૭ મિલિયન ડોલર મળશે. આ ઉપરાંત અન્ય ક્રમની ટીમોને પણ તેમના સ્થાન અનુસાર લાખો ડોલરની ઈનામી રકમ આપવામાં આવશે.

તદ્‌ઉપરાંત વ્યક્તિગત પુરસ્કારો પણ અપાશે. સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીને 'ગોલ્ડન બૂટ', શ્રેષ્ઠ ગોલકીપરને 'ગોલ્ડન ગ્લોવ' અને શ્રેષ્ઠ ખેલાડીને 'ગોલ્ડન બોલ' એવોર્ડ આપવામાં આવશે. ૨૧ વર્ષથી ઓછી ઉંમરના શ્રેષ્ઠ ખેલાડીને 'ફિફા યંગ પ્લેયર એવોર્ડ' તથા શ્રેષ્ઠ શિસ્તબદ્ધ ટીમને 'ફિફા ફેર પ્લે ટ્રોફી' એનાયત કરવામાં આવશે.

આ વર્લ્ડ કપના યજમાન દેશોમાં મેક્સિકોનો અનુભવ સૌથી વધુ રહ્યો છે. મેક્સિકોએ અત્યાર સુધી ૧૭ ફિફા વર્લ્ડ કપમાં ભાગ લીધો છે. કુલ ૬૦ મેચોમાં તેણે ૧૭ જીત, ૧૫ ડ્રો અને ૨૮ પરાજય નોંધાવ્યા છે. મેક્સિકોએ કુલ ૬૨ ગોલ કર્યા છે જ્યારે ૧૦૧ ગોલ આપ્યા છે.

અમેરિકાએ અત્યાર સુધી ૧૧ વર્લ્ડ કપમાં ભાગ લીધો છે. કુલ ૩૭ મેચોમાં તેણે ૯ જીત, ૮ ડ્રો અને ૨૦ પરાજય મેળવ્યા છે. અમેરિકાએ ૪૦ ગોલ કર્યા છે અને ૬૬ ગોલ આપ્યા છે.

કેનેડાએ પ્રથમ વખત ૧૯૮૬માં વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું હતું અને અત્યાર સુધી કુલ બે વર્લ્ડ કપ રમ્યું છે. તેણે કુલ ૬ મેચો રમી છે અને તમામમાં પરાજય થયો છે. કેનેડાએ ૨ ગોલ કર્યા છે જ્યારે ૧૨ ગોલ આપ્યા છે. તે હજી સુધી ગ્રૂપ સ્ટેજથી આગળ વધી શક્યું નથી.

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬માં અનેક સ્ટાર અને લિજેન્ડરી ખેલાડીઓ ચાહકોના આકર્ષણનું કેન્દ્ર બનવાના છે. કેટલાક ખેલાડીઓ છેલ્લા બે દાયકાથી વિશ્વ ફૂટબોલ પર રાજ કરી રહ્યા છે, જ્યારે કેટલાક યુવા ખેલાડીઓ ભવિષ્યના સુપરસ્ટાર તરીકે ઉભરી રહ્યા છે. ચાલો, આવા કેટલાક ખાસ ખેલાડીઓ પર નજર કરીએ.



**કાયલિયન એમબાપ્પે**

ફ્રાન્સનો ૨૭ વર્ષીય ફોરવર્ડ કાયલિયન એમબાપ્પે વિશ્વ ફૂટબોલના સૌથી ખતરનાક આક્રમક ખેલાડીઓમાંનો એક ગણાય છે. ૨૦૧૮ના વર્લ્ડ કપની ફાઈનલમાં માત્ર ૧૯ વર્ષની વયે ગોલ કરીને તે પેલે પછી ફાઈનલમાં ગોલ કરનાર સૌથી યુવા ખેલાડીઓમાં સ્થાન પામ્યો હતો.

પોતાના પ્રથમ વર્લ્ડ કપમાં તેણે ૪ ગોલ કરીને 'બેસ્ટ યંગ પ્લેયર' એવોર્ડ જીત્યો હતો અને ફ્રાન્સને વિશ્વ ચેમ્પિયન બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ૨૦૨૨ના વર્લ્ડ કપમાં તેણે ૮ ગોલ સાથે 'ગોલ્ડન બૂટ' એવોર્ડ જીત્યો હતો. ફાઈનલમાં હેટ્રિક ગોલ અને સતત બે વર્લ્ડ કપ ફાઈનલમાં ગોલ કરનાર વિરલ ખેલાડીઓમાં સ્થાન મેળવ્યું હતું. અત્યાર સુધીની ૧૪ વર્લ્ડ કપ મેચોમાં તે ૧૨ ગોલ નોંધાવી ચૂક્યો છે.



**લિયોનેલ મેસ્સી**

આર્જેન્ટિનાનો ૩૯ વર્ષીય ફોરવર્ડ લિયોનેલ મેસ્સી ફૂટબોલના સર્વકાલીન મહાન ખેલાડીઓમાંનો એક છે. ૨૦૨૨ના વર્લ્ડ કપમાં તેણે ૭ ગોલ કર્યા હતા, જેમાં ફાઈનલના બે ગોલનો સમાવેશ થાય છે. તેના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ તેને 'ગોલ્ડન બોલ' (બેસ્ટ પ્લેયર) એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો અને આર્જેન્ટિનાને ત્રીજી વખત વિશ્વ ખિતાબ અપાવવામાં તેણે નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.

વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ ૨૬ મેચ રમવાનો વિશ્વવિક્રમ પણ તેના નામે છે. જો તે ૨૦૨૬માં રમશે તો છઠ્ઠા વર્લ્ડ કપમાં ભાગ લેનાર વિરલ ખેલાડીઓમાં સામેલ થશે.


Read online : www.feelingsmultimedia.com

મેસ્સી અત્યાર સુધી વર્લ્ડ કપમાં ૧૩ ગોલ કરી ચૂક્યો છે અને જર્મનીના મિરોસ્લાવ ક્લોઝના ૧૬ ગોલના રેકોર્ડને પડકાર આપી શકે છે.



**ક્રિસ્ટિયાનો રોનાલ્ડો**

પોર્ટુગલનો ૪૦ વર્ષીય કપ્તાન અને ફોરવર્ડ તરીકે રમતો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો વિશ્વના સૌથી સફળ ખેલાડીઓમાંનો એક છે. તે અત્યાર સુધી પાંચ વર્લ્ડ કપમાં ભાગ લઈ ચૂક્યો છે. ૨૨ મેચોમાં તેણે ૮ ગોલ કર્યા છે, જેમાંથી ૪ ગોલ ૨૦૧૮ના રશિયા વર્લ્ડ કપમાં નોંધાયા હતા.

સ્પેન સામેની મેચમાં તેની હેટ્રિક આજે પણ યાદગાર ગણાય છે. વર્લ્ડ કપમાં સાત વખત 'મેન ઓફ ધ મેચ' એવોર્ડ જીતનાર રોનાલ્ડો તેની અદ્દભૂત હેડિંગ ક્ષમતા માટે 'હેડર મશીન' તરીકે ઓળખાય છે. ફ્રી-કિક નિષ્ણાત તરીકે પણ તેની વિશેષ ઓળખ છે.



**લેમિન યમલ**

સ્પેનનો ૧૮ વર્ષીય રાઈટ વિંગર અને મિડફિલ્ડર લેમિન યમલ વિશ્વ ફૂટબોલનો ઉગતો સુપરસ્ટાર છે. યુરો-૨૦૨૪માં માત્ર ૧૬ વર્ષની વયે 'યંગ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' એવોર્ડ જીત્યો હતો અને સ્પેનને ચોથું યુરોપિયન ખિતાબ જીતવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

તે યુરો ચેમ્પિયનશિપમાં રમનાર, ગોલ કરનાર અને ફાઈનલ રમનાર સૌથી યુવા ખેલાડીઓમાં સ્થાન ધરાવે છે. ૨૦૨૪ અને ૨૦૨૫માં તેણે કોપા ટ્રોફી જીતી હતી અને ૨૦૨૫ના બેલોન ડી'ઓર પુરસ્કારમાં રનર-અપ રહ્યો હતો.

**હેરી કેન**

ઈંગ્લેન્ડનો ૩૩ વર્ષીય કપ્તાન અને સ્ટ્રાઈકર હેરી



કેન દેશનો સર્વકાલીન ટોપ ગોલ સ્કોરર છે. તેણે ઈંગ્લેન્ડ માટે ૧૧૨ મેચોમાં ૭૮ ગોલ નોંધાવ્યા છે.

૨૦૧૮ના રશિયા વર્લ્ડ કપમાં ૬ ગોલ સાથે તેણે 'ગોલ્ડન બૂટ' એવોર્ડ જીત્યો હતો અને ઈંગ્લેન્ડને ચોથા સ્થાન સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ૨૦૨૨ના વર્લ્ડ કપમાં પણ તેણે ૨ ગોલ નોંધાવ્યા હતા. વર્લ્ડ કપમાં તેના કુલ ૮ ગોલ ઈંગ્લેન્ડના મહાન ખેલાડી ગેરી લિનેકરના ૧૦ ગોલ પછી બીજા ક્રમે આવે છે.



**જુડ બેલિંગહામ**

ઈંગ્લેન્ડનો ૨૨ વર્ષીય મિડફિલ્ડર જુડ બેલિંગહામ હાલમાં રીઅલ મેડ્રિડ અને ઈંગ્લેન્ડની રાષ્ટ્રીય ટીમ લા લીગા કલબ માટે રમે છે. તેની ઝડપી ડ્રિબલિંગ, રમતની સમજ અને ઈન્ટરસેપ્શન ક્ષમતા તેને વિશ્વના શ્રેષ્ઠ યુવા ખેલાડીઓમાં સ્થાન અપાવે છે.

તે યુરોપિયન ગોલ્ડન બોય અને કોપા ટ્રોફી જેવા પ્રતિષ્ઠિત પુરસ્કારો જીતી ચૂક્યો છે. હેરી કેન સાથેની તેની જોડી ઈંગ્લેન્ડને વિશ્વ ખિતાબ અપાવી શકે તેવી માનવામાં આવે છે.

**વિનિસિયસ જુનિયર**

બ્રાઝિલનો ૨૬ વર્ષીય ફોરવર્ડ વિનિસિયસ જુનિયર આધુનિક ફૂટબોલનો સૌથી ઝડપી અને



સર્જનાત્મક ખેલાડીઓમાંનો એક છે. તેણે ૨૦૨૨ના વર્લ્ડ કપ અને ૨૦૨૪ની કોપા અમેરિકામાં બ્રાઝિલનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૨૦૨૪માં તેને ફિફા બેસ્ટ મેન્સ પ્લેયર તરીકે સન્માનિત કરવામાં આવ્યો હતો.



**અર્લિંગ હાલેન્ડ**

નોર્વેનો ૨૬ વર્ષીય સ્ટ્રાઈકર અર્લિંગ હાલેન્ડ પોતાની ગોલ કરવાની અદ્દભૂત ક્ષમતા માટે 'ગોલ મશીન' તરીકે ઓળખાય છે. ૨૦૧૯ના ફિફા અન્ડર-૨૦ વર્લ્ડ કપમાં તેણે 'ગોલ્ડન બૂટ' જીત્યો હતો અને એક જ મેચમાં ૯ ગોલ કરવાનો વિશ્વ રેકોર્ડ પણ નોંધાવ્યો હતો.

નોર્વે માટેની ૪૮ મેચોમાં ૫૫ ગોલ કરીને તે દેશનો સર્વકાલીન ટોપ સ્કોરર બન્યો છે. વર્લ્ડ કપ ક્વોલિફાયર્સમાં ૧૬ ગોલ નોંધાવી તેણે પોતાની ઘાતક ફિનિશિંગ ક્ષમતાનો પરિચય આપ્યો છે.



**લૂકા મોડ્રિક**

ક્રોએશિયાનો ૪૦ વર્ષીય કપ્તાન અને મિડફિલ્ડર લૂકા મોડ્રિક વિશ્વ ફૂટબોલના સૌથી પ્રતિભાશાળી મિડફિલ્ડરોમાંનો એક ગણાય છે. તેણે ચાર વર્લ્ડ કપમાં કુલ ૧૯ મેચો રમી છે.

૨૦૧૮ના રશિયા વર્લ્ડ કપમાં તેણે ક્રોએશિયાને ફાઈનલ સુધી પહોંચાડતાં 'ગોલ્ડન બોલ' જીત્યો હતો. ૨૦૨૨ના વર્લ્ડ કપમાં પણ તેણે પોતાની ટીમને ત્રીજા સ્થાને પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

આ ઉપરાંત મેક્સિકોના અનુભવી ગોલકીપર ગુલિયર્મો ઓચોઆ પણ પોતાની છઠ્ઠી વર્લ્ડ કપ ટુર્નામેન્ટ રમવા માટે તૈયાર છે. ફ્રાન્સના માઈકલ ઓલીસે, આઈવરી કોસ્ટના બાઝુમાના તૂરે, સ્વિટ્ઝરલેન્ડના જોહાન

માનઝામ્બી અને દક્ષિણ આફ્રિકાના રેલે બોહિલે મોફોકેંગ જેવા યુવા ખેલાડીઓ પણ આ ટુર્નામેન્ટના સંભવિત બ્રેકઆઉટ યંગ સ્ટાર તરીકે ચર્ચામાં છે.

ફિફા મેન્સ વર્લ્ડ કપમાં મહિલા રેફરીઓની સેવા લેવાની શરૂઆત ૨૦૨૨માં કતારમાં યોજાયેલા ૨૨મા વર્લ્ડ કપથી થઈ હતી. આ પરંપરાને આગળ વધારતાં ૨૦૨૬ના ૨૩મા ફિફા વર્લ્ડ કપ માટે પણ મહિલા રેફરીઓની પસંદગી કરવામાં આવી છે.

ફિફા વર્લ્ડ કપ-૨૦૨૬માં પ્રથમ વખત ૪૮ ટીમો ભાગ લેશે અને કુલ ૧૦૪ મેચો ૩૯ દિવસ દરમિયાન રમાશે. આ મહાસ્પર્ધા માટે ફિફાની રેફરી કમિટીના અધ્યક્ષ પિયરલુઈજી કોલિનાએ બાવન મુખ્ય રેફરી, ૮૮ આસિસ્ટન્ટ રેફરી અને ૩૦ વીડિયો આસિસ્ટન્ટ રેફરી (VAR)ની યાદી જાહેર કરી છે, જેમાં ૬ મહિલાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ છ મહિલાઓમાંથી બે મુખ્ય (સેન્ટર) રેફરી તરીકે સેવા આપશે, જ્યારે ચાર મહિલાઓ આસિસ્ટન્ટ રેફરી અને VAR તરીકે ફરજ બજાવશે.




**ટોરી પેન્સો**

અમેરિકાની ૪૦ વર્ષની ટોરી પેન્સો ત્રણ પુત્રીઓની માતા છે અને તેઓ મેન્સ વર્લ્ડ કપમાં સેન્ટર રેફરી તરીકે નિયુક્ત થનાર પ્રથમ અમેરિકન મહિલા છે. ફ્લોરિડાના સ્ટુઅર્ટ શહેરમાં ઉછરેલી પેન્સોએ ૨૦૨૩માં સ્પેન અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી મહિલા વર્લ્ડ કપની ફાઈનલમાં રેફરિંગ કર્યું હતું.

૨૦૨૦માં તેઓ નિયમિત સીઝનની મેચમાં રેફરિંગ કરનાર પ્રથમ મહિલા બની હતી. ઉપરાંત, સિનિયર વર્લ્ડ કપની ફાઈનલમાં રેફરિંગ કરનાર પ્રથમ અમેરિકન મહિલા તરીકે પણ તેમણે ઈતિહાસ રચ્યો હતો. તેઓ લીગના ઈતિહાસમાં પૂર્ણ-સમયની પ્રથમ મહિલા રેફરી છે. ૨૦૨૫ના ફિફા ક્લબ વર્લ્ડ કપમાં તેઓ એકમાત્ર મહિલા રેફરી હતાં.




**કેટિયા ઈત્ઝેલ ગાર્સિયા**

મેક્સિકોની ૩૩ વર્ષની કેટિયા ઈત્ઝેલ ગાર્સિયા મેન્સ વર્લ્ડ કપમાં સેન્ટર રેફરી તરીકે સેવા આપનાર પ્રથમ મેક્સિકન મહિલા છે. તેઓ ૨૦૧૯થી ફિફાની માન્ય રેફરી તરીકે કાર્યરત છે.

ભારતમાં યોજાયેલા ૨૦૨૨ના ફિફા અન્ડર-૧૭ મહિલા વર્લ્ડ કપમાં તેઓ અધિકારી તરીકે નિયુક્ત થયા હતા. ૨૦૨૩ના મહિલા વર્લ્ડ કપ તથા ૨૦૨૪ના પેરિસ ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ મેચના રેફરી તરીકે પણ તેમણે કામગીરી સંભાળી હતી.

માર્ચ ૨૦૨૪માં તેઓ લીગા MXની મેચનું સંચાલન કરનાર છેલ્લા બે દાયકાની પ્રથમ મહિલા રેફરી બન્યા હતાં. ૨૦૨૫માં CONCACAF ગોલ્ડ કપમાં રેફરિંગ કરનાર પ્રથમ મેક્સિકન મહિલા તરીકે પણ તેમણે સિદ્ધિ હાંસલ કરી હતી. IFFHS દ્વારા તેમને ૨૦૨૪-૨૫ દરમિયાન વિશ્વના છઠ્ઠા શ્રેષ્ઠ રેફરી તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું.




**કેથરીન નેસ્બિટ**

કેથરીન નેસ્બિટ આસિસ્ટન્ટ રેફરી તરીકે ફરી એકવાર વર્લ્ડ કપ માટે પસંદ થયાં છે. તેઓ મેન્સ અને વિમેન્સ બંને વર્લ્ડ કપની ફાઈનલમાં રેફરિંગ કરનાર પ્રથમ મહિલા અધિકારી છે.



**બ્રુક માયો**

અમેરિકાની બ્રુક માયો આ વર્લ્ડ કપમાં આસિસ્ટન્ટ રેફરી (લાઈન્સવુમન) તરીકે સેવા આપશે.




**સાન્દ્રા રામિરેઝ**

સાન્દ્રા રામિરેઝ આસિસ્ટન્ટ રેફરી તરીકે ફરજ બજાવશે. તેઓ કેટિયા ગાર્સિયાની રેફરી ટીમનો મહત્વપૂર્ણ ભાગ છે.




**તાતીઆના ગુઝમેન**

નિકારાગુઆની તાતીઆના ગુઝમેન વીડિયો આસિસ્ટન્ટ રેફરી (VAR) તરીકે સેવા આપશે. તેમણે ૨૦૨૩ના મહિલા વર્લ્ડ કપમાં પણ VAR તરીકે કામગીરી સંભાળી હતી.

**આ મહાસંગ્રામની યાદગાર અને રોમાંચક ઘટનાઓ**

**પ્રથમ વર્લ્ડ કપ - ૧૯૩૦, ઉરુગ્વે**

પ્રથમ ફિફા વર્લ્ડ કપમાં યુરોપની અનેક ટીમોએ લાંબી દરિયાઈ મુસાફરીના કારણે ભાગ લેવાનો ઈન્કાર કર્યો હતો. પરિણામે માત્ર ૧૩ ટીમોએ સ્પર્ધામાં ભાગ લીધો. ફાઈનલમાં યજમાન ઉરુગ્વેએ આર્જેન્ટિનાને ૪-૨થી હરાવીને પ્રથમ

વિશ્વ ચેમ્પિયન બનવાનું ગૌરવ મેળવેલ.

**મિરેકલ ઓફ બર્ન - ૧૯૫૪, સ્વિટ્ઝર્લેન્ડ**

ફાઈનલમાં અજેય ગણાતી હંગેરી સામે પશ્ચિમ જર્મની શરૂઆતમાં ૦-૨થી પાછળ હતી. જોકે જર્મનીએ શાનદાર વાપસી કરીને મેચ ૩-૨થી જીતી લીધી. બીજા વિશ્વયુદ્ધ બાદ જર્મની માટે આ વિજય રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક બની ગયો.

**પેલેનું આગમન - ૧૯૫૮, સ્વીડન**

માત્ર ૧૭ વર્ષની ઉંમરે પેલેએ વર્લ્ડ કપમાં પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો. ફાઈનલમાં સ્વીડન સામે બે ગોલ કરીને તેમણે બ્રાઝિલને પ્રથમ વર્લ્ડ કપ અપાવ્યો અને ફૂટબોલ જગતમાં દંતકથા તરીકે ઉભરી આવ્યા.

**ગેમ ઓફ ધ સેન્ચ્યુરી - ૧૯૭૦, મેક્સિકો**

સેમિફાઈનલમાં ઈટાલી અને પશ્ચિમ જર્મની વચ્ચે રમાયેલી મેચને આજે પણ વર્લ્ડ કપના ઈતિહાસની સૌથી રોમાંચક મેચોમાંની એક ગણવામાં આવે છે. નિયમિત સમય બાદ સ્કોર ૧-૧ હતો, જ્યારે એક્સ્ટ્રા ટાઈમમાં પાંચ ગોલ નોંધાયા. અંતે ઈટાલીએ ૪-૩થી વિજય મેળવ્યો.

**હેન્ડ ઓફ ગોડ અને ગોલ ઓફ ધ સેન્ચ્યુરી - ૧૯૮૬, મેક્સિકો**

ક્વાર્ટર ફાઈનલમાં આર્જેન્ટિના અને ઈંગ્લેન્ડ આમને-સામને હતાં. ડિએગો મેરાડોનાએ ચાર મિનિટના અંતરમાં બે ઐતિહાસિક ગોલ કર્યા. પ્રથમ ગોલ હાથથી કરવામાં આવ્યો, જેને તેમણે બાદમાં 'હેન્ડ ઓફ ગોડ' નામ આપ્યું. બીજો ગોલ પાંચ ખેલાડીઓને પાછળ છોડી કરીને કરવામાં આવ્યો, જેને આજે પણ 'ગોલ ઓફ ધ સેન્ચ્યુરી' તરીકે ઓળખવામાં આવે છે.

**ઝિદાનનો હેડબટ - ૨૦૦૬, જર્મની**

ફ્રાન્સ અને ઈટાલી વચ્ચે રમાયેલી ફાઈનલ ઝિદાનની કારકિર્દીની છેલ્લી મેચ હતી. એક્સ્ટ્રા ટાઈમ દરમિયાન માર્કો માતેરાઝીને માથું મારવાના કારણે ઝિદાનને રેડ કાર્ડ મળ્યું. ત્યારબાદ ઈટાલીએ પેનલ્ટી શૂટઆઉટમાં જીત મેળવી અને ઝિદાનની કારકિર્દીનો અંત આવ્યો.

**સ્પેનનો ટિકી-ટાકા યુગ - ૨૦૧૦, દક્ષિણ આફ્રિકા**

સ્પેને ફાઈનલમાં નેધરલેન્ડને ૧-૦થી હરાવીને પ્રથમ વખત વર્લ્ડ કપ જીત્યો. આંદ્રેસ ઈનિયેસ્ટાએ ૧૧૬મી મિનિટે નિર્ણાયક ગોલ નોંધાવ્યો. યુરોપ બહાર યોજાયેલા વર્લ્ડ કપમાં ચેમ્પિયન બનનાર સ્પેન પ્રથમ યુરોપિયન ટીમ બની.

**મિનેઈરાઝો - ૨૦૧૪, બ્રાઝિલ**

સેમિફાઈનલમાં યજમાન બ્રાઝિલ પોતાના જ મેદાન પર જર્મની સામે ૧-૭થી પરાજિત થયું. જર્મનીએ પ્રથમ ૨૯ મિનિટમાં જ પાંચ ગોલ નોંધાવતાં સમગ્ર વિશ્વ ચોંકી ઉઠ્યું. બ્રાઝિલના ફૂટબોલ ઈતિહાસમાં આ પરાજય સૌથી શરમજનક ક્ષણોમાંની એક માનવામાં આવે છે.

**ક્રોએશિયાનો ચમત્કાર - ૨૦૧૮, રશિયા**

માત્ર ૪૦ લાખની વસ્તી ધરાવતું ક્રોએશિયાએ ફાઈનલ સુધી પહોંચીને સમગ્ર વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું. ટીમે સતત ત્રણ નોકઆઉટ મેચ એક્સ્ટ્રા ટાઈમમાં જીતી હતી. જોકે ફાઈનલમાં ફ્રાન્સ સામે ૪-૨થી પરાજય થયો, તેમ છતાં આ સફર નાના દેશ માટે ઐતિહાસિક સિદ્ધિ બની રહી.

**મેસીની કિસ્મત - ૨૦૨૨, કતાર**

આર્જેન્ટિના અને ફ્રાન્સ વચ્ચે રમાયેલી ફાઈનલને અનેક નિષ્ણાતો સર્વકાલીન શ્રેષ્ઠ ફાઈનલ ગણાવે છે. મેચ ૩-૩થી બરાબરી પર રહી હતી. લિયોનેલ મેસીએ બે ગોલ કર્યા હતા, જ્યારે કિલિયન એમ્બાપ્પેએ હેટ્રિક નોંધાવી હતી. પેનલ્ટી શૂટઆઉટમાં આર્જેન્ટિનાએ વિજય મેળવી ૩૬ વર્ષ બાદ વર્લ્ડ કપ જીત્યો અને મેસીનું જીવનભરનું સ્વપ્ન સાકાર થયું.



**'પોલ ધ ઓક્ટોપસ' ચમત્કારિક આગાહી કરનાર ઓક્ટોપસ?**

૨૦૧૦માં દક્ષિણ આફ્રિકામાં યોજાયેલા ફિફા વર્લ્ડ કપ દરમિયાન જર્મનીના ઓબરહાઉસેન એક્વેરિયમમાં રહેતા 'પોલ' નામના ઓક્ટોપસે સમગ્ર વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું હતું. ગ્રૂપ સ્ટેજથી લઈને ફાઈનલ સુધીની કુલ ૮ મેચોના પરિણામોની તેણે ૧૦૦ ટકા સચોટ આગાહી કરી હતી.

ફાઈનલ મેચ રમાય તે પહેલાં જ પોલે સ્પેનને વિજેતા જાહેર કર્યું હતું, અને અંતે સ્પેન ખરેખર વિશ્વ ચેમ્પિયન બન્યું. પોલની આ અદ્ભૂત સફળતા બાદ સ્પેન સરકારે તેને પ્રતીકાત્મક રીતે 'સ્પેનિશ નાગરિકતા' અને 'સુવર્ણ કપ' અર્પણ કર્યો હતો. ઉપરાંત, ફિફા દ્વારા પણ તેને વર્લ્ડ કપ ટ્રોફીની નાની પ્રતિકૃતિ (Replica Trophy) ભેટ આપવામાં આવી હતી.

રાતોરાત વૈશ્વિક ખ્યાતિ મેળવનાર પોલ ઓક્ટોપસની બ્રાન્ડ વેલ્યુ લગભગ ૨ મિલિયન ડોલર સુધી પહોંચી ગઈ હતી.

દુર્ભાગ્યે, આ અદ્વિતીય ઓક્ટોપસનું અવસાન એ જ વર્ષે, ઓક્ટોબર ૨૦૧૦માં થયું હતું. તેની યાદમાં ઓબરહાઉસેન એક્વેરિયમમાં તેનું એક સ્મારક સ્ટેચ્યુ સ્થાપિત કરવામાં આવ્યું છે, તેમજ તેના નામની કબર (Memorial Grave) પણ બનાવવામાં આવી છે.

**મેક્સિકન વેવ**

ફિફા વર્લ્ડ કપ-૧૯૮૬ દરમિયાન, જ્યારે મેક્સિકોમાં બીજી વખત વર્લ્ડ કપનું આયોજન થયું હતું, ત્યારે સૌપ્રથમ વખત વિશ્વને એક અદ્ભૂત દૃશ્ય જોવા મળ્યું હતું, જેને આપણે 'મેક્સિકન વેવ' તરીકે ઓળખીએ છીએ.

સ્ટેડિયમમાં ઉપસ્થિત દર્શકો પોતાની ખુશી, ઉત્સાહ અને લાગણીઓ વ્યક્ત કરવા માટે ક્રમશઃ હાથ ઊંચા કરીને ઊભા થાય અને ફરી બેસી જાય છે. આ સામૂહિક ક્રિયા દૂરથી એક સુંદર, લહેરાતી ખુશીની તરંગ જેવી દેખાય છે. મેક્સિકોના વર્લ્ડ કપ દરમિયાન આ ઘટના બની હોવાથી તેને 'મેક્સિકન વેવ' નામ આપવામાં આવ્યું.

તે સમયે અમેરિકન ટીવી કોમેન્ટેટર હ્યુઝ લોરીએ સૌપ્રથમ વિશ્વનું ધ્યાન આકર્ષિત કરતાં કહ્યું હતું: Look at that Mexican Wave! જોકે, રસપ્રદ વાત એ છે કે મેક્સિકોના લોકો આ વેવને 'લા ઓલા' (La Ola) એટલે કે 'લહેર' તરીકે ઓળખે છે.

વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વિશાળ મેક્સિકન વેવ ૧૯૯૮ અને ૨૦૧૪ની ફાઈનલ દરમિયાન જોવા મળી હતી, જેમાં અંદાજે ૭૪ હજારથી ૮૦ હજાર દર્શકો એકસાથે આ લહેરનો ભાગ બન્યા હતા. આ દૃશ્ય આજે પણ રમતગમતના ઈતિહાસની સૌથી રોમાંચક અને યાદગાર ક્ષણોમાંની એક ગણાય છે.

આ ઉપરાંત ૧૯૫૦નું મરાકાનાઝો, જેમાં ઉરુગ્વેએ બ્રાઝિલને તેના જ દેશમાં હરાવ્યું હતું; ૧૯૬૬માં ઈંગ્લેન્ડનો વિવાદાસ્પદ ગોલ તેમજ ૨૦૦૨માં સેનેગલે તત્કાલીન ચેમ્પિયન ફ્રાન્સને હરાવી સર્જેલો ચમત્કાર આવી અનેક ઐતિહાસિક ક્ષણોએ ફિફા વર્લ્ડ કપને વિશ્વની સૌથી રોમાંચક રમતોત્સવ તરીકે સ્થાપિત કર્યો છે.

ફીલિંગ્સ ટીમ

# ગુજરાતમાં ફૂટબોલની રમતને ક્રિકેટ જેવી લોકપ્રિય બનાવવા કમર કસતા **શ્રી પરિમલ નથવાણી**



રાજ્યસભાના સાંસદ, ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝના ડિરેક્ટર (કોર્પોરેટ અફેર્સ) શ્રી પરિમલભાઈ નથવાણી એવી બહુમુખી પ્રતિભા ધરાવતી વ્યક્તિ છે, જેમનું જીવન સાહસ, સિદ્ધિ અને સફળતાનું જીવંત ઉદાહરણ છે. વન્યજીવ અને પ્રકૃતિપ્રેમી પરિમલભાઈ એશિયાઈ સિંહોના વિશેષ ચાહક છે. પોતાની અતિ વ્યસ્તતા વચ્ચે પણ વિશ્વની સૌથી લોકપ્રિય રમત ફૂટબોલને ભારતમાં, ખાસ કરીને ગુજરાતમાં, ક્રિકેટ જેટલી લોકપ્રિયતા મળે તે માટે તેઓ સતત સક્રિય રહ્યા છે. ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ બન્યા પછી તેમણે રાજ્યમાં ફૂટબોલની રમતમાં નવો પ્રાણ ફૂંક્યો છે.

દરેક જિલ્લાના ફૂટબોલ એસો.ને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપી તેમજ વિવિધ ટૂર્નામેન્ટોનું આયોજન કરીને વિદ્યાર્થીઓ અને યુવાનોમાં ફૂટબોલને લોકપ્રિય બનાવવાનું તેમનું સ્વપ્ન છે. આ સ્વપ્નને સાકાર કરવા તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. તાજેતરમાં વિશ્વ ફૂટબોલ દિવસ (૨૫ મે) નિમિત્તે ગુજરાતમાં ફૂટબોલને કેવા પ્રકારના પ્રોત્સાહનની જરૂર છે તે અંગે તેમણે વ્યક્ત કરેલા વિચારો તેમના જ શબ્દોમાં માણીએ...

ભારત દેશમાં જ્યાં ક્રિકેટ હેડલાઈન્સ અને જનમાનસ પર રાજ કરે છે, ત્યાં ફૂટબોલે ઉત્સાહ, સતત પ્રયત્ન અને વૈશ્વિક આકર્ષણ દ્વારા ધીમે ધીમે પોતાનું સ્થાન બનાવ્યું છે. ઈન્ડિયન સુપર લીગ (ISL) જેવી સ્પર્ધાઓ અને ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF)ના પ્રયત્નોએ દેશમાં આ રમતના વિકાસમાં યોગદાન આપ્યું છે. તેમ છતાં, ગુજરાત જેવા રાજ્યમાં ફૂટબોલને હજુ પણ જરૂરી પ્રોત્સાહન મળતું નથી.

ગુજરાત ઉદ્યોગસાહસિકો અને વૈશ્વિક વિચારધારા ધરાવતા લોકોની ધરતી છે. તે પોતાના ઉદ્યોગસાહસિક સ્વભાવ, મજબૂત, માળખાકીય સુવિધાઓ અને સમૃદ્ધ રમતગમત સંસ્કૃતિ માટે જાણીતું છે. ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA), સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SOG), કેટલીક ફૂટબોલ કલબો અને એકેડેમીઓ તેમજ થોડા ઉદ્યોગસાહસિકોના પ્રયત્નો છતાં રાજ્યમાં ફૂટબોલ હજુ પણ પાછળ છે. ક્રિકેટની જેમ ફૂટબોલ પણ વૈશ્વિક સ્તરે અબજો ડોલરનો ઉદ્યોગ છે. તેથી રાજ્યમાં ફૂટબોલના ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાની તાત્કાલિક જરૂર છે. જેથી સ્પોર્ટ્સ મેનેજમેન્ટ, સ્પોર્ટ્સ મેડિસિન અને ટૂરિઝમ જેવાં ક્ષેત્રોમાં નવી તકો ઉભી થઈ શકે છે.

ગ્રાસરૂટ સ્તરે ફૂટબોલને વ્યવસ્થિત રીતે વિકસાવવાની જરૂર છે. ગુજરાતની શાળાઓ અને કોલેજો ઘણીવાર ક્રિકેટને પ્રાથમિકતા આપે છે, પરિણામે ફૂટબોલ માટે માળખાકીય સુવિધાઓ અને કોચિંગનો અભાવ રહે છે. સુવ્યવસ્થિત આંતર-શાળા લીગ, પ્રમાણિત કોચિંગ પ્રોગ્રામ અને સરળતાથી ઉપલબ્ધ મેદાનો ફૂટબોલની રમતમાં યુવકોની ભાગીદારીને નોંધપાત્ર રીતે વધારી શકે છે. જીએસએફએ દ્વારા આ દિશામાં પગલાં લેવાયા છે, પરંતુ તેની વ્યાપકતા અને સાતત્ય વધારવાની જરૂર છે.

અમદાવાદ, સુરત અને વડોદરા જેવા શહેરી કેન્દ્રોમાં રિક્રિએશનલ ફૂટબોલ સંસ્કૃતિમાં વધારો જોવા મળી રહ્યો છે. ટર્ફ ગ્રાઉન્ડ્સ, એમેચ્યોર લીગ્સ અને વીકએન્ડ ટૂર્નામેન્ટો આના સકારાત્મક સંકેતો છે. જોકે ગ્રાસરૂટથી વ્યાવસાયિક સ્તર સુધી પહોંચવાનો સ્પષ્ટ માર્ગ ન હોવાને કારણે અનેક પ્રતિભાશાળી ખેલાડીઓ પોતાની પ્રતિભા દર્શાવી શકતા નથી. ગુજરાતમાં એવી લોકપ્રિય ફૂટબોલ પ્રતિભાઓની પણ ઉણપ છે, જે યુવા ખેલાડીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની શકે અને રાજ્યને આગવી ઓળખ અપાવી શકે.

ફૂટબોલ ક્ષેત્રે રોકાણ પણ અત્યંત મહત્વપૂર્ણ પરિબળ છે. કોર્પોરેટ સ્પોન્સરશિપ અને પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ આ ક્ષેત્રમાં પરિવર્તન લાવી શકે છે. જેમ ગુજરાતના ઉદ્યોગોએ ઔદ્યોગિક વિકાસને ગતિ આપી છે, તેમ તેઓ જીએસએફએના માળખામાં વિવિધ વયજૂથો માટે પુરુષ અને મહિલા ટૂર્નામેન્ટોને સ્પોન્સર કરીને આ રમતના વિકાસમાં યોગદાન આપી શકે છે. આથી રાજ્યની ટીમો અને કલબોને રાષ્ટ્રીય સ્તરે નિયમિત સ્પર્ધાઓમાં ભાગ લેવાની વધુ તકો મળશે અને ખેલાડીઓ તેમજ ચાહકો બંનેને તેનો લાભ મળશે.

આ રમત માટે મજબૂત ચાહક સંસ્કૃતિનું નિર્માણ પણ એટલું જ જરૂરી છે. સ્થાનિક કલબોને પ્રોત્સાહન આપવું, શહેર આધારિત લીગ મેચોનું આયોજન કરવું તથા એક્ઝિબિશન મેચો યોજવી જેવી પ્રવૃત્તિઓ દ્વારા ચાહકોનો મજબૂત આધાર ઉભો કરી શકાય છે. ઉપરાંત અંગ્રેજી પ્રીમિયર લીગ જેવી વૈશ્વિક લીગોના પ્રસારણથી યુવાનોમાં ફૂટબોલ પ્રત્યેનો રસ વધુ વધારી શકાય છે.

સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે સરકારનો ટેકો અને સહકાર આમાં મુખ્ય પ્રેરક બળ તરીકે કામ કરી શકે છે. ફૂટબોલ મેદાનો માટે જમીન ફાળવતી નીતિઓ, શિક્ષણમાં રમતગમતનો સમાવેશ અને સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપતી નીતિઓ આ રમતનો સુંદર વિકાસ કરી શકે છે. ફૂટબોલ માત્ર રમત નથી તે ફિટનેસ, શિસ્ત, ટીમવર્ક અને સામાજિક એકતાનું સાધન છે.

ગુજરાત પાસે યુવા શક્તિ, સંસાધનો અને મહત્ત્વાકાંક્ષા બધું જ ઉપલબ્ધ છે. હવે જરૂર છે યોગ્ય દિશા અને દૃઢ પ્રતિબદ્ધતાની. સંસ્થાઓ, ઉદ્યોગો અને સમાજના સંયુક્ત પ્રયાસોથી ગુજરાતમાં ફૂટબોલ એક ગૌણ પ્રવૃત્તિમાંથી મુખ્ય પ્રવાહની રમત બની શકે છે. હવે આ તકને ઝડપીને તેને વાસ્તવિકતામાં ફેરવવાનો સમય આવી ગયો છે. ફી




# અબ, 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' કે હવાલે વતન સાથીઓં

વિશ્વમાં યુદ્ધની રીત ઝડપથી બદલાઈ રહી છે. હવે યુદ્ધના મેદાનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડ્રોન અને રોબોટિક સૈનિકો ઉતરી રહ્યા છે. ચીન, અમેરિકા અને યુક્રેન જેવી મહાસત્તાઓ એવી ટેકનોલોજી વિકસાવી રહી છે, જે ભવિષ્યમાં માનવ સૈનિકોની ભૂમિકા ઘટાડીને મશીનોને યુદ્ધના મોરચે મોકલશે.

અમેરિકા AI આધારિત યુદ્ધ માટે ઝડપથી તૈયારી કરી રહ્યું છે. અમેરિકાની એન્ડરિલ ઈન્ડસ્ટ્રીઝ જેવી કંપનીઓ AI આધારિત ડ્રોન અને સ્વચાલિત યુદ્ધ પ્રણાલીઓ વિકસાવી રહી છે. કંપનીના મતે ભવિષ્યના યુદ્ધોમાં સ્માર્ટ સોફ્ટવેર, અદ્યતન સેન્સર્સ અને હજારો ડ્રોન નિર્ણાયક સાબિત થશે. પેન્ટાગોને તાજેતરમાં જ સેલ્ફ-ઓર્ગેનાઈઝિંગ ડ્રોન પર કામ શરૂ કર્યું છે. આ સાથે સેનાએ AI આધારિત મેડિકલ ઈવેક્યુએશન અને સ્વચાલિત યુદ્ધ પ્રણાલીઓના પરીક્ષણો પણ શરૂ કર્યા છે, જે ઘાયલ સૈનિકોને ગોળીબાર વચ્ચે સુરક્ષિત રીતે બહાર લાવી શકે છે.

ચીને છેલ્લા કેટલાક વર્ષોમાં હ્યુમનોઈડ કોમ્બેટ રોબોટ્સ, સ્વચાલિત હથિયાર પ્રણાલીઓ અને AI આધારિત સૈન્ય ટેકનોલોજીમાં ભારે રોકાણ કર્યું છે. નિષ્ણાતોના મતે ચીન 'ઈન્ટેલિજન્ટાઈઝ્ડ વોરફેર' તરફ આગળ વધી રહ્યું છે, જેમાં જમીન, આકાશ, સમુદ્ર અને સાઈબર ક્ષેત્રમાં AIનો વ્યાપક ઉપયોગ કરવામાં આવશે.

બીજી તરફ, યુક્રેન-રશિયા યુદ્ધ આજના સમયમાં AI યુદ્ધનું જીવંત ઉદાહરણ બની ગયું છે. યુક્રેન મોટા પ્રમાણમાં ડ્રોન, રોબોટિક ગ્રાઉન્ડ વ્હીકલ્સ અને AI આધારિત સિસ્ટમ્સનો ઉપયોગ કરી રહ્યું છે. કેટલાક મિશનમાં સૈનિકોની જગ્યાએ માત્ર ડ્રોન અને રોબોટ્સ દ્વારા હુમલા કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. એક ઘટનામાં તો યુક્રેનના માનવરહિત ગ્રાઉન્ડ રોબોટે રશિયન સૈનિકોને આત્મસમર્પણ કરવા માટે મજબૂર કર્યા હતા.

**યુદ્ધનું બદલાતું સ્વરૂપઃ**

પરંપરાગત યુદ્ધમાં મોરચા, ટેન્કો અને સૈનિકો મુખ્ય ભૂમિકામાં હતા, પરંતુ હવે સેન્સર નેટવર્ક, AI સોફ્ટવેર અને ડ્રોન સ્વોર્મ્સ વધુ મહત્વના બની રહ્યા છે. આ ટેકનોલોજી હુમલાઓને વધુ ઝડપી અને ચોક્કસ બનાવે છે, પરંતુ સાથે સાથે નાગરિકોને થતું નુકસાન, ખોટા લક્ષ્યો પર હુમલા અને યુદ્ધની વધતી અણધારીતા જેવા જોખમો પણ ઊભા કરે છે. એટલે AI ટેકનોલોજી એક તરફ યુદ્ધને વધુ કાર્યક્ષમ બનાવે છે તો બીજી તરફ વધુ ખતરનાક પણ બનાવી શકે છે.

માનો કે કોઈ સૈન્યને ૫૦૦ ડ્રોનની મદદથી કોઈ વિસ્તારમાં શત્રુની સ્થિતિ શોધવાની હોય. AI સોફ્ટવેર સેન્સર ડેટા, વીડિયો અને સંકેતોને એકત્રિત કરીને સેકન્ડોમાં નિર્ણય લઈ શકે છે કે કયું લક્ષ્ય મહત્વનું છે અને કયા ડ્રોનને ક્યાં મોકલવા. માનવીય ટીમને એ જ કામમાં વધુ સમય લાગી શકે, જ્યારે યુદ્ધમાં કેટલીક સેકન્ડ પણ નિર્ણાયક સાબિત થઈ શકે છે.





Read online : www.feelingsmultimedia.com



યુક્રેન-રશિયા યુદ્ધ આ દૃષ્ટિએ એક વાસ્તવિક 'લેબોરેટરી' બની ગયું છે, જ્યાં ડ્રોન, સ્વાયત્ત સિસ્ટમ્સ, સેન્સર્સ અને સ્માર્ટ સોફ્ટવેરનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. અમેરિકા માને છે કે ભવિષ્યના યુદ્ધોમાં મોટી સંખ્યામાં સસ્તા અને Attritable (ખોવાઈ જાય તો પણ ઓછું નુકસાન થાય તેવા) ડ્રોન્સ, AI સોફ્ટવેર અને સેન્સર્સ નિર્ણાયક ભૂમિકા ભજવશે.

**AI યુદ્ધનો અર્થ:**

AI આધારિત યુદ્ધનો અર્થ એવી લશ્કરી વ્યવસ્થા છે, જેમાં માનવીય હસ્તક્ષેપ ખૂબ ઓછો હોય અને નિર્ણયો મોટા ભાગે મશીન આધારિત હોય. તેમાં ડ્રોન સ્વોર્મ્સ, GPS વગરનું નેવિગેશન, રિયલ-ટાઈમ ધમકી ઓળખ અને સ્વચાલિત લોજિસ્ટિક્સ જેવી ક્ષમતાઓનો સમાવેશ થાય છે. એટલે કે જે દેશ પાસે વધુ ઝડપી ડેટા પ્રોસેસિંગ અને વધુ સચોટ ઓટોમેશન હશે, તેને યુદ્ધમાં વ્યૂહાત્મક ફાયદો મળી શકે છે.

અમેરિકાની કંપનીઓ અને સેનાએ AI આધારિત ડ્રોન, સ્વચાલિત યુદ્ધ પ્રણાલીઓ અને મેડિકલ ઈવેક્યુએશન રોબોટ્સ પર કામ શરૂ કર્યું છે. પેન્ટાગોન 'સેલ્ફ-ઓર્ગેનાઈઝિંગ ડ્રોન્સ' પર પણ કાર્ય કરી રહ્યું છે, જે સામૂહિક ઉડાન, દેખરેખ અને સંકલિત કામગીરી કરી શકે છે. અમેરિકાનો તર્ક એવો છે કે ભવિષ્યના યુદ્ધ મોરચે સૈનિકો કરતાં ઝડપી નિર્ણય લેતા મશીનો વધુ ઉપયોગી સાબિત થશે.

જ્યારે ચીન પણ 'ઈન્ટેલિજન્ટાઈઝ્ડ વોરફેર' તરફ આગળ વધી રહ્યું છે, એટલે કે AI, ઓટોમેશન અને ડેટા આધારિત યુદ્ધની દિશામાં સતત રોકાણ કરી રહ્યું છે. યુક્રેન-રશિયા યુદ્ધને આજના સમયમાં AI યુદ્ધનું જીવંત ઉદાહરણ ગણવામાં આવે છે, કારણ કે ત્યાં ડ્રોન, દેખરેખ અને ઝડપી માહિતી આધારિત નિર્ણયો અત્યંત મહત્વના સાબિત થયા છે. તેથી આ માત્ર હથિયારોની સ્પર્ધા નથી, પરંતુ માહિતી અને અલ્ગોરિધમ્સની પણ સ્પર્ધા છે.

ચીન AI અને ડ્રોન સ્વોર્મ્સ ક્ષેત્રે અગ્રેસર માનવામાં આવે છે. એક ઓપરેટર ૯૬થી વધુ ડ્રોન્સને નિયંત્રિત કરી શકે છે. AI અલ્ગોરિધમ્સની મદદથી આ ડ્રોન્સ સ્વતંત્ર રીતે સંકલન કરે છે, લક્ષ્યો ઓળખે છે અને ઈલેક્ટ્રોનિક જામિંગ વચ્ચે પણ કાર્ય કરી શકે છે.

કેટલીક પ્રણાલીઓમાં એક જ સૈનિક ૨૦૦ જેટલા ડ્રોન્સને નિયંત્રિત કરી શકે છે. રોબોટ વુલ્ઝ અને અન્ય સિસ્ટમ્સમાં AI દ્વારા પક્ષીઓ કે વરૂઓના જૂથ જેવા સ્વોર્મ બિહેવિયરનો ઉપયોગ કરવામાં આવે છે. ઉપરાંત PLA (People's Liberation Army) AIને ટાર્ગેટ રેકગ્નિશન, સ્વોર્મ ડિસિઝન-મેકિંગ અને નેટવર્ક-સેન્ટ્રિક વોરફેર માટે વિકસાવી રહી છે. ડ્રોન કમ્પોનન્ટ્સ અને સંબંધિત ટેકનોલોજીમાં પણ ચીન મજબૂત સ્થિતિ ધરાવે છે.

યુક્રેન વાસ્તવિક યુદ્ધની પરિસ્થિતિમાં AI અને સ્વોર્મ ટેકનોલોજીનું પરીક્ષણ કરી રહ્યું છે. ઓપ્ટિકલ ટાર્ગેટ રેકગ્નિશન (ATR) ધરાવતા ડ્રોન્સ અંતિમ કેટલાક મીટરમાં સ્વાયત્ત રીતે લક્ષ્ય સુધી પહોંચી શકે છે. જેના કારણે તેમની ચોકસાઈ ૩૦-૫૦ ટકાથી વધીને ૮૦ ટકા સુધી પહોંચી હોવાનું માનવામાં આવે છે. AI આધારિત બેટલફિલ્ડ મેનેજમેન્ટ સિસ્ટમ્સ વિવિધ સેન્સર્સ અને ડેટાને સંકલિત કરીને રિયલ-ટાઈમ સિચ્યુએશનલ અવેરનેસ પ્રદાન કરે છે.

આ ઉપરાંત ૮થી ૨૫ અથવા તેથી વધુ ડ્રોન્સના સ્વોર્મ્સ તેમજ મધર ડ્રોન્સ (જે નાના ડ્રોન્સને લોન્ચ કરે છે)ના પણ પરીક્ષણો થઈ રહ્યા છે. AI આધારિત નેવિગેશન GPS જામિંગને બાયપાસ કરવામાં મદદરૂપ બને છે.

આ વિકાસ દર્શાવે છે કે ભવિષ્યનું યુદ્ધ ગોળીઓ કરતાં વધુ ડેટાના આધારે લડાશે. વિશ્વના દેશો હવે ફક્ત હથિયારોમાં જ નહીં, પરંતુ AI મોડલ્સ, ચિપ્સ, સેન્સર્સ અને કમ્યુનિકેશન નેટવર્ક્સમાં પણ ભારે રોકાણ કરી રહ્યા છે. આ પરિવર્તન સંરક્ષણ નીતિ, આંતરરાષ્ટ્રીય કાયદા અને માનવીય મૂલ્યો માટે આવનારા સમયમાં અનેક મોટા પ્રશ્નો ઊભા કરશે, જે નિ:સંદેહ ચિંતાજનક બાબત છે. ફી







મનહર ડી. શાહ

# ભારતના દરિયાકિનારાની રળિયામણી યાત્રા

## મોજાં, રેતી અને પ્રકૃતિનું અદ્‌ભૂત સંગીત

ભારત પાસે ૭,૫૧૬ કિલોમીટર લાંબો દરિયાકિનારો છે. ગુજરાતનો સાગરપટ સૌથી લાંબો છે, જે કચ્છ, ગુજરાત અને સૌરાષ્ટ્રથી શરૂ થઈ મુંબઈ સુધી પહોંચે છે. પૂર્વમાં ખંભાતના અખાતથી અને પશ્ચિમ તથા દક્ષિણમાં અરબી સમુદ્રથી વીંટળાયેલો આ સૌરાષ્ટ્ર દ્વીપકલ્પ ખંભાતના અખાત અને કચ્છના અખાત વચ્ચે ગુજરાત સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીકૃષ્ણ મથુરા છોડીને સાગર કિનારે આવેલા દ્વારકામાં વસી ગયા હતા.

પ્રભાસ પાટણને મહાભારતમાં તીર્થસ્થાન ગણવામાં આવ્યું છે. અહીં જ શ્રીકૃષ્ણનો દેહાંત થયો હતો. અરબી સમુદ્રના કિનારે આવેલું સોમનાથનું ભવ્ય મંદિર આ સ્થળની શોભામાં વધારો કરે છે. ભાવનગર પાસે આવેલા ગોપનાથના સાગરતટે કવિ કાન્તની કલમમાંથી 'સાગર અને શશી' જેવું અદ્વિતીય ઊર્મિકાવ્ય સર્જાયું હતું.

સૌરાષ્ટ્રમાં અહમદપુર માંડવીનો દરિયાકિનારો નાળિયેરીની ઘરાને કારણે જાણીતો છે. સુરતનો ડુમસ અને વલસાડનો તિથલ બીચ ખરેખર નયનરમ્ય છે. ઘણા નિસર્ગપ્રેમીઓ અહીં વસ્યા છે. દેશનું મોટાભાગનું મીઠું ગુજરાતના દરિયાકાંઠે પકવવામાં આવે છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં ૨૦ મિનિટના અંતરે નાગોઆ બીચ આવેલો છે. તેનો સાગરતટ શાંત અને સુંદર છે. આ દરિયા કિનારો ઘોડાની નાળ જેવા આકારનો છે. અહીંથી દીવનું પર્યટન સ્થળ દીવનો કિલ્લો નજીક છે. દીવ, દમણ અને ગોવા દરિયાઈ માર્ગથી જોડાયેલા છે.

ગુજરાતની દરિયાકિનારાની લટાર મારીને હવે આપણે મુંબઈ આવીએ છીએ. મુંબઈગરાનો માનીતો કોઈ બીચ હોય તો તે ચોપાટી છે. વર્ષાઋતુમાં અહીં અરબી સમુદ્રનું રૌદ્ર સ્વરૂપ જોઈ શકાય છે. સાગરના મોજાઓનું તાંડવ નૃત્ય શરૂ થાય છે. આ ઉપરાંત પરામાં જુહુ, માર્વે અને મઢ આઈલેન્ડ આવેલા છે. મઢ આઈલેન્ડના સમુદ્ર કિનારે સાંજના સમયે શુદ્ધ હવાનો અનુભવ થાય છે. અહીંની રેતી પણ આછા લાલ રંગની છે.

કોંકણનો દરિયાકિનારો મુંબઈની સાગરપટ્ટી પછી તરત જ શરૂ થાય છે અને છેક ગોવા સુધી પહોંચે છે. કોંકણનો સાગર કિનારો ખરેખર રળિયામણો અને મનોહર છે. જેટલું સ્વચ્છ આકાશ, તેટલો જ ચોખ્ખો સાગરકિનારો. વૃક્ષોની હારમાળા, પર્વતો, ટેકરીઓ અને તટપ્રદેશ પર વસેલા ખોબલા જેવા ગામડાંઓમાં ફરવાની મજા જ કંઈક અલગ છે. વહેલી સવારે મહાસાગરના ભૂરા જળ પરથી વહેતા ઠંડા પવનની લહેરો અને સાંજના સમયે ઢળતી રાતનું શીતળ વાતાવરણ આહલાદક લાગે છે.

આસમાની પાણી અને સોનેરી રેતીનો રળિયામણો પ્રદેશ એટલે ગણપતિપુળે. લહેરાતું આસમાની પાણી, સુઘડ દરિયાકિનારો, ચારે બાજુ હરિયાળી અને સોનેરી રેતીનો વિસ્તાર તેને વિશિષ્ટ બનાવે છે. મહારાષ્ટ્રના સુંદર દરિયાકિનારાઓમાં ગણપતિપુળેનું નામ અગ્રેસર છે અને દરિયાકિનારાના પ્રેમીઓમાં ખૂબ લોકપ્રિય છે.

સામે વમળ લેતો દરિયાકિનારો અને તેની બાજુમાં ઘટાદાર જંગલવાળી વનરાજી ધરતી પર ભાગ્યે જ ક્યાંક જોવા મળે. બીચની સાથે અહીં સ્વયંભૂ ગણપતિ પણ બિરાજમાન છે. મહારાષ્ટ્રના અષ્ટવિનાયક પૈકીના એક ગણપતિ તરીકે ગણપતિપુળેની ઓળખ છે. આ ગણપતિને પશ્ચિમ દ્વાર દેવતા તરીકે પણ ઓળખવામાં આવે છે.

કોંકણનો સમગ્ર પ્રદેશ તેની કુદરતી સુંદરતા અને દરિયાકિનારાઓ માટે પ્રસિદ્ધ છે. ગણપતિપુળે એક નાનું ગામ છે, જેની વસ્તી આશરે દસ હજાર જેટલી છે. કેરી, નાળિયેર અને કેળાનું સૌથી વધુ ઉત્પાદન આ વિસ્તારમાં થાય છે. રત્નાગિરિથી ૮૧ કિલોમીટર દૂર આવેલો વેલણેશ્વર બીચ સહેલાણીઓમાં લોકપ્રિય છે. અહીં શિવનું મંદિર આવેલું છે.

સાગરકિનારા પરના મોટા ભાગના લોકો માછીમારીનો વ્યવસાય કરે છે. માલવણનો સાગરકિનારો પણ એટલો જ રળિયામણો અને મનોહર છે. માલવણના દરિયાકાંઠે આવેલો સિંધુદુર્ગ કિલ્લો મજબૂત અને ખડકાળ જમીન પર ઊભો છે. સિંધુદુર્ગની વિશેષતા એ છે કે ખારા પાણીની વચ્ચે મીઠા જળનું સરોવર આવેલું છે. મહારાષ્ટ્રના લોકો માલવણને કુદરતનો બગીચો કહે છે.

પ્રકૃતિની અનુપમ ભેટ એટલે ગોવા. અહીંની રેતાળ ધરતી, નાળિયેરી, તાડવૃક્ષો અને સમુદ્રની છાતી પર ઘૂઘવાટ કરતા મોજાંઓ ગોવાને અત્યંત મોહક બનાવે છે. ગોવામાં દક્ષિણ અને ઉત્તર એમ બે જિલ્લાઓ છે, જ્યારે



પણજી ગોવાની રાજધાની છે.

ગોવામાં પશ્ચિમી રીતભાતનો પ્રભાવ હોવાથી વિદેશી સહેલાણીઓને તે ખૂબ ગમે છે. અહીંનું ઉષ્ણ અને હૂંફાળું વાતાવરણ, સાગરસ્નાનનું આકર્ષણ તથા લીલાછમ દરિયાકિનારા ગોરા પ્રવાસીઓને ખૂબ આકર્ષે છે. ગોવા વિશ્વમાં એવું સ્થળ છે જ્યાં અનેક ભાષાઓ બોલાય છે. અહીં જાપાની, ઈટાલિયન, અંગ્રેજી, કોંકણી, હિન્દી અને મરાઠી ભાષાઓ પ્રચલિત છે.

સ્વચ્છ અને સુઘડ દરિયાકિનારો, ચારે બાજુ નાળિયેરીનાં ઊંચાં વૃક્ષો અને સોનેરી રેતીનો પ્રદેશ એટલે ગોવા. એક દરિયાકિનારાવાળું સહેલાણીધામ હોવા છતાં તેની સુંદરતા વિશ્વના અન્ય ઘણા બીચ કરતાં વિશેષ લાગે છે.

ખુશનુમા વાતાવરણ, પૂર્વ અને પશ્ચિમની મિશ્ર સંસ્કૃતિ તથા જીવનશૈલી ધરાવતું આ સ્થળ વિશ્વભરના સહેલાણીઓનું પ્રિય સ્થળ છે. ગોવાને વિશ્વભરમાં પ્રસિદ્ધિ અપાવવાનો યશ અહીંના સુંદર બીચો અને મદમસ્ત સંગીતને જાય છે. સંધ્યાકાળે દરિયાકિનારે બેસીને ગિટાર વગાડતા હિપ્પીઓએ આ સ્થળને વધુ લોકપ્રિય બનાવ્યું છે.

ગોવાનું જીવન જાણે નિરંતર ઉત્સવ છે. અહીંના લોકો વર્ષમાં ત્રણ દિવસ કાર્નિવલનો ઉત્સવ ઉજવે છે. ગોવાની સૌથી સુંદર જગ્યાઓમાંની એક છે ડોના પાવલા બીચ. ગોવાના ગવર્નરની પુત્રી ડોના પાવલા એક માછીમાર યુવાનના પ્રેમમાં પડી હતી. પરંતુ સામાજિક ભેદભાવને કારણે તેમનો પ્રેમ સફળ ન થયો. અંતે ડોનાએ સાગરમાં સમાધિ લીધી અને તેના નામ પરથી આ બીચનું નામ 'ડોના પાવલા' પડ્યું.

અરબી સમુદ્રમાં ડૂબતા સૂર્યનાં કિરણો અહીં અદ્ભૂત દશ્ય સર્જે છે. ડાબી બાજુ ઝુઆરી નદી, જમણી બાજુ માંડોવી નદી અને સામે અરબી સમુદ્ર સહેલાણીઓને અહીં ખેંચી લાવે છે.

પોર્ટુગીઝ ભાષામાં 'મિરામાર'નો અર્થ થાય છે 'સમુદ્ર દર્શન'. કોલવા બીચ પણજીથી ૨૭ કિલોમીટર દૂર આવેલો છે. આ બીચને ગોવાના સમુદ્રકિનારાની મહારાણી કહેવાય છે. મનોહર હવા, સમુદ્ર અને રેતીનો ત્રિવેણી સંગમ અહીં જોવા મળે છે. મિરામાર બીચની મુલાયમ રેતી અને કિનારે આવેલા નાળિયેરી તથા તાડવૃક્ષો નયનરમ્ય દશ્ય સર્જે છે.

પણજીના ઉત્તરમાં પણ સુંદર બીચ આવેલા છે. અહીં કિનારે મીઠા પાણીનાં સરોવરો પણ જોવા મળે છે. પણજીના દક્ષિણમાં પલોલેમ, અગોન્ડા, કોલા, બટરફ્લાય, કોલ્વા, કાબો ડી રામા અને કાવેલોસિમ નામના સુંદર બીચ આવેલા છે. ખાવા-પીવાની વાત આવે ત્યારે ગોવાની ફેનીનું નામ સૌથી પહેલાં લેવામાં આવે છે.

પ્રકૃતિનું અદ્ભૂત મનોહારી કાવ્ય એટલે ગોવા. દરિયાકિનારાનાં વૃક્ષો પર પક્ષીઓનો કલરવ અને સમુદ્રની ક્ષિતિજ પર થતાં સૂર્યોદય તથા સૂર્યાસ્તના દશ્યો માનવમનને સંદેશ આપે છે કે પ્રકૃતિની જેમ સદા પ્રસન્ન રહો. અફાટ સાગરના મોજાંઓના સંગીતમાં પોતાને આત્મસાત કરતો આ પ્રદેશ યુગોથી પોતાની સૌંદર્યગાથા કહેતો આવ્યો છે. હરિયાળાં વૃક્ષોએ ગોવાને અપૂર્વ સૌંદર્ય બક્ષ્યું છે, તો અરબી સમુદ્રે તેને શીતળતા પ્રદાન કરી છે. અહીંની લાલ ધરતી જોઈને એવું લાગે છે કે જાણે આ પૃથ્વીના રક્તવર્ણા હોઠ હોય. દિલ કહે છે કે અહીંના સાગરકિનારે બેસીને અહર્નિશ મોજાંઓનું માદક સંગીત સાંભળતા જ રહીએ.

કર્ણાટકનો દેવબાગ બીચ, જે કારવારની નજીક આવેલો છે, હનીમૂન માટે ખૂબ પ્રસિદ્ધ છે. મેંગલોરનો બીચ પણ સહેલાણીઓમાં લોકપ્રિય છે. અહીંનું સી-ફૂડ દરેકને પસંદ પડે છે.

કેરળ સાગરકિનારાનું રાજ્ય છે. અલૌકિક પ્રાકૃતિક સૌંદર્ય, લીલીછમ વનરાજીનું સામ્રાજ્ય, પર્વતોની હારમાળા, નદીનાળાઓની રેલમછેલ અને પશુપંખીઓના આશ્રયસ્થાનોને કારણે કેરળને 'ઈશ્વરનું પોતાનું રાજ્ય' તરીકે ઓળખવામાં આવે છે.

અહીંનો કોવલમ બીચ સહેલાણીઓમાં ખૂબ લોકપ્રિય છે. ચારે બાજુ આસમાની પાણી, શ્વેત રેતી અને નાળિયેરીનાં હારબંધ વૃક્ષો નયનરમ્ય દશ્ય સર્જે છે. દક્ષિણ કિનારાને લાઈટહાઉસ બીચ કહેવામાં આવે છે. વચલા કિનારાને હવા બીચ નામ આપવામાં આવ્યું છે, જ્યાં માછીમારીની પ્રવૃત્તિઓ ચાલે છે. ત્રીજા કિનારે સમુદ્રના પાણી પર વોટર સ્કિઈંગ અને સર્ફિંગની મજા માણી શકાય છે. જો તમે થાકી ગયા હોવ તો આયુર્વેદિક મસાજનો લાભ લેવાનું ચૂકશો નહીં. કોવલમ બીચ સાંજના સમયે સહેલાણીઓથી ઉભરાઈ જાય છે. અહીં કથકલી નૃત્યનો આનંદ પણ માણી શકાય છે.

ચેન્નઈનો ૧૨ કિલોમીટર લાંબો મરીના બીચ ભારતના સૌથી પ્રસિદ્ધ દરિયાકિનારાઓમાંનો એક છે. અહીં કલાકો સુધી ફરતા રહીએ તો પણ કંટાળો આવતો નથી. સાંજના સમયે દેશ-વિદેશના સહેલાણીઓથી આ બીચ ભરાઈ જાય છે.



વિદેશી પ્રવાસીઓ અહીં સૂર્યસ્નાન અને સ્વિમિંગનો આનંદ માણે છે. નાળિયેરીનાં ઝાડો, માઈલો સુધી ફેલાયેલી સફેદ-સોનેરી રેતી અને દરિયાનું નિર્મળ પાણી નિસર્ગપ્રેમીઓને અહીં ખેંચી લાવે છે.

ચેન્નઈથી થોડે દૂર મહાબલીપુરમનો સાગરકિનારો આવેલો છે. અહીં મહાસાગરની સાથે હજારો વર્ષ જૂની પથ્થર કોતરણીની કળા પણ જોવા મળે છે. શિલ્પકારોની આ પરંપરા આજે પણ જીવંત છે.

કન્યાકુમારીની ભૂશિર આગળ ત્રણ સાગરોનો સંગમ થાય છે. ભારતનો પૂર્વ કિનારો અને પશ્ચિમ કિનારો અહીં આવીને મળે છે. આ ભૂમિને ત્રણ બાજુથી ત્રણ સાગરો ઘેરી રહ્યા છે. સમુદ્રનું પાણી અહીં અત્યંત નિર્મળ દેખાય છે. જમણી બાજુ અરબી સમુદ્ર, ડાબી બાજુ બંગાળનો ઉપસાગર અને સામે હિંદ મહાસાગર જાણે ત્રણેય જળરાશિઓ ભારતમાતાના ચરણ પખાળી રહી હોય એવું લાગે છે.

બંગાળનો ઉપસાગર શાંત રહે છે પરંતુ અરબી સમુદ્ર ગાજે છે. હિંદમહાસાગર તો ક્ષિતિજની પેલે પાર બાર હજાર કિલોમીટર દક્ષિણ ધ્રુવ સુધી પહોંચે છે. આ દરિયામાં એક ખડક છે તેનું નામ વિવેકાનંદ રોક છે. સ્વામી વિવેકાનંદ દરિયામાં તરીને આ ઊંચા ખડક સુધી પહોંચેલા અને અહીં ધ્યાનમાં બેઠા હતા. અહીં તેમને ભારતમાતાનું દર્શન થયું હતું.

કન્યાકુમારીના સાગરતટે થતા સૂર્યોદય અને સૂર્યાસ્તના દૃશ્યો અલૌકિક સૌંદર્યની અનુભૂતિ કરાવે છે. કન્યાકુમારીની કથા કરૂણ છે. અહીંના સાગરકિનારે જોવા મળતી સફેદ, લાલ અને શાહીમૂલ તરીકે ઉપયોગમાં લેવાતી કાળી રેતી આ કરૂણ ગાથાને વધુ સ્પર્શક બનાવે છે.

આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમથી ૨૪ કિ.મી. દૂર ભીમુનિપટ્ટનમમાં વિવિધ પ્રકારના બીચ છે. તરવાના બીચ, જોગિંગ બીચ, પિકનિક બીચ અને સૂર્યસ્નાન બીચ પણ છે.



આંધ્રપ્રદેશનો ઋષિકોંડા બીચ તેની ખૂબસુરતી, ચમકતી રેતી અને સાફ પાણી માટે લોકપ્રિય છે. ચારેબાજુ હરિયાળી નજરે પડે છે.

ઓડિસા અને આંધ્રપ્રદેશની સીમા પર આવેલો ગોપાલપુર સાગરકિનારો હનીમૂન માટે પ્રખ્યાત છે. કોલકાતાથી એક રાતની સફર કરી નિસર્ગરમ્ય ગોપાલપુર બીચ પહોંચી શકાય છે. આ સાગરતટને ત્યાંના લોકો પાલોરા કહે છે. શાંતિપ્રિય લોકોને અહીં ગમે છે. મુલાયમ રેતીમાં ચાલવાની મજા આવે છે. ચારેબાજુ નાળિયેરીના ઝૂંડ ફેલાયેલા છે.

સહપરિવાર માણવા જેવો કોઈ સાગરકિનારો હોય તો તે જગન્નાથપુરીનો છે. અફાટ સમુદ્ર, ચારે બાજુ રેતીનું સામ્રાજ્ય અને મોજાંઓનું તાંડવ નૃત્ય મનને મોહી લે છે. ભારતના પૂર્વ કિનારે આવેલો પુરીનો દરિયાકિનારો સહેલાણીઓને ખૂબ ગમે છે. અહીંના સમુદ્રતટે સ્નાન કરવાની વિશેષ મજા આવે છે. નજીકમાં જ જગન્નાથનું મંદિર આવેલું છે, જ્યાં ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાની મૂર્તિઓ સ્થાપિત છે. આ ત્રિમૂર્તિની દર વર્ષે ભવ્ય રથયાત્રા નીકળે છે.

પોંડિચેરીનો સાગરકિનારો પણ અતિ રમ્ય છે. ચેન્નઈના મરીના બીચ જેવો જ આ સમુદ્રપથ છે. પશ્ચિમ બંગાળમાં દીઘા નામનો બીચ લોકપ્રિય છે. અહીંની લોટ જેવી રેતીમાં કાર ચાલી શકે છે.

બંગાળના ઉપસાગરમાં આવેલા લક્ષદ્વીપ અને અંદામાન-નિકોબારના સાગરકિનારાઓની મુલાકાત લેવાનું ચૂકશો નહીં. લક્ષદ્વીપનો બંગારામ બીચ અતિ સુંદર છે. અહીં પરવાળાના ટાપુઓ જોવા મળે છે. ક્ષિતિજ સુધી નજર કરો ત્યાં સુધી આસમાની પાણી અને રેતીનો અદ્દભૂત વિસ્તાર નજરે પડે છે. સાગરતટે નાળિયેરીનાં અસંખ્ય વૃક્ષો, વિસ્તૃત સોનેરી રેતી અને ઠેકઠેકાણે આવેલા મીઠા પાણીનાં તળાવો આ બીચને વધુ સુંદર બનાવે છે. દેશ-વિદેશના સહેલાણીઓમાં આ બીચ ખૂબ લોકપ્રિય છે.

બંગાળના ઉપસાગરમાં સ્થિત અંદામાન-નિકોબારમાં અનેક સુંદર સમુદ્રકિનારાઓ આવેલા છે. શાંત, ભીડવિહોણો અને આસમાની પાણીથી ભરેલો આ સમુદ્રતટ કુદરતપ્રેમીઓ માટે સ્વર્ગ સમાન છે. છથી ચૌદ ઉત્તર અક્ષાંશ વચ્ચે આવેલા આ ટાપુઓ વિષુવવૃત્તીય આબોહવા ધરાવે છે. અહીં ચાર મહિના વસંતઋતુ અને આઠ મહિના વર્ષાઋતુ રહે છે. શિયાળાની ઋતુ અહીં અનુભવાતી નથી.

અંદામાન-નિકોબારમાં ૫૦૦થી વધુ ટાપુઓ આવેલા છે. ભરપૂર વરસાદને કારણે અહીંના જંગલો વિવિધ પ્રકારની વનસ્પતિઓથી સમૃદ્ધ છે. અહીં 'અંડર સી વોક'નો અનોખો અનુભવ કરી શકાય છે, જેમાં ઓક્સિજન માસ્ક પહેરીને સમુદ્રની અંદર ફરી શકાય છે.



અહીં આવેલી સેલ્યુલર જેલની મુલાકાત લીધા વિના ભારતના દરિયાકિનારાની આ સુહાની સફર અધૂરી ગણાય. દેશની આઝાદી માટે સંઘર્ષ કરનારા અસંખ્ય ક્રાંતિકારીઓએ આ જેલમાં અસહ્ય યાતનાઓ ભોગવી હતી. તેમની આ બલિદાનગાથા આજે પણ મુલાકાતીઓની આંખોમાં આંસુ લાવી દે છે.



Chandan®
MOUTH FRESHENER
Khaane Ki Happy Ending!
Refresh
Relish
Repeat
100% NATURAL
HAPPY MOUTH HAPPY YOU
Premium
MOUTH FRESHENER
• TRADITION OF INDIA •
Perfect After Meals
Long Lasting Frehsness
Chandan
PAAN MUKHWAS
Premium Mouth Freshener
Chandan
COCKTAIL THUNDER
Fruit Flavoured Chews
Chandan
Thanda Mitha Paan
Rose Petal Paste
For Export Dept
: exports@chandanmukhwas.com
: +91 8104107284
For Modern Trade Dept
: moderntrade@chandanmukhwas.com
: +91 8104107287
For Retail Dept
: retail@chandanmukhwas.com
: +91 8104107285
The house of Chandan hereby solicit enquiries for:
• Distributor / Retail Sales • Institutional Sales
• Hospitality • Pharmaceutical Chains • Corporate Gifts
Premium
Natural
Ethnic
Mouth Freshener,
Digestives,
Paan
Confectioneries
Superfood
Snacks
Reach us on
/chandan.mukhwas
/chandanmukhwas
/chandanmukhwas
Products are also Available at
/www.chandanmukhwas.com
blinkit
zepto
bigbasket
A TATA Enterprise
DMart
Reliance SMART SUPERSTORE
METRO
Walmart
A TATA and TESCO Enterprise
star
amazon.in



પ્રો. મનોજ જગતાપ

# વિશ્વનું ધબકતું 'તેલ હૃદય...' હોર્મુઝ જળમાર્ગ

આ આધુનિક માનવ સંસ્કૃતિનું સમગ્ર માળખું ઊર્જા ઉપર આધારિત છે. સવારના એલાર્મથી લઈને શહેરોના પ્રકાશ, ખેતી, ઉદ્યોગ, પરિવહન અને ઈન્ટરનેટના ડેટા સેન્ટર સુધી દરેક વ્યવસ્થા ઊર્જાથી ચાલે છે. આજે વિશ્વમાં ઊર્જાનો સૌથી મોટો આધાર ક્રૂડ ઓઈલ છે.

વિશ્વના મોટા ભાગના દેશો પોતાની ઊર્જાની જરૂરિયાત માટે મધ્યપૂર્વના દેશો ઉપર નિર્ભર છે. આ તેલ પુરવઠો વિશ્વના અન્ય દેશોમાં પહોંચાડવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને સાંકડા દરિયાઈ માર્ગમાંથી પસાર થાય છે, જેને હોર્મુઝ જળમાર્ગ (Strait of Hormuz) કહેવામાં આવે છે.

હોર્મુઝ જળમાર્ગ પર્શિયન ગલ્ફને અરબી સમુદ્ર સાથે જોડે છે. તેની ઉત્તર બાજુએ ઈરાન અને દક્ષિણ બાજુએ ઓમાન તથા યુએઈ આવેલાં છે. સાઉદી અરેબિયા, ઈરાક, કુવૈત, કતાર, યુએઈ અને ઈરાન જેવા દેશોમાંથી નીકળતું મોટાભાગનું તેલ આ માર્ગથી વિશ્વના બજારો સુધી પહોંચે છે.

વિશ્વના કુલ ક્રૂડ ઓઈલ પુરવઠાનો લગભગ ૨૦ ટકા ભાગ હોર્મુઝમાંથી પસાર થાય છે. માત્ર ક્રૂડ ઓઈલ જ નહીં, પરંતુ LNG, પેટ્રોલિયમ ઉત્પાદનો અને અન્ય ઈંધણ પણ આ માર્ગથી જાય છે. તેથી હોર્મુઝને વિશ્વ અર્થતંત્રની ઊર્જા જીવનરેખા કહેવામાં આવે છે.

હોર્મુઝનું મહત્વ માત્ર ભૂગોળ પૂરતું નથી, પરંતુ તે વૈશ્વિક રાજકારણ અને સુરક્ષા સાથે પણ જોડાયેલું છે. ઈરાન અને પશ્ચિમી દેશો વચ્ચે લાંબા સમયથી તણાવ રહ્યો છે. પરમાણુ કાર્યક્રમ, પ્રતિબંધો અને મધ્યપૂર્વની રાજકીય સ્થિતિના કારણે ઈરાન ઘણીવાર હોર્મુઝ જળમાર્ગને નિયંત્રિત કરવાની ચેતવણી આપતું રહ્યું છે. આવા કોઈપણ તણાવની સીધી અસર વૈશ્વિક તેલના ભાવ ઉપર પડે છે.

અમેરિકા પણ લાંબા સમયથી પર્શિયન ગલ્ફ વિસ્તારમાં નૌકાદળ તૈનાત રાખે છે. તેનો હેતુ વૈશ્વિક ઊર્જા પુરવઠો સુરક્ષિત રાખવો અને વેપાર માર્ગ ખુલ્લો રાખવાનો છે. હોર્મુઝમાં કોઈ યુદ્ધ કે અવરોધ સર્જાય તો તેની અસર સમગ્ર વિશ્વના અર્થતંત્ર ઉપર પડી શકે છે.

આ જળમાર્ગમાં કોઈ સમસ્યા ઊભી થાય તો તેની અસર સામાન્ય માણસના જીવન સુધી પહોંચે છે. ક્રૂડ ઓઈલ મોંઘું થાય એટલે પેટ્રોલ-ડીઝલના ભાવ વધે છે. પરિવહન ખર્ચ વધવાથી શાકભાજી, અનાજ, દૂધ અને અન્ય જીવનજરૂરી વસ્તુઓ મોંઘી બની શકે છે. ખેતીમાં ડીઝલના ભાવ વધવાથી ઉત્પાદન ખર્ચ પણ વધે છે.

વિમાન ઈંધણ, પ્લાસ્ટિક, રસાયણ, ખાતર અને કાપડ જેવા ઉદ્યોગો પણ પેટ્રોલિયમ ઉપર આધારિત હોવાથી ઓઈલના ભાવમાં વધારો સમગ્ર અર્થવ્યવસ્થાને અસર કરે છે.

હોર્મુઝ સાથે જોડાયેલા જોખમોમાં સૈન્ય તણાવ, ઓઈલ ટેન્કરો ઉપર હુમલા, સમુદ્રી માઈન્સ અને સાઈબર હુમલાઓનો સમાવેશ થાય છે. આવા જોખમોથી જહાજોના વીમા અને પરિવહન ખર્ચ વધી શકે છે તથા વૈશ્વિક બજારમાં અસ્થિરતા સર્જાઈ શકે છે.

ભારત માટે હોર્મુઝનું મહત્વ વિશેષ છે કારણ કે ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું ક્રૂડ ઓઈલ આયાત કરે છે અને તેમાંનો મોટો હિસ્સો મધ્યપૂર્વમાંથી આવે છે. તેથી હોર્મુઝમાં થતી કોઈપણ ઘટના ભારતની ઊર્જા સુરક્ષા માટે મહત્વપૂર્ણ બની જાય છે.

ભારતે હવે માત્ર એક જ વિસ્તાર ઉપર નિર્ભર રહેવાને બદલે રશિયા, અમેરિકા, આફ્રિકા, લેટિન અમેરિકા અને અન્ય દેશોમાંથી પણ તેલ ખરીદવાનું શરૂ કર્યું છે. સાથે સાથે ભારતે વિશાખાપટ્ટનમ, મંગલુરુ અને પદુર જેવા સ્થળોએ વ્યૂહાત્મક ક્રૂડ ઓઈલ સંગ્રહની વ્યવસ્થા ઉભી કરી છે, જેથી સંકટ સમયે પુરવઠો જાળવી શકાય.

લાંબા ગાળે ભારત સોલાર એનર્જી, વિન્ડ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રિક વાહનો અને ઈથેનોલ મિશ્રણ જેવી વૈકલ્પિક ઊર્જા તરફ આગળ વધી રહ્યું છે. આ પ્રયાસોનો હેતુ પેટ્રોલિયમ ઉપરની નિર્ભરતા ઘટાડવાનો છે.

ભવિષ્યમાં નવીનીકરણીય ઊર્જાનો ઉપયોગ વધશે તો હોર્મુઝ ઉપરની નિર્ભરતા ઘટી શકે છે, પરંતુ નજીકના ભવિષ્યમાં તેનું મહત્વ યથાવત રહેશે.

હોર્મુઝ જળમાર્ગ માત્ર એક દરિયાઈ માર્ગ નથી, પરંતુ વિશ્વની ઊર્જા વ્યવસ્થા અને આર્થિક સ્થિરતાનું કેન્દ્ર છે. અહીંની શાંતિ અને સુરક્ષા કોઈ એક દેશની નહીં પરંતુ સમગ્ર વિશ્વની જવાબદારી છે.

ટૂંકમાં, ક્રૂડ ઓઈલનું સંકટ માત્ર ઈંધણની સમસ્યા નથી; તેની અસર દેશની અર્થવ્યવસ્થા, કૃષિ, ઉદ્યોગ, પરિવહન અને સામાન્ય જીવન ઉપર પડે છે. ઊર્જા સુરક્ષા માટે વિવિધ સ્ત્રોતો, વ્યૂહાત્મક સંગ્રહ અને સ્વચ્છ ઊર્જાનો વિકાસ જ ભવિષ્યનો માર્ગ છે. ફી

યજ્ઞેશ આચાર્ય



# ભારતીય સંગીતનો ચમકતો સિતારો હવે અનંતમાં વિલીન
# સુમન કલ્યાણપુર

ગુજરાતના સુપ્રસિદ્ધ પાર્શ્વગાયક સ્વ. ડૉ. કમલેશભાઈ અવસ્થીને ફિલ્મ 'નસીબ'માં પ્લેબેક સિંગર તરીકે ગાવાની તક મળી હતી. આ ગીતમાં તેમના સહગાયિકા સુમન કલ્યાણપુર હતાં. કમલેશભાઈ જ્યોતિષશાસ્ત્રના પણ અભ્યાસુ હતાં. તેમના નસીબમાં પ્રથમ ફિલ્મી ગીતના શબ્દો હતા 'જિંદગી ઈમ્તિહાન લેતી હૈ.'

સુમન કલ્યાણપુર વિશે તેમણે પોતાના પુસ્તક 'મેરા જીવન સંગીત'માં લખ્યું છે કે, 'મેં તેમને પ્રથમ સુમન હેમ્માડી તરીકે સાંભળ્યાં હતાં અને રૂબરૂ સુમન કલ્યાણપુર તરીકે મળ્યો ત્યારે તેઓ કોઈ ફિલ્મી હસ્તી નહીં, પરંતુ એકદમ સરળ, સીધાસાદા અને ઘરેલું ગૃહિણી જેવા લાગ્યાં હતાં.' કમલેશભાઈએ જે રીતે તેમનું વર્ણન કર્યું હતું, એ જ સાદગીભર્યા સ્વરૂપમાં જીવન જીવતાં સુમન કલ્યાણપુરે ૩૧ મેના રોજ મુંબઈના લોખંડવાલા સ્થિત પોતાના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા. હિન્દી અને મરાઠી ફિલ્મજગતનું સુવાસિત 'સુમન' ખરી પડ્યું.

લતાજીથી ગાયકીમાં જરાય પાછળ ન પડતા આ પ્રતિભાશાળી ગાયિકા સુમન કલ્યાણપુરે ૮૯ વર્ષની વયે વિદાય લીધી. કર્ણાટકના મેંગલોરના સારસ્વત બ્રાહ્મણ શંકરરાવ હેમ્માડીની પુત્રી સુમન કલ્યાણપુરનો જન્મ ૨૮ જાન્યુઆરી, ૧૯૩૭ના રોજ પૂર્વ બંગાળના ઢાકામાં થયો હતો. છ ભાઈ-બહેનોમાં તેઓ સૌથી મોટાં હતાં. ૧૯૪૩માં તેમનો પરિવાર મુંબઈમાં સ્થાયી થયો, જ્યાં તેમણે સંગીતની તાલીમ લીધી.

ચિત્રકલા અને સંગીતમાં બાળપણથી જ ઊંડો રસ ધરાવતી સુમને મુંબઈની પ્રખ્યાત સેન્ટ કોલંબા હાઈસ્કૂલમાંથી શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું. ત્યારબાદ ચિત્રકલામાં ઉચ્ચ અભ્યાસ માટે તેમણે પ્રતિષ્ઠિત સર જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં પ્રવેશ મેળવ્યો. તેની સાથે સાથે તેમણે પુણેની પ્રભાત ફિલ્મ્સના સંગીત નિર્દેશક અને પરિવારના નજીકના મિત્ર પંડિત કેશવરાવ ભોળે પાસેથી શાસ્ત્રીય સંગીતનું શિક્ષણ લેવાનું શરૂ કર્યું.

શરૂઆતમાં સુમનજીએ ગાયન કલાને માત્ર એક શોખ તરીકે અપનાવી હતી, પરંતુ ધીમે ધીમે સંગીત પ્રત્યેનો રસ વધતાં તેમણે ઉસ્તાદ ખાન અબ્દુલ રહેમાન ખાન અને ગુરુજી માસ્ટર નવરંગ પાસેથી પણ સંગીતની તાલીમ મેળવી. તેમની નાની બહેન શ્યામા હેમ્માડી પણ ગાયિકા હતાં.

સંગીતક્ષેત્રે તેમનો સૂર્યોદય ૧૯૫૪માં થયો. ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં તેઓ અત્યંત લોકપ્રિય ગાયિકા બની ગયાં. સુમન કલ્યાણપુર અને લતા મંગેશકરના અવાજમાં એટલી સમાનતા હતી કે સુમનજીએ ગીત ગાયું હોવા છતાં ઘણા લોકો તેને લતાજીનો અવાજ માની લેતા. જોકે આવી સરખામણીઓ તેમને વ્યથિત કરતી.

સુમનજી કહેતાં હતાં કે, 'તેમના પરિવારમાં જાહેર કાર્યક્રમોમાં ભાગ લેવા પર સખત મનાઈ હતી, છતાં ૧૯૫૨માં ઓલ ઈન્ડિયા રેડિયો માટે ગાવાની તક તેમણે સ્વીકારી લીધી.' ત્યારબાદ ૧૯૫૩માં રિલીઝ થયેલી મરાઠી ફિલ્મ 'શુક્રાચી ચાંદણી' માટે ગાવાની તક મળી. તે સમયે શેખ મુખ્તાર અને સંગીતકાર મહંમદ શફી ફિલ્મ 'મંગુ' બનાવી રહ્યા હતાં, જેમાં 'કોઈ પુકારે ધીરે સે તુઝકો' લોરી ગીત તેમણે ગાયું હતું. આમ, ૧૯૫૪માં ફિલ્મ 'મંગુ'થી તેમણે હિન્દી ફિલ્મજગતમાં પ્રવેશ કર્યો.

૧૯૫૮માં સુમન હેમ્માડીએ મુંબઈના ઉદ્યોગપતિ રામાનંદ કલ્યાણપુર સાથે લગ્ન કર્યા ત્યારથી તેઓ સુમન કલ્યાણપુર તરીકે ઓળખાવા લાગ્યાં. લગ્ન પછી રામાનંદજી દરેક રેકોર્ડિંગમાં તેમની સાથે જતા. તેમને ચારુલ અગ્નિ નામની એક પુત્રી છે, જે અમેરિકામાં સ્થાયી થઈ છે. તેમની પૌત્રી ઐશ્રી અગ્નિએ ભારત પરત ફરી મુંબઈમાં પોતાની માતાના નામે એક બિનસરકારી સંસ્થા શરૂ કરી છે.

તલત મહેમૂદે એક કોન્સર્ટ દરમિયાન સુમન કલ્યાણપુરને પ્રથમવાર ગાતા સાંભળ્યાં અને તેમના અવાજથી ખૂબ પ્રભાવિત થયાં. સુમન કલ્યાણપુરનું પ્રથમ ફિલ્મી ગીત ૧૯૫૪ની ફિલ્મ 'દરવાજા'માં તલત મહેમૂદ સાથેનું યુગલગીત હતું. એક નવી ગાયિકા માટે સિદ્ધહસ્ત ગાયક સાથે યુગલગીત ગાવું એ એક મોટી સિદ્ધિ સમાન હતું. આ ગીત પછી તેમનું નામ ફિલ્મ ઉદ્યોગમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું.

તે જ વર્ષે તેમણે ફિલ્મ 'આરપાર' માટે સંગીતકાર ઓ.પી. નૈય્યરના નિર્દેશનમાં મોહમ્મદ રફી અને ગીતા દત્ત સાથે લોકપ્રિય ગીત 'મોહબ્બત કર લો, જી ભર લો, આજી કિસને રોકા હૈ' ગાયું. ગીતમાં તેમનો માત્ર એક જ શેર હતો અને કોરસ ગાયિકા તરીકે તેમના અવાજનો ઉપયોગ થયો હતો. ઓ.પી. નૈય્યર માટે ગાયેલું આ તેમનું એકમાત્ર ગીત હતું.

હિન્દી ફિલ્મ સંગીતના સુવર્ણ યુગ ગણાતા ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકામાં શમશાદ બેગમ, ગીતા દત્ત, લતા મંગેશકર અને આશા ભોંસલે જેવી ગાયિકાઓનું પ્રભુત્વ હતું. આ સમયગાળા દરમિયાન લતા મંગેશકર અને મોહમ્મદ રફી વચ્ચે રોયલ્ટી મુદ્દે મતભેદ થતાં લતાજીએ રફી સાથે ગીતો ગાવાનું ટાળ્યું હતું. તે સમયે સુમન કલ્યાણપુરે રફીસાહેબ સાથે અનેક લોકપ્રિય ગીતો રેકોર્ડ કર્યા. તેમણે રફી સાથે ૧૪૦થી વધુ યુગલગીતો ગાયા હતાં, જેમાંથી મોટાભાગનાં ગીતો આજે પણ શ્રોતાઓમાં અત્યંત લોકપ્રિય છે.

હિન્દી ઉપરાંત બંગાળી, મરાઠી, આસામી, ગુજરાતી, કન્નડ, ભોજપુરી, રાજસ્થાની, ઉડિયા, મૈથિલી અને પંજાબી સહિત અનેક ભાષાઓના ફિલ્મી ગીતોને પોતાનો મધુર સ્વર આપનાર સ્વ. સુમન કલ્યાણપુરને ભાવભીની શ્રદ્ધાંજલિ. ફી



ફીલિંગ્સ ટીમ




# સ્પાઈનની સારવારમાં નવી ક્રાંતિઃ

## કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલનો એડવાન્સ્ડ થ્રીડી નેવિગેશન સ્યુટ

પીઠના ગંભીર દુઃખાવાથી પીડાતા દર્દીઓ સ્પાઈન સર્જરી શબ્દ સાંભળે એટલે તરત જ ડરી જાય છે અને આવું વર્ષોથી ચાલતું આવ્યું છે. આની પાછળનું મુખ્ય કારણ જટિલ સર્જરીની ચિંતા, લાંબા ચીરા, અઠવાડિયાઓ સુધી પથારીવશ રહેવાની સમસ્યા અને સર્જરી દરમિયાન અથવા પછી થનારી સંભવિત તકલીફોનો ડર હતો. આ ભયને કારણે હજારો દર્દીઓ પોતાની જીવનશૈલી અને રોજિંદી કામગીરી પર ગંભીર અસર પડતી હોવા છતાં કમરને લગતા અસહ્ય દુઃખાવા અને નસોની નબળાઈ સાથે જીવન જીવી રહ્યા છે. પરંતુ નસો પરના દબાણની સારવાર ન કરાવવાના જોખમો વધુ ગંભીર હોઈ શકે છે. સમય જતાં નબળાઈ વધતી જાય છે, ચાલવા-ફરવાની ક્ષમતા ઘટી શકે છે અને ગંભીર સ્થિતિમાં લકવો પણ થઈ શકે છે.

કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલમાં મહારાષ્ટ્રનું એક અનન્ય પ્રકારનું પ્રથમ સમર્પિત સ્પાઈન સર્જરી સ્યુટ છે. આ એક એવી સંકલિત અને અદ્યતન સુવિધા છે, જેમાં O-Arm O2 ઈમેજિંગ સિસ્ટમ, એડવાન્સ્ડ ન્યુરોમોનિટરિંગ, સેલ સેવર સિસ્ટમ, જેક્સન ઓપરેટિંગ ટેબલ, ઉચ્ચ ગુણવત્તાવાળું સર્જિકલ માઈક્રોસ્કોપ અને સ્પાઈન સર્જરી માટેના તમામ અદ્યતન સાધનોનો સમાવેશ થાય છે. આ સેટઅપ મિનિમલી ઈન્વેઝિવ ટેક્નિક્સને વધુ અસરકારક

### વધુ જોખમ ધરાવતા દર્દીઓ માટે આશાનું નવું કિરણ
### લોકલ એનેસ્થેશિયા હેઠળ એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જરી



**ડૉ. અભિજિત પવાર**
કન્સલ્ટન્ટ, સ્પાઈન અને સ્કોલિયોસિસ સર્જરી, ઓર્થોપેડિક્સ
કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ

બનાવે છે, સર્જરીની ચોકસાઈ વધારે છે અને નાના ચીરા દ્વારા કરોડરજ્જુની સારવાર શક્ય બનાવે છે. પરિણામે દર્દીઓ ઝડપથી સાજા થઈ શકે છે અને દુઃખાવાના ભારમાંથી મુક્ત બની સામાન્ય જીવન જીવતા થઈ જાય છે.

જે રીતે જીપીએસ આપણને વાહન ચલાવતી વખતે સાચો માર્ગ બતાવે છે અને પાર્કિંગ સેન્સર ભૂલો થતી અટકાવે છે, તે જ રીતે 3D નેવિગેશન અને રોબોટિક ગાઈડન્સ સ્પાઈન સર્જરીમાં એકદમ ચોકસાઈ લાવે છે. દર્દીના સિટી સ્કેનના આધારે સમગ્ર સર્જરીનું આયોજન એડવાન્સ્ડ 3D સોફ્ટવેર પર અગાઉથી કરવામાં આવે છે. સર્જરી દરમિયાન O-Arm લાઈવ 3D ઈમેજિંગ પૂરું પાડે છે, જ્યારે નેવિગેશન સિસ્ટમ સર્જનને શરીરના ચોક્કસ ભાગ સુધી મિલિમીટરના સ્તરે માર્ગદર્શન આપે છે. આવી ચોકસાઈ માનવ હાથ દ્વારા શક્ય બનતી નથી.

3D નેવિગેશન અને O-Arm ગાઈડેડ સ્પાઈન સર્જરીથી સર્જન નાના ચીરા દ્વારા સર્જરી કરી શકે છે, જેથી શરીર પર સર્જરીના નિશાન ઓછાં રહે છે તથા ચેપ લાગવાનું જોખમ પણ નોંધપાત્ર રીતે ઘટે છે. આ પદ્ધતિ સ્પાઈનમાં ઈમ્પ્લાન્ટ મૂકવાની પ્રક્રિયામાં રોબોટિક સ્તરની ચોકસાઈ પ્રદાન કરે છે, જેનાથી સર્જરીની સફળતા અને દર્દીની સલામતી બંને વધે છે. આ એડવાન્સ્ડ ટેક્નોલોજીના કારણે સર્જરી પછીનો દુઃખાવો ઓછો રહે છે તેમજ પરંપરાગત સ્પાઈન સર્જરીની સરખામણીએ લોહીનું નુકસાન પણ ઘણું ઓછું થાય છે.

ઝડપી સાજા થવાની ક્ષમતા આ



ટેકનોલોજીનો એક મહત્વપૂર્ણ લાભ ગણાવી શકાય. કેટલાક દર્દીઓને તેમની તબિયત અને કરવામાં આવેલી સર્જરીના આધારે એ જ દિવસે હોસ્પિટલમાંથી રજા પણ આપવામાં આવે છે. આ રીતે ઓપરેશનનો સમય ઓછો હોવાથી દર્દી અને સર્જિકલ ટીમ બંને માટે રેડિયેશનનો સંપર્ક પણ ઓછો થાય છે.

આ ઉપરાંત, 3D સિમ્યુલેશન ટેકનોલોજીથી સર્જરી પહેલાં સર્જન સમગ્ર પ્રોસીજરનું વિગતવાર આયોજન કરી શકે છે. તેના કારણે સર્જરીના પરિણામો વધુ સારા મળે છે અને ઓપરેશન દરમિયાન સર્જનનો આત્મવિશ્વાસ પણ વધે છે.

વધતી ઉંમરને લાંબા સમયથી ઓપન બેક સર્જરી માટે એક મોટો અવરોધ માનવામાં આવતી હતી. ડાયાબિટિસ, હૃદયરોગ અથવા એવા દર્દીઓ કે જેમને જનરલ એનેસ્થેસિયા આપી શકાતો નથી, તેવા દર્દીઓ માટે હવે લોકલ એનેસ્થેસિયા હેઠળ કરવામાં આવતી એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જરી નવી આશા લઈને આવી છે.

હવે દર્દીને સતત દુ:ખાવા સાથે જીવન જીવવું છે કે મોટી સર્જરીનું જોખમ લેવું, એવા બે વિકલ્પોમાંથી કોઈ એક પસંદ કરવાની ફરજ પડતી નથી. મિનિમલી ઈન્વેઝિવ ટેક્નિક્સ દ્વારા દર્દીઓ ફરીથી અગાઉની જેમ પોતાનું રૂટિન જીવન જીવી શકે છે તેમજ પોતાની મનપસંદ પ્રવૃત્તિઓ પણ કરી શકે છે. આ સર્જરીના પરિણામો જ તેની સફળતાની સાબિતી આપે છે. આ સુવિધા શરૂ થયા પછી અનેક વૃદ્ધ દર્દીઓ અગાઉની જેમ જ ફરીથી પોતાની લાઈફને એન્જોય કરી રહ્યાં છે. ફી



# ALGAE TREE આધુનિક પર્યાવરણ મિત્ર ઉપકરણ

આજના સમયમાં વધતા પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગ સામે લડવા માટે વૈજ્ઞાનિકો નવી-નવી શોધો કરી રહ્યા છે. આવી જ એક અનોખી અને અસરકારક શોધ છે. 'Algae Tree'. આ ટેકનોલોજી શહેરોમાં શુદ્ધ હવા પૂરી પાડવા અને કાર્બન ડાયોકસાઈડ ઘટાડવા માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ રહી છે.

Algae Tree એ સામાન્ય વૃક્ષ જેવું દેખાતું આધુનિક ઉપકરણ છે, જેમાં પાણી અને સૂક્ષ્મ શેવાળ (Algae) રાખવામાં આવે છે. શેવાળ સૂર્યપ્રકાશની મદદથી પ્રકાશ સંશ્લેષણ (Photosynthesis) પ્રક્રિયા કરે છે, તે હવામાં રહેલો કાર્બન ડાયોકસાઈડ શોષી લે છે અને બદલામાં ઓક્સિજન છોડે છે. આ રીતે Algae Tree હવામાંથી પ્રદૂષણ ઘટાડવામાં મદદ કરે છે.

વિજ્ઞાનીઓના જણાવ્યા મુજબ, એક Algae Tree અનેક સામાન્ય વૃક્ષો જેટલો ઓક્સિજન ઉત્પન્ન કરી શકે છે. ખાસ કરીને એવા શહેરોમાં, જ્યાં જગ્યા ઓછી હોય અને મોટા વૃક્ષો વાવવાનું મુશ્કેલ હોય, ત્યાં આ ટેકનોલોજી ખૂબ ફાયદાકારક છે. બસ સ્ટેશન, મોલ, જાહેર બગીચા અને રસ્તાઓની બાજુમાં Algae Tree સ્થાપિત કરી શકાય છે.



Algae Tree માત્ર હવા શુદ્ધ કરવા માટે જ નહીં, ઊર્જા ઉત્પાદન માટે પણ ઉપયોગી છે. કેટલાક Algae Tree મોડેલોમાં સોલાર પેનલ અને સ્માર્ટ સેન્સર લગાડવામાં આવે છે જેના કારણે તે આધુનિક પર્યાવરણમિત્ર બને છે. કેટલાક દેશોમાં આ ટેકનોલોજી દ્વારા બાયોફ્યુઅલ અને અન્ય ઉપયોગી પદાર્થો પણ બનાવવામાં આવે છે.

વિશ્વના ઘણા દેશો હવે ગ્રીન સિટી પ્રોજેક્ટમાં Algae Tree નો ઉપયોગ કરી રહ્યા છે. પર્યાવરણને બચાવવા અને લોકોમાં જાગૃતિ લાવવા માટે આ એક ઉત્તમ પ્રયાસ માનવામાં આવે છે. ભારતમાં પણ ભવિષ્યમાં આવી ટેકનોલોજી વધુ પ્રમાણમાં જોવા મળી શકે છે.

આ રીતે Algae Tree પર્યાવરણ સુરક્ષા માટે આશાનું નવું કિરણ છે. જો ટેકનોલોજી અને પ્રકૃતિ વચ્ચેનું સંતુલન જળવાઈ રહેશે, તો આવનારી પેઢીને સ્વચ્છ અને હરિયાળું ભવિષ્ય મળી શકશે.



# રીયલ લાઈફનો હીરો : અક્ષય કુમાર

## કાશ્મીરની સરકારી શાળાને આપ્યું નવું જીવનદાન

ફીલિંગ્સ ટીમ

બોલીવુડના સુપરસ્ટાર અક્ષયકુમાર પોતાની દમદાર એક્ટિંગ, એક્શન અને ફિટનેસ માટે તો હંમેશાં ચર્ચામાં રહે જ છે, પરંતુ તેમની ખરી ઓળખ તેમના પરોપકારી સ્વભાવ અને સામાજિક કાર્યોથી થાય છે. તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના એક અંતરિયાળ સરહદી ગામમાંથી સામે આવેલી તસવીરોએ સાબિત કરી દીધું છે કે અક્ષયકુમાર માત્ર પડદા પર જ નહીં, પણ ખરા અર્થમાં સમાજના 'રીયલ હીરો' છે. વર્ષ ૨૦૨૧માં અક્ષયકુમારે લીધેલા એક ઉમદા નિર્ણયને કારણે આજે કાશ્મીરના સેંકડો બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બન્યું છે.

જૈન ધર્મના સિદ્ધાંતો અને 'અહિંસા પરમો ધર્મ'ની પ્રેરણા : બહુ ઓછા લોકો જાણે છે કે અક્ષયકુમારની આ ઉદારતા અને પરોપકારની ભાવના પાછળ જૈન ધર્મના સંસ્કારો રહેલા છે. અક્ષયકુમાર જૈન ધર્મના વિચારોથી અત્યંત પ્રભાવિત છે અને પોતાની રોજિંદી જિંદગીમાં તેનું ચુસ્ત પાલન કરે છે. તેઓ દરરોજ સૂર્યાસ્ત પહેલાં જ ભોજન કરી લે છે અને જીવદયા તેમજ અહિંસાના માર્ગ પર ચાલે છે.

એક જાણીતા જૈન ધાર્મિક મહોત્સવ દરમિયાન જૈન આચાર્ય ભગવંત સાથેની વાતચીતમાં અક્ષયકુમારે જાહેરમાં સ્વીકાર્યું હતું કે, 'હું પણ હૃદયથી એક જૈન જ છું અને તેના નિયમોનું પાલન કરું છું.' જૈન ધર્મના દયા, કરુણા અને દાનનો આ પ્રવાહ તેમના સામાજિક કાર્યોમાં પણ સ્પષ્ટપણે જોવા મળે છે.

વાત વર્ષ ૨૦૨૧ની છે, જ્યારે અક્ષય કુમાર બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF)ના આમંત્રણ પર જમ્મુ-કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં આવેલી ગુરેઝ વેલીની મુલાકાતે ગયા હતા. લાઈન ઓફ કંટ્રોલ (LOC)ની બિલકુલ નજીક આવેલા નીરૂ તુલાઈલ (Nero Tulail) ગામમાં તેમણે દેશના બહાદુર જવાનોનો ઉત્સાહ વધાર્યો હતો. આ મુલાકાત દરમિયાન તેમણે ત્યાંની સરકારી મિડલ સ્કૂલ (Government Middle School)ની મુલાકાત લીધી અને સ્થાનિક બાળકો સાથે સંવાદ કર્યો.

શાળાની અત્યંત જર્જરિત હાલત અને કડકડતી ઠંડી વચ્ચે પણ બાળકોમાં ભણવાની જિજ્ઞાસા અને લગન જોઈને અભિનેતાનું હૃદય દ્રવી ઊઠ્યું. કોઈપણ પ્રકારની પ્રસિદ્ધિ કે પ્રચારની અપેક્ષા રાખ્યા વિના તેમણે તરત જ શાળાના પુનઃનિર્માણ માટે રૂ.૧ કરોડનું માતબર દાન આપવાની જાહેરાત કરી.

અક્ષયકુમારના આ આર્થિક સહયોગ અને BSFના સંયુક્ત પ્રયાસોથી આ સરહદી શાળાના પુનઃનિર્માણનું કાર્ય યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યું. તેમના દાનના પરિણામે આજે ત્યાં તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ એક ભવ્ય અને સુવ્યવસ્થિત નવું શાળા ભવન ઊભું થઈ ગયું છે. અક્ષયકુમારે આ નવનિર્મિત સ્કૂલ બ્લોકને પોતાના સ્વર્ગસ્થ પિતાની સ્મૃતિમાં 'શ્રી હરિ ઓમ ભાટિયા એજ્યુકેશન ટ્રસ્ટ બ્લોક' (Shri Hari Om Bhatia Education Block) નામ આપ્યું છે.

આ એક કરોડ રૂપિયાના ફંડથી સરહદી વિસ્તારના બાળકોને આધુનિક અને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે માટે શાળામાં નીચે મુજબની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે:

**આધુનિક વર્ગખંડો:** બાળકો માટે હવા-ઉજાસવાળા અને આરામદાયક બેસવાની વ્યવસ્થા ધરાવતા ક્લાસરૂમ્સ.

**કમ્પ્યૂટર લેબ અને લાઈબ્રેરી:** ડિજિટલ શિક્ષણ માટે અદ્યતન કમ્પ્યૂટર લેબ તથા પુસ્તકોથી સમૃદ્ધ લાઈબ્રેરી.

**સ્વચ્છ વાતાવરણ:** શુદ્ધ પીવાનું પાણી અને સ્વચ્છ સેનિટેશન (શૌચાલય)ની સુવિધા.

**મિડ-ડે મીલ શેડ:** સરકારી મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ બાળકો સ્વચ્છ અને હાઈજેનિક વાતાવરણમાં લઈ શકે તે માટે વિશેષ વ્યવસ્થા.

જ્યારે આ નવનિર્મિત શાળાની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ, ત્યારે દેશભરના લોકોએ અક્ષયકુમારના આ કાર્યને દિલથી બિરદાવ્યું. જૈન ધર્મના પરોપકાર અને માનવસેવાના સિદ્ધાંતોને સાચા અર્થમાં ચરિતાર્થ કરીને અક્ષયકુમારે સાબિત કર્યું છે કે, 'માનવ સેવા એ જ સૌથી મોટો ધર્મ છે.'

સલામ છે આ રિયલ લાઈફ સુપરસ્ટારને! ફી





રસોઈ માટે તૈયાર...

# श्री हरि ®

## રેડી-ટુ-કૂક મસાલા

NO onion garlic | NO tuber-roots | 100% natural product

## કાઠિયાવાડી અને માય ચાઈનીઝ મસાલા

# COMBO PACK

**MRP Rs. ~~162~~/-**

# Pay only Rs.120/-

# SAVE Rs. 42/- +

## સરપ્રાઈઝ ગીફ્ટ ઈન-સાઈડ

( 6 KATHIYAWADI MASALA + 4 CHINESE MASALA
+ SURPRISE GIFT INSIDE THE COMBO PACK )



## શ્રેષ્ઠ સ્વાદ, અપાવે કાઠિયાવાડની યાદ !

# કાઠિયાવાડી મસાલા




બટાકા (લસણીયા) સબ્જી મસાલા | સેવ ટમાટર સબ્જી મસાલા | મસાલેદાર ખિચડી મસાલા | રવૈયા ભરવા સબ્જી મસાલા | બેંગન ભરથા મસાલા | સુરતી મમરા (ભુસુ) મસાલા

**અગ્રગણ્ય પ્રોવિઝન / કિરાણા સ્ટોર્સમાં ઉપલબ્ધ**

**હવે ઑનલાઈન શૉપીંગ કરો....**

**CUSTOMER CARE +91 94092 00015**

**www.shriharimasala.com**

Mfg. by: **SHRI HARI MASALA,** Halol, Gujarat, INDIA.

**Email:** shriharimasalahalol@gmail.com

IMAGE MAKER-09327020557




ફીલિંગ્સ ટીમ



# ધર્મસત્તા અને રાજસત્તાનો અદ્‌ભૂત સમન્વય
## વડોદરાના લોકલાડીલા જનનેતા સ્વ. યોગેશ પટેલ હવે અનંતની યાત્રાએ...

'વક્ત ફિસલતા હૈ રેત કી તરહ,
હમ બસ ઉસે સંભાલના ભૂલ જાતે હૈં,
કુછ લોગ બહુત ખાસ હોતે હૈં ઝિંદગી મેં,
હમ બસ ઉન્હે બતાના ભૂલ જાતે હૈં...'

વર્ષ ૧૯૪૬માં જન્મેલા યોગેશ પટેલ ઉર્ફે સૌના લાડીલા યોગેશકાકાએ ભલે આપણી વચ્ચેથી અણધારી વિદાય લીધી હોય, પરંતુ જેના જીવનમાં ધર્મસત્તા અને રાજસત્તાનો અદ્‌ભૂત સમન્વય જોવા મળતો હતો એવા આ અજાતશત્રુ રાજકીય નેતાના નિધનથી વડોદરાવાસીઓને, ખાસ કરીને માંજલપુર વિસ્તારને, તેમની ખોટ ચોક્કસ સાલશે. એક ઉમદા વ્યક્તિ તેમજ નખશિખ શિવભક્ત આ સજ્જન રાજકીય નેતાના જીવનમાં સાવલીવાળા સ્વામીજીનો ખૂબ ઊંડો પ્રભાવ જોવા મળતો હતો.

સ્વામીજીના આદેશથી યોગેશભાઈએ સુરસાગરમાં પ્રસ્થાપિત કરાવેલી 'સર્વેશ્વર મહાદેવ'ની સુવર્ણજડિત વિશાળ પ્રતિમા અને 'શિવજી કી સવારી' બન્ને વડોદરાની આગવી ઓળખ બની ગયા છે.



સાવલીવાળા સ્વામીજી સાથે યોગેશ પટેલની ૩૫ વર્ષ પહેલાની તસવીર

તદ્‌ઉપરાંત વડોદરાના પ્રસિદ્ધ બડા ગણેશ મંદિર તથા જાગનાથ મહાદેવ મંદિરના જિર્ણોદ્ધારમાં પણ યોગેશભાઈનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

ધર્મસત્તા પ્રેમી યોગેશભાઈનો રાજસત્તા સાથે પણ મજબૂત નાતો રહ્યો છે. તેમણે લોકપ્રશ્નોને વાચા આપવા રાજસત્તાની સામે બાંયો પણ ચઢાવી હતી. વર્ષ ૧૯૭૮માં બરોડા ડેરીએ દૂધના ભાવમાં ફક્ત ૧૦ પૈસાનો વધારો કરતાં યોગેશ પટેલે ઉગ્ર વિરોધ કરી ચળવળની આગેવાની લીધી હતી. ત્યારે આગચંપીના પ્રતીકાત્મક કાર્યક્રમ દરમિયાન તેઓ ૭૦ ટકા દાઝી ગયા હતા, પરંતુ સાવલીના સ્વામીજીની કૃપાથી તેઓ ચમત્કારિક રીતે બચી ગયા હતા.




૩૦ વર્ષ પહેલાં વડોદરાની ખાનગી શાળાઓએ કરેલા ફી વધારાના વિરોધમાં તેમણે ચલાવેલી વિદ્યાર્થી હિતરક્ષક ચળવળને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો અને શાળા સંચાલકો પાસેથી રૂ. ૫૦ લાખ જેટલી માતબર રકમ તેમણે વાલીઓને પરત અપાવી હતી. અગાઉના વર્ષોમાં વડોદરામાં છાશવારે થતાં તોફાનો દરમિયાન કરફ્યૂ લાગતો ત્યારે યોગેશભાઈએ નવરાત્રિમાં અમદાવાદી પોળથી રાવપુરા ટાવર સુધીના હુલ્લડિયા ગરબા શરૂ કરાવ્યા હતા, જે આજે પણ લોકોને યાદ છે.

આમ, તેઓ શરૂઆતથી જીવનપર્યંત સદાય લોકોની પડખે રહી સાચા અર્થમાં લોકનેતા બન્યા હતા. પરિણામે સતત આઠ વખત વિધાનસભાની ચૂંટણીમાં વિજયી થઈ તેઓ સૌના લાડકા 'યોગેશકાકા' બન્યા હતા. સરકાર અને કોર્પોરેશન સામે અનાજના કાળાબજારની વાત હોય, વીજ પુરવઠાની સમસ્યા હોય કે નાગરિક સુવિધાઓમાં કોર્પોરેશનની બેદરકારી જેવા પ્રશ્નો હોય, તેઓ સતત લોકો માટે લડતા રહ્યા હતા.

આવા સંવેદનશીલ રાજકીય નેતાને અપાયેલાં શ્રદ્ધાસુમનમાં સદ્‌ગત યોગેશકાકાના વિરાટ વ્યક્તિત્વનું દર્શન થાય છે...



યોગેશભાઈના નિધનથી સાર્વજનિક જીવનના એક અનન્ય સાથીને ગુમાવ્યા છે. તેઓ સાચા અર્થમાં લોકનેતા હતા અને હંમેશા પ્રજાના પ્રશ્નોને નિષ્ઠા, સંવેદના અને પ્રતિબદ્ધતાથી વાચા આપતા રહ્યા હતા.

– વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી



સતત આઠ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવેલા યોગેશભાઈનો સરળ, સૌમ્ય અને મિલનસાર સ્વભાવ દરેક વ્યક્તિને સહજતાથી પ્રભાવિત કરી દેતો હતો. પ્રદેશમાં સંગઠનના વિસ્તરણથી લઈને લોકપ્રશ્નોના નિરાકરણ સુધી, દરેક મોરચે સક્રિય રહી યોગેશભાઈએ લોકોના હૃદયમાં એક અમીટ સ્થાન અને આગવી ઓળખ ઉભી કરી હતી.

**- કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ**

યોગેશભાઈ રાષ્ટ્રસેવા અને જનસેવાના કાર્યોમાં સતત નિષ્ઠાપૂર્વક કર્તવ્યરત રહ્યા હતા અને પોતાના સેવાભાવી સ્વભાવ તથા લોકહિતના કાર્યો દ્વારા સામાન્યજનના હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.



**- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

યોગેશભાઈએ લોકોને સાચું બોલતા શીખવાડ્યું છે. શિવજીની સુવર્ણ પ્રતિમા થકી યોગેશકાકા હંમેશા અમર રહેવાના છે.

**- શ્રી ચંદ્રકાન્ત શ્રીવાસ્તવ (ભથ્થુભાઈ)**
**કોર્પોરેટરશ્રી (કોંગ્રેસ, વડોદરા શહેર)**

ઉત્તમ શિવભક્ત યોગેશકાકાનો ઉમદા સ્વભાવ તેમજ લોકહિતના પ્રશ્નો ઉઠાવવાની તેમની આગવી પદ્ધતિને કારણે અમે તેમને કાયમ યાદ રાખીશું.

**- શ્રીમતી મનીષાબેન વકીલ**
**માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી,**
**મહિલા અને બાળવિકાસ**
**સામાજિક ન્યાય અને સશક્તિકરણ**

આજે વડોદરાએ સાચા જનસેવકને ગુમાવ્યા છે. લોકોના હિતની વાત હોય ત્યારે તેઓ બેબાકપણે સરકાર સમક્ષ રજૂઆત કરતા હતા. તેમની પાસેથી મને પણ ઘણું શીખવા મળ્યું છે.

**- શ્રી હેમાંગ જોશી**
**સાંસદ, વડોદરા શહેર**

શહેરના અગ્રણી અને બહોળો રાજકીય અનુભવ ધરાવતા યોગેશભાઈના નિધનથી ભાજપ સહિત સમગ્ર શહેરને બહુ મોટું નુકસાન થયું છે. અમે અમારા સ્વજન, વડીલ અને માર્ગદર્શકને ગુમાવ્યા છે.

**- ડૉ. જયપ્રકાશ સોની**
**ભાજપ પ્રમુખ, વડોદરા શહેર**



હું યોગેશભાઈને છેલ્લા ૪૫ વર્ષથી ઓળખું છું. તેમના જેવા મહેનતુ, નિષ્ઠાવાન અને ઈમાનદાર વ્યક્તિ બહુ ઓછા જોવા મળે છે. આ એક વડોદરાની જ નહીં, પરંતુ સમગ્ર દેશની ખોટ છે. એક બહેન તરીકે હું તેમના પરિવાર સાથે જોડાયેલી છું. મૃત્યુ તો જીવનનું પરમ સત્ય છે, પરંતુ જીવો તો શાનથી જીવો. યોગેશભાઈ એવું જ ગૌરવપૂર્ણ અને પ્રેરણાદાયી જીવન જીવી ગયા છે.

**- શ્રીમતી મેનકા ગાંધી**
**પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી**



**સ્વ. યોગેશ પટેલના ફીલિંગ્સ સાથેના સુખદ સંસ્મરણો તાજા કરાવતી આ તસવીરોમાં ફીલિંગ્સના એવોર્ડ વિતરણ સમારોહમાં આત્મીયતાના દાવે તેઓ ઉપસ્થિત રહી સમારોહની શોભા વધારતા દૃષ્ટિગોચર થાય છે**





ડૉ. નાનક ભટ્ટ



# વકતા અને લેખકોની અભિવ્યક્તિમાં સરી પડતી ભવિષ્યવાણી...

દેશના પ્રથમ પંક્તિના જર્નાલિસ્ટ રઘુરાય ૮૩ વર્ષની ઉંમરે કેમેરાના લેન્સથી આઉટ ઓફ ફોકસ બની ગયા. બાંગ્લાદેશ વિભાજન, સુવર્ણ મંદિરનું બ્લૂ સ્ટાર ઓપરેશન, મહાકુંભ, મધર ટેરેસા અને ઈન્દિરા ગાંધીના પોર્ટ્રેટ તેમજ ભોપાલ ગેસ કાંડ જેવી ૫૦થી વધુ ઐતિહાસિક ઘટનાઓનું દસ્તાવેજીકરણ કરનાર પદ્મશ્રી રઘુરાય કહેતા હતા, કેમેરાના લેન્સમાંથી તથ્ય (સત્ય)નું વર્તમાન દર્શન જ્યારે માનવ મસ્તિષ્કને ઘટનાઓના ભૂતકાળ અને ભવિષ્યકાળ સાથે તાદાત્મ્યથી જોડે છે, ત્યારે તસવીર કંઈક અદશ્યને પણ કચકડે કંડારતી જોવા મળે છે.

ભગવાન બુદ્ધ કહે છે, 'યં ભવિતું હોતી, તં એકેને તથ્યે સંભવિત', અર્થાત્ જે બનવાનું હોય છે તે એક અર્થમાં બની જ ગયું હોય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં (૭.૨૬) ભગવાન કૃષ્ણ કહે છે, 'હું ભૂતકાળમાં થઈ ગયેલા, વર્તમાનમાં રહેલા અને ભવિષ્યમાં આવનારા તમામ જીવો તથા ઘટનાઓને જાણું છું. સામાન્ય સંસારી જીવો તેને જાણી શકતા નથી.'

માનવ મન ભવિષ્યની ઘટનાઓનું ચોક્કસ તાર્કિક આકલન કરી શકતું નથી. પરંતુ ભૂતકાળના અનુભવોના સંગ્રહ અને વર્તમાનના સમાન એજન્ડાની તુલના દ્વારા મસ્તિષ્કનો પ્રિફ્રન્ટલ કોર્ટેક્સ તાર્કિક વિશ્લેષણના આધારે પ્રોજેક્ટિવ જજમેન્ટ એટલે કે સંભવિત અનુમાનો રજૂ કરી શકે છે. ભારતીય મનોવિજ્ઞાન જેને અર્ધજાગ્રત મનના સંકેતો અથવા છઠ્ઠી ઈન્દ્રિય તરીકે સ્વીકારે છે તેવા અગમ વિચારો વક્તાઓ અને લેખકોની આર્ષવાણીમાં ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે.

ભવિષ્યને વર્તમાનમાં જોનાર નોસ્ટ્રેડેમસે ૧૬મી સદીમાં વિશ્વ બે મહાયુદ્ધોમાં ખુવાર થશે તેવી આગાહી કરી હતી. વર્ષ ૧૯૧૧માં જન્મેલા પ્રજ્ઞાચક્ષુ બાબા વેંગાએ આજથી આશરે ૮૫ વર્ષ પહેલાં જણાવ્યું હતું કે, 'પૃથ્વી ઉપર આબોહવા પરિવર્તન (ગ્લોબલ વોર્મિંગ) અને જીઓપોલિટિક્સનો પ્રભાવ વધશે.' આઈઝેક ન્યૂટને ધાર્મિક ગ્રંથોના આધારે વર્ષ ૨૦૬૦માં પૃથ્વીના અંતની આગાહી કરી છે. જ્યારે રે કુર્ઝવીલે વર્ષ ૨૦૪૫ સુધીમાં મશીન ઈન્ટેલિજન્સ (AI) માનવીય વિચારશક્તિને પાછળ છોડી દેશે તેવી ચેતવણી આપી છે.

ગુજરાતી ભાષાના મધ્યકાલીન ભક્તિકાળના સાહિત્યમાં ગંગાસતીએ 'કળિયુગ પોગ્યો કારમો' પદમાં આજથી લગભગ ૧૩૨ વર્ષ પહેલાં ગાયું હતું કે, 'પરિવારમાંથી ધર્મ અને ભક્તિના સાચા મૂલ્યો ઓગળી જશે. લોકો આત્મતેજની ઓળખ વિના માત્ર બાહ્ય દેખાવ અને પ્રપંચમાં ફસાઈ જશે. શિષ્ય ગુરુના વચનોનું પાલન નહીં કરે અને દંભ ખાતર જ્યોત પ્રજ્વલિત રાખશે. સમાજમાં વ્યક્તિદોષ અને વાદવિવાદથી કલેશ વધશે.' પોતાની વૈયક્તિક અનુભૂતિને કાવ્ય સ્વરૂપે વ્યક્ત કરનાર ગંગાસતીના ભજનોમાં ૨૧મી સદીના સામાજિક અને માનવીય સંબંધોની કરાયેલી આગાહી આજે હકીકત બની છે.

આમ છતાં સમાજ જેને સામાન્ય સ્ત્રી-પુરુષો તરીકે ઓળખે છે, તેમની વાત, લખાણ કે અભિવ્યક્તિમાં, તેમના સ્વપ્નોમાં અથવા એકાગ્રતાની આલ્ફા અવસ્થામાં, અનાયાસે જ આવનારા સમયનું આછું-પાતળું સત્યદર્શન અભિવ્યક્ત થયાના અનેક ઉદાહરણો જોવા મળે છે.

આદ્દિ શંકરાચાર્યે જેને એકાત્મક ભાવ તરીકે વર્ણવ્યું છે, તેવી મનોસ્થિતિમાં વ્યક્તિ કોઈ એક ભાવમાં સંપૂર્ણ સ્થિર થઈ પોતાનું અહંકારભાન ગુમાવી બેસે છે અને તેનું મન ચેતનાના અનુસરણમાં આગળ વધે છે. અમેરિકન મનોવિજ્ઞાની ડૉ. મિહાલી સિક્સ્ઝેન્ટમિહાલીના અભ્યાસ મુજબ માનવ મસ્તિષ્ક પ્રતિ સેકન્ડ મળતી માહિતીના વિશ્લેષણ અને સંકલનથી ઉપર ઊઠે ત્યારે અચેતન મન જેનેટિકલ મેમરી સાથે અનુસંધાન સાધવા લાગે છે. ભારતીય દર્શનમાં જેને એકાત્મક ભાવની સ્થિતિ કહેવામાં આવે છે, તેને પશ્ચિમી વિજ્ઞાન 'ફ્લો સ્ટેટ' તરીકે ઓળખે છે.

એકાગ્રતાની પરાકાષ્ઠાએ ગાયક, ચિત્રકાર, નૃત્યકાર અને કારીગરો ભૂખ, તરસ તથા ઊંઘ જેવી જૈવિક સંવેદનાઓથી ઉપર ઊઠી જાય છે. આનંદપૂર્વક સ્વીકારેલી એકાગ્રતાની ચરમસીમાને મનોવિજ્ઞાનમાં સ્ટીવન કોટલર 'હાઈપર ફ્લો' અથવા 'ફ્લો સ્ટેટ' તરીકે વર્ણવે છે. આ અવસ્થામાં મસ્તિષ્કની કાર્યક્ષમતા અનેકગણી વધી જાય છે. પ્રાણાયામ દ્વારા મસ્તિષ્કને વધુ ઓક્સિજન પૂરો પાડવાની સાથે ગાઢ ધ્યાન અને એકાગ્રતાની સ્થિતિમાં ભારતના ઋષિમુનિઓએ સમગ્રતા સાથે સચોટ અનુબંધ સ્થાપિત કર્યાના ઉદાહરણો વેદ, ઉપનિષદો અને પુરાણોમાં નોંધાયેલા છે.

માણસનું વિષય સાથેનું તાદાત્મ્ય હવે પોલીસોમ્નોગ્રાફી દ્વારા નોંધવામાં આવી શકે છે અને 'ડ્રીમ ચેટ' ઉપર કાર્યરત રેમ-સ્પેસના સંશોધકોએ સ્વપ્નમાં ઉકેલાયેલા કોયડા અને કઠિન પ્રશ્નોને ચિત્ર સ્વરૂપે રજૂ કરવામાં સફળતા મેળવી છે.

ઉપનિષદો સમયને બ્રહ્મનું સ્વરૂપ માને છે, જે ભૂત, વર્તમાન અને ભવિષ્યને એક તારે બાંધે છે. મૈત્રી ઉપનિષદ અનુસાર સમય સનાતન સત્યનો જ એક અંશ છે. ઉપનિષદનું દર્શન કહે છે કે, 'પરમસત્ય ત્રણે કાળથી પર છે, છતાં વર્તમાન શાશ્વત અસ્તિત્વ હોવાથી તેમાં જ ભવિષ્ય સમાયેલું છે.' ડાર્ક મેટર સાથે સંકળાયેલી ક્વોન્ટમ થિયરી પણ આ જ પ્રકારની સંભાવનાઓ તરફ સંકેત કરે છે. ભારતીય દર્શનમાં સમય રેખીય નહીં, પરંતુ ચક્રિય માનવામાં આવે છે. મૈત્રી ઉપનિષદ સ્પષ્ટપણે કહે છે કે, 'ભૌતિક અધઃપતન ભવિષ્યમાં આવનારા પરિવર્તનનો જ આડકતરો અંશ છે.'

પતંજલિ જેને મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય શરીર તરીકે વર્ણવે છે, તે અવસ્થાને સક્રિય કરવા માટે ચિત્તની એકાગ્રતા અનિવાર્ય છે. આવી એકાગ્રતામાંથી સહજભાવે અભિવ્યક્ત થતી આર્ષવાણી ભવિષ્યનું સ્વરૂપ ધારણ કરે છે અને અગમચેતી બની રહે છે. લેખકો, વક્તાઓ, સંગીતજ્ઞો અને કલાકારોની એકરસ અભિવ્યક્તિમાં પ્રગટ થતું ચમત્કારી તત્વ ખરેખર તો વિજ્ઞાન જ છે. જ્યારે ભવિષ્ય વર્તમાન બની સહજ રીતે વહેતું થાય છે.


Read online : www.feelingsmultimedia.com

■ દીપા દેસાઈ





# જિંદગી હજી બાકી છે દોસ્ત...

જિંદગી જ્યારે 'વિસામો' લેવા બેઠી હોય ત્યારે હથેળીના કંપનમાં કે લથડાયેલા પગરણમાં, મગજમાં અફળાતી વેદના અને પીગળતા હૈયામાં જામી પડેલા ડૂમામાં, થીજેલા આંસુઓની કોતરાયેલી લાગણીઓ શબ્દોના સંવાદ બનીને ફિલ્મી પડદે ભજવાય છે ત્યારે જીવનસંધ્યાની એ સંવેદના 'શીલાલેખ' બની અડીખમ ઊભી રહે છે. એ સંવેદનાનું ફિલ્મી નામ એટલે 'જિંદગી હજી બાકી છે દોસ્ત...'

વૃદ્ધાવસ્થાના સંઘર્ષમાં જીત મેળવવા 'સિનિયર સિટિઝન' શબ્દના એક-એક અક્ષરને નબળામાંથી સબળા સાબિત કરતી આ ફિલ્મ વર્તમાન સમાજની સચોટ આપવીતી રજૂ કરે છે. સંતાન ઉછેરમાં પોતાનાથી થયેલી ભૂલોનો સ્વીકાર કરીને, આજના સમયમાં વૃદ્ધાશ્રમો કરતાં સંસ્કારસિંચન કરતી શિક્ષણ સંસ્થાઓની તાતી જરૂરિયાત પણ સાબિત કરે છે. આ ફિલ્મના વિચારબીજથી લઈને સંવાદલેખન, અભિનય, દિગ્દર્શન, નિર્માણ, સંગીત, કેમેરા કારીગીરી અને પડદા પાછળની સમગ્ર ટીમને સો-સો સલામ.

કર્ણપટલ દ્વારા હૃદયમાં સોંસરવા ઊતરી જતા સંવાદો સાથે ભીંજાઈને જીવનની સેકન્ડ ઈનિંગ્સને ઉમંગભેર ઉજવવાનો અહેસાસ માણવો હોય તો આ ફિલ્મ જરૂરથી જોવા જેવી છે એટલું તો ચોક્કસ કહી શકાય.

ફિલ્મમાં દરેક કલાકારે પોતાના પાત્રને યોગ્ય ન્યાય આપ્યો છે. નવોદિત કલાકારો જય પંડ્યા અને શ્યામ માખેચાનો અભિનય કાબિલે-દાદ છે. ભારતની દરેક ભાષામાં આ ફિલ્મ રજૂ થવી જોઈએ, એવું દર્શકમિત્રોનું માનવું છે.

'જિંદગી હજી બાકી છે દોસ્ત...' આ ફિલ્મ નિહાળ્યા પછી દર્શકોને કેવી અનુભૂતિ થાય છે, તે જાણવા આપની દોસ્ત દીપા દેસાઈ લઈને આવી છે દર્શકમિત્રોના અભિપ્રાય, તેઓના જ શબ્દોમાં...

'આ ફિલ્મ કરમુક્ત થવી જ જોઈએ. સંતાનોને મા-બાપના પ્રેમ કે પરસેવાની પરવા નથી, પરંતુ વારસો મેળવવાની તાલાવેલી છે.'

'આજે ગુજરાતમાં જ ૩૭૦થી વધુ વૃદ્ધાશ્રમો છે. આજના સમાજનો સળગતો સવાલ અને તેનો જવાબ લઈને આ ફિલ્મ આવી છે. વૃદ્ધ માતા-પિતાએ પોતાની જ માલિકી સાબિત કરવા પોતાના જ સંતાનો સામે કોર્ટના દરવાજા ખખડાવવા પડે? સમાજ ક્યાં જઈ રહ્યો છે? આ પ્રશ્નોના જવાબ આ ફિલ્મ જોવાથી મળી જશે.'

'જિંદગી હજી બાકી છે દોસ્ત...' એ માત્ર ફિલ્મ નથી, પરંતુ જીવનના દરેક પડાવ પર હિંમતભેર ઊભા રહેવાની, મુક્ત આકાશમાં ફરી ઊડવાની અને દરેક ક્ષણને પોતાના અંદાજમાં જીવી લેવાની એક અદ્ભૂત દાસ્તાન છે.

**- રાગી જાની,**
**જાણીતા ફિલ્મ અભિનેતા**

આજકાલ જે ફિલ્મો બની રહી છે, તેનાથી કંઈક અલગ સંદેશ લઈને આ પારિવારિક ફિલ્મ બની છે. ખાસ કરીને આજના બાળકો અને યુવાનોએ ઘરના વડીલો સાથે આ ફિલ્મ જોવી જોઈએ. તમારો જિંદગી જોવાનો દૃષ્ટિકોણ બદલાઈ જશે. સમગ્ર ટીમને અભિનંદન.

**- ડિમ્પલ કાવા, જાણીતી અભિનેત્રી**
**અને ગાયિકા, મુંબઈ**

'જિંદગી હજી બાકી છે દોસ્ત...' એવા લોકોની કહાની છે, જેઓ સમય, સંજોગો અને ઉંમર સામે હાર માનવાને બદલે જીવનને ફરી એકવાર ખુલ્લા દિલથી જીવવા માંગે છે. આ હૃદયસ્પર્શી રજૂઆત તમારી જિંદગીનો ઉત્સાહ વધારશે. જીવનસંધ્યાના સૂર્યાસ્તની રંગીનતા માણવા આ ફિલ્મ અચૂક જુઓ.

**- મેહુલ બુચ, અભિનેતા, કથા-પટકથા**
**અને સંવાદ લેખક**

આ ફિલ્મ એવી અપવાદરૂપ બની છે કે તેના સંવાદો, વાર્તા અને સ્ક્રીનપ્લે અદ્ભૂત રીતે સચોટ સંવેદના આપે છે. આંખ બંધ રાખીને પણ તમે કલાકારોને સાંભળો તો એક નહીં, અનેક અનોખાં સ્પંદનો જાગી ઊઠે છે.

**- રાજેન્દ્ર વ્યાસ, ફિલ્મ દિગ્દર્શક**

'જિંદગી હજી બાકી છે દોસ્ત...' ફિલ્મનું ટ્રેલર જોવા મળ્યું, જેમાં એક સંવાદ સાંભળવા મળ્યો 'બહુ મોટી ભૂલ થઈ ગઈ છે આપણી પેઢીથી.' શ્રવણ, કાવડ અને જાત્રાની ભ્રમણામાં સતત રાચતા આપણે હંમેશાં આપણા સંતાનો સામે ઓશિયાળા થઈને આધારની અપેક્ષા જ રાખી છે.

**- હેતલ બિપિન પટેલ, દોહા (કતાર)**

આ ફિલ્મ ખરેખર સરસ સંદેશ લઈને આવી છે. એક પત્ની અને મા તરીકેના લેખા-જોખામાં એટલું જ કહીશ કે, પુત્રને પ્રેમ કરો પરંતુ લાગણીમાં એવા ન તણાઈ જાવ કે તમારી વિદાય પછી તમારા જીવનસાથીની જિંદગી બરબાદ થઈ જાય. વડીલોને તો આ ફિલ્મ ગમશે જ પરંતુ યુવા વર્ગ પણ આ ફિલ્મને જરૂર વધાવશે. જીવનસંધ્યાની સફર તમારે પણ કરવાની છે ને?

**- જૈમિની ત્રિવેદી, વરિષ્ઠ અભિનેત્રી**

નમસ્તે દોસ્તો, એક વાત બહુ સાચી છે કે ખુમારી ક્યારેય ઘરડી થતી નથી અને દિલ ક્યારેય નિવૃત્ત થતું નથી.

**- ભરત ઠક્કર,**
**જાણીતા અભિનેતા**



સંજય થોરાત 'સ્વજન'

# મોદી મેજિક : રણમાં ઊર્જા, સમુદ્રમાં વેપાર અને બરફમાં ભવિષ્ય..!

## વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના યુએઈ, ઈરાન અને નોર્વેના પ્રવાસ પાછળનું અર્થશાસ્ત્ર

કહેવાય છે કે કૂટનીતિ મોટા બંધ રૂમોમાં, ભારે ફાઈલોમાં અને ગંભીર ચહેરાઓ વચ્ચે થાય છે. પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ ઈટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીને Melody ટોફી ભેટ આપી સાબિત કરી દીધું કે ક્યારેક દુનિયાના સૌથી મોટા વેપારી કરારોની શરૂઆત માત્ર એક રૂપિયાની ટોફીથી પણ થઈ શકે છે. શરૂઆતમાં જ્યારે આ સમાચાર ફેલાયા ત્યારે આજના ડીપફેકના યુગમાં લોકોને લાગ્યું કે આ ચોક્કસ AIની કોઈ કરામત હશે. પરંતુ સસ્પેન્સ ત્યારે પૂર્ણ થયું જ્યારે ખુદ જ્યોર્જિયા મેલોનીએ પોતાના ઓફિશિયલ X (ટ્વિટર) હેન્ડલ પરથી વીડિયો પોસ્ટ કરીને લખ્યું, Thank you for the gift!

મોદીજીએ આ એક રૂપિયાની ટોફી દ્વારા Made in India અને Make in Indiaની એવી બ્રાન્ડિંગ કરી કે તેનો ડંકો સીધો રોમની ગલીઓ સુધી ગુંજી ઉઠ્યો.

આજના વિશ્વમાં વિદેશ નીતિ માત્ર રાજદ્વારી મુલાકાતો, સંયુક્ત નિવેદનો અથવા ઔપચારિક ફોટોગ્રાફ્સ સુધી મર્યાદિત નથી. દરેક મુલાકાત પાછળ વેપાર, ઊર્જા સુરક્ષા, રોકાણ, ટેક્નોલોજી, રોજગારી અને ભૂરાજકીય હિતોનું એક જટિલ અર્થશાસ્ત્ર કાર્યરત હોય છે. ભારતની વિદેશ નીતિમાં પણ આવું જ પરિવર્તન જોવા મળ્યું છે. ભારત આજે વિશ્વની મહાસત્તાઓ સાથે સંબંધો જાળવવાની સાથે પોતાના રાષ્ટ્રીય હિતોને પણ કેન્દ્રસ્થાને રાખીને આગળ વધી રહ્યું છે.

યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ), ઈરાન અને નોર્વે સાથે ભારતના વધતા સંબંધો આ નવી વિચારધારાનું ઉત્તમ ઉદાહરણ છે. આ ત્રણેય દેશો ભૌગોલિક રીતે અલગ છે, તેમની અર્થવ્યવસ્થા અલગ છે અને તેમની વ્યૂહાત્મક પ્રાથમિકતાઓ પણ જુદી છે. છતાં ભારત માટે ત્રણેય દેશોનું મહત્વ અસાધારણ છે. યુએઈ ભારતની ઊર્જા અને વેપાર સુરક્ષાનો આધારસ્તંભ છે, ઈરાન મધ્ય એશિયા સુધી પહોંચવાનો વ્યૂહાત્મક દરવાજો છે અને નોર્વે ભારતના હરિત ભવિષ્યનું મહત્વપૂર્ણ ભાગીદાર છે.

**યુએઈ : વિશ્વાસ, વિકાસ અને વેપારનું મોડેલ**

વડાપ્રધાન મોદી અને યુએઈના નેતૃત્વ વચ્ચે વિકસેલા સંબંધોએ ભારત-યુએઈ ભાગીદારીને નવી ઊંચાઈએ પહોંચાડી છે. એક દાયકાથી પણ ઓછા સમયમાં બંને દેશો વચ્ચેના સંબંધો સામાન્ય વેપારી સહકારમાંથી આગળ વધીને વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત થયા છે.

આજે યુએઈ ભારતનો ત્રીજો સૌથી મોટો વેપાર ભાગીદાર અને મહત્વપૂર્ણ રોકાણકાર દેશ છે. બંને દેશો વચ્ચે થયેલા CEPA (Comprehensive Economic Partnership Agreement) કરાર પછી વેપારને નવી ગતિ મળી છે. ભારત અને યુએઈ વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર છેલ્લા કેટલાક વર્ષોમાં સતત વધ્યો છે અને તે લગભગ ૧૦૦ અબજ ડોલરની સપાટીએ પહોંચી રહ્યો છે. CEPAના કારણે ભારતીય રત્ન-ઝવેરાત, ટેક્સટાઈલ, એન્જિનિયરિંગ માલ, કૃષિ ઉત્પાદનો અને ફાર્માસ્યુટિકલ્સને યુએઈ મારફતે આફ્રિકા તથા યુરોપના બજારો સુધી વધુ સરળ પહોંચ મળી છે.

ભારત માટે યુએઈનું સૌથી મોટું મહત્વ ઊર્જા સુરક્ષામાં છે. ભારત તેની જરૂરિયાતનું મોટાભાગનું ક્રૂડ ઓઈલ આયાત કરે છે. વૈશ્વિક બજારમાં તેલના ભાવમાં થતી વધઘટ સીધી ભારતીય અર્થતંત્રને અસર કરે છે. આવી સ્થિતિમાં યુએઈ જેવા વિશ્વસનીય ભાગીદાર સાથેના મજબૂત સંબંધો ભારત માટે આર્થિક સ્થિરતા અને ઊર્જા સુરક્ષાનું મહત્વપૂર્ણ કવચ બની જાય છે.

હવે યુએઈ સાથેના સંબંધોમાં માત્ર વેપાર જ નહીં, પરંતુ વ્યૂહાત્મક કનેક્ટિવિટીનો પણ ઉમેરો થયો છે. ભારત-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર (IMEC) તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ પ્રોજેક્ટ ભારતને મધ્યપૂર્વ અને યુરોપ સાથે વધુ ઝડપથી જોડશે. ભવિષ્યમાં આ કોરિડોર સુએઝ કેનાલના વિકલ્પરૂપે મહત્વપૂર્ણ બની શકે છે તેમજ ભારતીય નિકાસકારો માટે સમય અને ખર્ચ બંનેમાં ઘટાડો કરી શકે છે.

યુએઈ સાથેના સંબંધોની સૌથી વિશેષ બાબત ગોલ્ડ અને ટુરિસ્ટ ડિપ્લોમસી છે. મોદીની વિદેશ નીતિમાં પ્રવાસી ભારતીયો માત્ર મતદાતા કે દર્શક નથી, પરંતુ ભારતના અનૌપચારિક બ્રાન્ડ એમ્બેસેડર છે.

યુએઈમાં વસતા ૩૫ લાખથી વધુ ભારતીયો દર વર્ષે અબજો ડોલરનું હૂંડિયામણ ભારત મોકલે છે. આ માત્ર નાણાનો પ્રવાહ નથી, પરંતુ બંને દેશો વચ્ચેના વિશ્વાસ અને માનવીય સંબંધોની મજબૂત કડી છે. યુએઈ સાથેનો સંબંધ ભારતને વેપાર, રોકાણ, ઊર્જા અને વૈશ્વિક પ્રતિષ્ઠા ચારેય ક્ષેત્રોમાં લાભ આપે છે.

આવી સ્થિતિમાં યુએઈ જેવા સ્થિર અને વિશ્વસનીય ઊર્જા ભાગીદાર સાથેના સંબંધો ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે.

**ઈરાન : હોર્મુઝ સ્ટ્રેટ, ચાબહારનું અર્થશાસ્ત્ર અને મધ્ય એશિયાનો દરવાજો**

જો યુએઈ ભારતની ઊર્જા સુરક્ષા સાથે જોડાયેલું છે, તો ઈરાન ભારતની વ્યૂહાત્મક કનેક્ટિવિટીનું કેન્દ્ર છે. ઈરાન સાથેના સંબંધોને માત્ર તેલના વેપારથી માપી શકાય નહીં. તેની પાછળ મધ્ય એશિયા, અફઘાનિસ્તાન, રશિયા અને યુરોપ સુધી પહોંચવાની ભારતની લાંબા ગાળાની વ્યૂહરચના કાર્યરત છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના યુએઈ અને ઈરાન સાથેના વધતા સંબંધોને માત્ર ઊર્જા આયાતના ચશ્માથી જોવું પૂરતું નથી. ભારત જે વ્યૂહાત્મક દિશામાં આગળ વધી રહ્યું છે, તેનું મુખ્ય લક્ષ્ય દેશના આર્થિક વિકાસને વૈશ્વિક ઊર્જા માર્ગોની અસ્થિરતાથી અલગ કરવાનું છે.

વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંનો એક હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના આશરે પાંચમા ભાગના ક્રૂડ ઓઈલનું પરિવહન કરે છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધ, હુતી હુમલા, ગાઝા સંકટ અથવા ઈરાન-અમેરિકા તણાવ જેવી ઘટનાઓ વિશ્વની ઊર્જા સુરક્ષાને જોખમમાં મૂકી શકે છે. પરંતુ ભારત છેલ્લા કેટલાક વર્ષોથી પોતાની ઊર્જા અને વેપાર નીતિને એવી રીતે ગોઠવી રહ્યું છે કે કોઈપણ વૈશ્વિક સપ્લાય ચેઈન અથવા લાંબા ગાળાની દરિયાઈ નાકાબંધી તેની વ્યૂહાત્મક સ્વાયત્તતાને અસર ન કરી શકે.

ઈરાનનું ચાબહાર બંદર આ સમગ્ર વ્યૂહરચનાનું હૃદય છે. મે ૨૦૨૪માં ભારત અને ઈરાને ચાબહારના શાહિદ બહેશ્તિ ટર્મિનલના સંચાલન માટે ૧૦ વર્ષનો ઐતિહાસિક કરાર કર્યો હતો. હવે ભારત પ્રથમ વખત કોઈ વિદેશી બંદરનું લાંબા ગાળાનું સંચાલન કરી રહ્યું છે.

ચાબહાર બંદરનું સાચું મહત્વ એ છે કે તે ભારતને પાકિસ્તાનને બાયપાસ કરીને સીધી રીતે અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સાથે જોડે છે. વર્ષોથી ભારતને પાકિસ્તાન મારફતે જમીન માર્ગની મંજૂરી મળતી નહોતી.

રશિયા-યુક્રેન યુદ્ધ અને પશ્ચિમ એશિયાના તણાવોએ સમગ્ર વિશ્વને શીખવ્યું છે કે વેપાર માટે એક જ માર્ગ પર આધાર રાખવો જોખમી બની શકે છે. ચાબહાર ભારતને એવો વૈકલ્પિક માર્ગ આપે છે, જે ભવિષ્યમાં કોઈપણ ભૂરાજકીય સંકટ દરમિયાન વેપાર અને સપ્લાય ચેઈનને ચાલુ રાખવામાં મદદ કરી શકે છે.

ઈરાન સાથેના સંબંધોમાં ઊર્જા પણ મહત્વપૂર્ણ પરિબળ છે. અમેરિકી પ્રતિબંધોને કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત-ઈરાન વેપારમાં ઘટાડો થયો છે, છતાં ઈરાન ભારત માટે ઊર્જા સુરક્ષાના દૃષ્ટિકોણથી મહત્વપૂર્ણ દેશ છે.

ઈરાન સાથેના સંબંધોની બીજી વિશેષતા એ છે કે તે માત્ર રાજકીય કે વેપારી નથી. બંને દેશો વચ્ચે હજારો વર્ષ જૂના સાંસ્કૃતિક સંબંધો છે.

**નોર્વે: હરિત ભવિષ્ય અને ટેક્નોલોજીની ભાગીદારી**

જો યુએઈ વર્તમાનનું પ્રતિનિધિત્વ કરે છે અને ઈરાન વ્યૂહાત્મક કનેક્ટિવિટીનું, તો નોર્વે ભવિષ્યની અર્થવ્યવસ્થાનું પ્રતિનિધિત્વ કરે છે.

વિશ્વ આજે ધીમે ધીમે ફોસિલ ઈંધણથી ગ્રીન એનર્જી તરફ આગળ વધી રહ્યું છે. નોર્વે આ ક્ષેત્રમાં અગ્રણી દેશોમાંનો એક છે. ઈલેક્ટ્રિક વાહનો, ઓફશોર વિન્ડ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન અને કાર્બન ઘટાડા માટેની ટેક્નોલોજીમાં નોર્વેનો અનુભવ વિશ્વભરમાં માન્યતા પામેલો છે.

ભારત અને નોર્વે વચ્ચેનો સહકાર માત્ર વેપાર પૂરતો મર્યાદિત નથી. બંને દેશો બ્લૂ ઈકોનોમી, સમુદ્રી પરિવહન, નવીનીકરણીય ઊર્જા અને ટેક્નોલોજી ક્ષેત્રે સાથે મળી કામ કરી રહ્યા છે.

ભારત માટે સૌથી મહત્વપૂર્ણ બાબત EFTA (European Free Trade Association) સાથે થયેલો વેપાર કરાર છે. નોર્વે, સ્વિટ્ઝર્લેન્ડ, આઈસલેન્ડ અને લિક્ટેન્સ્ટાઈનનો સમાવેશ કરતી આ સંસ્થા સાથેના કરાર હેઠળ આગામી ૧૫ વર્ષમાં ૧૦૦ અબજ ડોલરના રોકાણ અને ૧૦ લાખ સીધી રોજગારી સર્જવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. આ કરારને ભારતના સૌથી મહત્વપૂર્ણ આર્થિક કરારોમાંનો એક માનવામાં આવે છે.

આ કરારથી ભારતને રોકાણ ઉપરાંત અદ્યતન ટેક્નોલોજી, કુશળતા વિકાસ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રોમાં પણ લાભ મળશે. ખાસ કરીને મશીનરી, એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ અને ગ્રીન ટેક્નોલોજી ક્ષેત્રમાં નવા અવસર ઊભા થશે.

નોર્વે સાથેના સંબંધોનું મહત્વ એટલા માટે પણ વધે છે કે ભવિષ્યમાં વૈશ્વિક અર્થવ્યવસ્થાની દિશા ગ્રીન એનર્જી અને કાર્બન-ન્યુટ્રલ વિકાસ તરફ રહેશે.

**ભારતની નવી વિદેશ નીતિ : મેલોડી ડિપ્લોમસીથી મલ્ટિ-અલાઈનમેન્ટ**

વડાપ્રધાન મોદીની વિદેશ નીતિની વિશેષતા એ છે કે તેઓ સંબંધોને માત્ર સરકારો સુધી મર્યાદિત રાખતા નથી, પરંતુ વેપાર, સંસ્કૃતિ, પ્રવાસી ભારતીયો અને રોકાણને પણ સાથે જોડે છે. આ અભિગમને ઘણા વિશ્લેષકો 'મેલોડી ડિપ્લોમસી' તરીકે ઓળખાવે છે.

આજનું ભારત અમેરિકા સાથે મજબૂત સંબંધો, રશિયા સાથે વ્યૂહાત્મક સહકાર, ઈરાન સાથે ભાગીદારી અને યુએઈ તથા યુરોપ સાથે વધતા વેપાર દ્વારા નવી 'મલ્ટિ-અલાઈનમેન્ટ' નીતિને સફળતાપૂર્વક અમલમાં મૂકી રહ્યું છે.

યુએઈનું રણ, ઈરાનનું ચાબહાર બંદર અને નોર્વેના બરફીલા દરિયાકિનારા ત્રણેય સ્થળો ભૌગોલિક રીતે એકબીજાથી ખૂબ દૂર છે. છતાં ભારત માટે આ ત્રણેય દેશો એક જ સૂત્રથી જોડાયેલા છે – રાષ્ટ્રીય હિત.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ ત્રણેય દેશોના પ્રવાસોને માત્ર રાજદ્વારી કાર્યક્રમ તરીકે નહીં, પરંતુ ભારતના ભવિષ્યના આર્થિક અને વ્યૂહાત્મક નકશાના મહત્વપૂર્ણ અધ્યાય તરીકે જોવાની જરૂર છે.





## સેલ્ફ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (SSR)નું જીવંત ઉદાહરણ

# ડૉ. સ્મિતા જોષી અને ડૉ. શુકલાબેન રાવલ

મુકેશ પારેખ

'એક એવો માનવી સદ્ધર મળે,
જેના સરનામે મને ઈશ્વર મળે.'
- (ખલીલ ધનતેજવી)

જીવનમાં માત્ર આર્થિક સદ્ધરતાને જ સફળતા માનતા ગણતરીબાજ લોકોની માન્યતાઓને પડકારતો ખલીલ ધનતેજવીનો આ શેર જ્યાં સો ટકા ચરિતાર્થ થતો દેખાય છે, તેવો 'જનસેવા એ જ જગન્નાથ સેવા'ના સિદ્ધાંતને જીવનમંત્ર બનાવનાર ડૉ. વાસુદેવ જ. રાવલ (ઉંઝા)નો પરિવાર છે. ચાર-ચાર પેઢીઓથી આ પરિવાર તબીબી વ્યવસાયને માત્ર જનસેવાનું સાધન માનીને નિભાવતો આવ્યો છે. આર્થિક સદ્ધરતાની સંપૂર્ણ બાદબાકી કરીને, કરુણાથી સદ્ધર એવા આ ઋષિતુલ્ય તબીબ પરિવારના દર્શન કરવાથી ધન્યતા અનુભવાય છે.

આ પરિવારમાં સૌપ્રથમ નામ ડૉ. વાસુદેવ જ. રાવલનું લેવું પડે. તેઓ ગરીબ દર્દીઓને માત્ર મફત દવા જ આપતા નહોતા, પરંતુ સાથે જમવાનું અને અત્યંત જરૂરિયાતમંદ દર્દીઓને આવવા-જવાનું ભાડું પણ આપતા હતા. તેમના આ સેવાભાવના વારસાને આગળ ધપાવતા બીજી પેઢીના ડૉ. અનિલભાઈ રાવલે અમેરિકાની નાગરિકતા છોડી ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓની સેવા માટે ભારત વાપસી કરી. ચોથી પેઢીના ડૉ. રાજા જોષી અને ડૉ. મન પંચોલી (બંને એમ.ડી. મેડિસિન) પણ આ સેવાના વારસાને બખૂબી જાળવી રહ્યા છે. પૈસા પાછળ દોડવાને બદલે આ પરિવાર સેવાકાર્યથી એટલો સદ્ધર છે કે તેની સામે અન્ય તમામ પ્રકારની સદ્ધરતા ફિક્કી લાગે છે.

આ પરિવારમાં ત્રીજી પેઢીના ડૉ. સ્મિતા જોષી અને ડૉ. શુકલાબેન રાવલની સેવા વિશેષ ઉલ્લેખનીય છે. દાદા વાસુદેવ રાવલે સિંચેલા સંસ્કારોના વારસે ગરીબ દર્દીઓની તન-મન-ધનથી સેવા કરવાનો સંકલ્પ આજે વિરાટ વટવૃક્ષ બની ગયો છે. ખાસ કરીને જુવેનાઈલ ડાયાબિટિસ (JD)થી પીડાતા અનેક બાળકોના જીવનમાં તેઓ આશાનું કિરણ બની શીતળ છાંયો આપી રહ્યા છે.

આ બંને બહેનો જણાવે છે કે, 'તેમને આ સેવાની પ્રેરણા વર્ષ ૨૦૧૮ની એક કરુણ ઘટનામાંથી મળી હતી. તેમની માતા વિસનગરની એક હોસ્પિટલની મુલાકાતે ગયાં ત્યારે તેમણે એક માતાને પોતાની ચાર વર્ષની જુવેનાઈલ ડાયાબિટિસથી પીડાતી દીકરીને ઈન્સ્યુલિનનું ઈન્જેક્શન આપતાં રડતા જોયાં. બીજી તરફ, નાની દીકરી પણ રડતાં-રડતાં પોતાની માતાને કહી રહી હતી, 'મા, તું ઈન્જેક્શન આપ, મને દુખતું નથી.' આ હૃદયદ્રાવક દૃશ્ય જોઈ તેમની માતાએ બંને બહેનો પાસેથી વચન લીધું કે તેઓ આવા બાળકોની નિઃસ્વાર્થ સેવા કરશે. માતાને આપેલું એ વચન આજે બંને બહેનો સંપૂર્ણ નિષ્ઠાથી નિભાવી રહી છે.'

ડૉ. સ્મિતાબેન અને ડૉ. શુકલાબેનના આ વિશાળ સેવાકાર્યની નોંધ ભારત સરકારે પણ લીધી છે. જુવેનાઈલ ડાયાબિટિસ ટાઈપ-૧ ડાયાબિટિસથી પીડાતા બાળકોને જીવનભર ઈન્સ્યુલિન, ગ્લુકોમીટર અને બ્લડ ગ્લુકોઝ ચકાસવા માટે સ્ટ્રીપ્સની જરૂર પડે છે. આ તમામનો ખર્ચ દર મહિને આશરે રૂ. ૫,૦૦૦ જેટલો થાય છે, જે સામાન્ય પરિવારો માટે ઉઠાવવો મુશ્કેલ બને છે.

આ સમસ્યાના નિરાકરણ માટે છેલ્લા આઠ વર્ષથી સરકાર સમક્ષ સતત રજૂઆતો કરનાર આ બહેનોને હવે સફળતા મળી છે. એપ્રિલ-૨૦૨૬માં ભારત સરકારે આ અંગે નેશનલ ગાઈડલાઈન જાહેર કરી છે, જેના કારણે હવે જુવેનાઈલ ડાયાબિટિસથી પીડાતા બાળકોને સમગ્ર દેશની સરકારી હોસ્પિટલોમાંથી આ તમામ જરૂરી સાધનો અને દવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ થશે. આ નિર્ણય ખરેખર આશીર્વાદરૂપ સાબિત થશે.

ગુજરાત સરકારે પણ આ માટે બજેટ ફાળવી રાજ્યવ્યાપી કાર્યક્રમ અમલમાં મૂક્યો છે. જનજાગૃતિ લાવવા અને દેશના તમામ રાજ્યોની સરકારોને આ અભિયાન સાથે જોડવાના ઉમદા હેતુથી સ્મિતાબેન અને શુકલાબેને સ્વખર્ચે કાશ્મીરથી કન્યાકુમારી સુધીનો પ્રવાસ કર્યો હતો. તેમના આ પ્રયાસોની નોંધ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ પણ લીધી હતી. અને અંગત રસ દાખવી સરકારના નોન-કમ્યુનિકેબલ ડિસીઝ પ્રોગ્રામમાં હવે જુવેનાઈલ ડાયાબિટિસનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ બંને બહેનોના અવિરત પ્રયાસોના પરિણામે આજે ભારતના ૧૧ રાજ્યોએ પોતાની હેલ્થ પોલિસીમાં જુવેનાઈલ ડાયાબિટિસનો સમાવેશ કરીને પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન અપનાવ્યો છે. આ યોજના હેઠળ રાજ્ય સરકાર જેટલી રકમનું ફંડ ફાળવે છે, તેટલી જ રકમનું ફંડ કેન્દ્ર સરકાર પણ રાજ્યને ફાળવે છે.

આશા રાખીએ કે દેશના તમામ રાજ્યો આ નીતિનો લાભ લેશે, જેથી જુવેનાઈલ ડાયાબિટિસથી પીડાતા હજારો બાળકોને મોટી રાહત મળશે. આ બંને બહેનોની 'સેલ્ફ સોશિયલ રિસ્પોન્સિબિલિટી' (SSR)ને શત્ શત્ નમન. ફી



કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ સાથે



કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે.પી. નડ્ડા સાથે



ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે



# લગ્ન વિષયક



- ✱ શ્વેતાંબર મૂર્તિપૂજક, જૈન, ૨૮ વર્ષ, ૬'.૦' ઊંચાઈ, B. Architech થયેલ, વલ્લભ વિદ્યાનગર, ગુજરાતમાં વેલસેટલ માટે સમકક્ષ, સંસ્કારી જૈન / વૈષ્ણવ યુવતીઓના વાલીઓ સંપર્ક કરે. મોઃ 9825837408
- ✱ USA Citizen, પટેલ 30 વર્ષ, 5'.5" ઊંચાઈ, M.S. in Project Managment, B.Tech in Mechanical Engineering, Corporate Sectorમાં જોબ ધરાવતા, વેરી વેલસેટલ ફેમિલીના યુવક માટે સમકક્ષ, એજ્યુકેટેડ, સુંદર, સંસ્કારી યુવતીઓના વાલીઓ સંપર્ક કરે. પટેલ જ્ઞાતિની પ્રથમ પસંદગી. મોઃ 98253 26499 / 98795 09599
- ✱ B.tech Automobiles થયેલ, દશાશ્રીમાળી વૈષ્ણવ, ૧૯૯૩માં જન્મ, 5'.8" ઊંચાઈ, જોબ Sales Head - Alpino Health Foods Pvt. Ltd. Surat, ફેમિલી સાથે વલસાડ વેલસેટલ યુવક માટે ગ્રેજ્યુએટ, સ્થાનકવાસી જૈન/વૈષ્ણવ/ બ્રાહ્મણ યુવતીઓના વાલીઓ સંપર્ક કરે. મોઃ 8160302349
- ✱ વેરીવેલ સેટેલ ફેમિલીના, ૨૬ વર્ષ, 5'.7", વડનગર, BA Hons in Economics થયેલ, વ્યવસાયઃ Individual investor in Equity Markets વલસાડ સ્થિત યુવક માટે ઉચ્ચજ્ઞાતિની સમકક્ષ યુવતીઓના વાલીઓ સંપૂર્ણ બાયોડેટા સાથે સંપર્ક કરે. 9824176673 / 9427119343 Email: kavanpdesai@gmail.com
- ✱ સ્માર્ટ, હેન્ડસમ, બિલ્ડર ફેમિલીના, સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન, 5'.8", B.BA PGDM in Mass Communication, ગોધરા સ્થિત યુવક માટે જૈન / વૈષ્ણવ જ્ઞાતિની સુંદર, સુશીલ, એજ્યુકેટેડ યુવતીઓના બાયોડેટા આવકાર્ય. Mob. 9033555597 / 9428367069 Email: milind159@gmail.com
- ✱ MBA Finance, 30 વર્ષ, 6'.1" ઊંચાઈ ધરાવતા દશા શ્રીમાળી વૈષ્ણવ યુવક, હાલ હૈદરાબાદ Job ધરાવતા, ફેમિલી જુનાગઢ વેલ સેટલ માટે એજ્યુકેટેડ, સંસ્કરી, ઉચ્ચજ્ઞાતિની યુવતીઓના બાયોડેટા આવકાર્ય. Email: banship.82@gmail.com Mo.: 9428375669, 9408555557
- ✱ BDS ડોક્ટર સ્થાનકવાસી જૈન, ૨૫ વર્ષ, 5'.5" ઊંચાઈ, ભાવનગર અને પાલીતાણામાં ડેન્ટલ સર્જનની પ્રેક્ટિસ કરતા, વેલ સેટલ ફેમિલીના યુવક માટે જૈન અથવા વૈષ્ણવ વાણિયા જ્ઞાતિની સમકક્ષ એજ્યુકેટેડ અને સંસ્કારી યુવતીઓના વાલીઓ સંપૂર્ણ બાયોડેટા સાથે સંપર્ક કરે મોઃ 98791 84151 / 92275 50777
- ✱ મુંબઈ સ્થિત, લેઉવા પટેલ, ૨૯ વર્ષ, 5'.6" ઊંચાઈ, B.E. Computer Engineer, સ્વતંત્ર બિઝનેશ ધરાવતા યુવક માટે યોગ્ય યુવતીઓ સંપર્ક કરે. પટેલ જ્ઞાતિની યુવતી પ્રથમ પસંદગી. મોઃ 8879125559. mihirc.mihir@gmail.com
- ✱ USA સ્થિત, હાલ USA (સીયાટલ) ૧૯૯૬ Born મૂળ વડોદરા, 5'.7" ઊંચાઈ, MS Elect. Engg, એવીએશન કંપનીમાં જોબ કરતાં રાજપુત દેખાવડા યુવક માટે યુવતીના વાલીઓ સંપર્ક કરે. (હાલ યુવકના વાલી સીયાટલમાં છે.) મોઃ 94286 92220 / +1 346 719 7226. smitsolanki007@gmail.com
- ✱ કેનેડામાં સેટલ, ૨૫ વર્ષ, 5'.10" ઊંચાઈ સ્થાનકવાસી જૈન યુવક, B.Tech in Civil Engineer, PG in Construction project & Managment, ફેમિલી વડોદરામાં વેલસેટલ માટે જૈન યુવતીઓના વાલીઓ સંપર્ક કરે. મો– 9375126543
- ✱ કેનેડા સ્થિત, સ્માર્ટ એન્ડ હેન્ડસમ, શ્વેતાંબર જૈન, ૨૭ વર્ષ, 5'.10" ઊંચાઈ, B.Tech (Computer Science), M.B.A. (continue), Corporate Sectordp, Senior Managerની પોસ્ટ ધરાવતા, ફેમિલી વડોદરામાં વેરી વેલસેટલ યુવક માટે ઉચ્ચજ્ઞાતિની ક્વોલીફાઈડ યુવતીઓના વાલીઓ સંપર્ક કરે. મો. 98250 33207 (અમેરિકા અથવા કેનેડા સ્થિત પાત્રની પ્રથમ પસંદગી)
- ✱ અમદાવાદ સેટલ, દેરાવાસી દશાશ્રીમાળી જૈન, ૩૩ વર્ષ, 5'.10" ઊંચાઈ, B.com, પોતાનું બિઝનેશ ધરાવતા યુવક માટે જૈન જ્ઞાતિની યોગ્ય સંસ્કારી યુવતીઓના વાલીઓ સંપર્ક કરે. અશોકભાઈ શાહ : 9825191881
- ✱ અમદાવાદ સ્થિત, દેરાવાસી દશાશ્રીમાળી જૈન, ૩૦ વર્ષ, 5'.9" ઊંચાઈ, B.com, LLB, પોતાનું બિઝનેશ અને વકીલાતની પ્રેક્ટિસ કરતા યુવક માટે ઉચ્ચજ્ઞાતિની સમકક્ષ યુવતીઓના વાલીઓ સંપર્ક કરે. અશોકભાઈ શાહ : 9825191881
- ✱ વડોદરા વેલસેટલ ફેમિલીના જૈન, ૨૮ વર્ષ, 5'.3" ઊંચાઈ, B.com, Computer Hardware & Networking TCSમાં Job ધરાવતા, ડિવોર્સી યુવક માટે ઉચ્ચચાતિની અપરિણીત, વિધવા, ડિવોર્સી યુવતીઓના બાયોડેટા આવકાર્ય. મો– 8849632044 / 9428286602
- ✱ વડોદરા વેલ સેટલ બિઝનેશ ફેમિલીના સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન ૨૭ વર્ષ 5'.8" ઊંચાઈ, B.com MBA (continue), પોતાનું પેટ્રોલ પંપ ધરાવતા સ્માર્ટ યુવક માટે જૈન જ્ઞાતિની વેલ એજ્યુકેટેડ, સંસ્કારી યુવતીઓના બાયોડેટા આવકાર્ય છે. મો. 94260 19292 / 94283 67071
- ✱ વડોદરા વેલસેટલ ફેમિલીના હેન્ડસમ બ્રહ્મભટ્ટ જ્ઞાતિ, ૩૨ વર્ષ, 5'.11'' ઊંચાઇ, B.tech (Mechanical Engineer), Senior Marketing Officerની Job ધરાવતા યુવક માટે સંસ્કારી અને એજ્યુકેટેડ યુવતીઓના વાલીઓ સંપર્ક કરે મોઃ 9586262371 / mrugesh273@gmail.com
- ✱ સ્માર્ટ એન્ડ હેન્ડસમ B.com, M.B.A. continue... પોતાનું બિઝનેસ ધરાવતા, વડોદરા વેલ સેટલ ફેમેલીના ૨૭ વર્ષ, 5'.6" ઊંચાઈ, સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન યુવક માટે સમકક્ષ યોગ્ય યુવતીઓ સંપર્ક કરે. મો. 9426019292 / 9428367071
- ✱ વેરી વેલ સેટલ, અમદાવાદ સ્થાયી B.E. Computer સ્માર્ટ એન્ડ હેન્ડસમ, ૨૬ વર્ષ ૫'૭'' કડવા પાટીદાર યુવક માટે સમકક્ષ યુવતીઓના વાલીઓ સંપર્ક કરે M: 9979883861 shubham.patel4481@gmail.com
- ✱ મુંબઈ સ્થિત, ફેમિલી અમદાવાદ વેલ સેટલ, 36 વર્ષ, 5'.11" ઉંચાઈ, જૈન, બી. ઈ. મેકેનિકેલ કોર્પોરેટ સેક્ટરમાં જોબ ધરાવતા, ડિવોર્સી યુવક માટે સમકક્ષ યુવતીઓના વાલીઓ સંપર્ક કરે. મો– 9265137596 / 7498286042
- ✱ USA સિટીઝન, Pharm D/ MBA, USA સ્થિત અને વેલસેટ, ઉ.વ. ૩૩, દશાલાડ વૈષ્ણવ વણિક, લગ્ન બાદ ટૂંક સમયમાં છૂટું થયેલ લીગલી સેપરેટેડ સુશીલ, સંસ્કારી યુવતી માટે USA સ્થિત સિટીઝન/ગ્રીન કાર્ડ હોલ્ડર/ H1B Visa ધરાવતા અથવા. સ્થિત ઉચ્ચ અભ્યાસ કરેલ સુશીલ, સંસ્કારી વૈષ્ણવ વણિક, પટેલ, બ્રાહ્મણ યુવક જોઈએ છે. USA +1 773 614 2109/+1 773 226 0113 INDIA +919408154560 / +919898521549
- ✱ સુંદર, સંસ્કારી, ડોક્ટર (BDS- MDS), કચ્છી લોહાણા, ૫'.૧' ઊંચાઇ, ૨૯ વર્ષ, પોતાની પ્રેક્ટિસ ધરાવતી, અમદાવાદ વેલસેટલ યુવતી માટે યોગ્ય, સમકક્ષ ઉચ્ચજ્ઞાતિ (લોહાણા પ્રથમ પસંદગી)ના યુવકો સંપર્ક કરે. મો– 99099 21607 Email - suramyampllp@gmail.com
- ✱ સ્માર્ટ એન્ડ બ્યુટીફૂલ, MBBS, M.S. Continue.. શ્વેતાંમ્બર મૂર્તિ પૂજક, જૈન, 5'.7", ૨૬ વર્ષ, વડોદરા સેટલ ફેમેલીની યુવતી માટે હાઈલી એજ્યુકેટેડ સમકક્ષ યોગ્ય પાત્ર આવકાર્ય છે. મો. 9978442848 / 9825158295
- ✱ મુંબઈ સ્થિત, હાઈલી સેટલ ફેમિલીના ૧૯૯૧, ૫થ.૩' વૈષ્ણવ Certified Master in Finance (USA) Financial Planner, યુવતી.
- ✱ ફેર એન્ડ સ્માર્ટ, ૨૬ વર્ષ, ૫'.૩'' ઊંચાઇ, Master in Business Administration સારી Job ધરાવતી, ઠક્કર જ્ઞાતિ, ઇંદોર વેલસેટલ બિઝનેશ ફેમિલીની યુવતી માટે યોગ્ય પાત્રોના બાયોડેટા આવકાર્ય. મોઃ 9399063430
- ✱ મુંબઇ સ્થિત, ૧૯૯૬, 5'2", B.COM Masters in Finance Market થયેલ, બ્યુટીફૂલ, Bombay Stock exchangeમાં કામ કરતી, વૈશ્ણવ યુવતી.
- ✱ USA સ્થિત, work permit ધરાવતી 1996, 5'.4" મૂળ મુંબઈની masters in information થયેલ, USA બેંકમાં Data Analystની જોબ કરતી, વૈષ્ણવ યુવતી માટે USA sattled, educated યુવકોના વાલી સંપર્ક કરે.
- ✱ Oman સ્થિત, મૂળ અમદાવાદ, ૧૯૯૧, 5'.3" ગાયનેકલોજિસ્ટ કચ્છી હિન્દુ લોહાણા યુવતી.
- ✱ લંડન સ્થિત, મૂળ જૂનાગઢના, ૧૯૯૧, 5'.5" લોહાણા વૈષ્ણવ LLB, ડાયવોર્સી યુવતી.
- ✱ મુંબઇ સ્થિત, ૧૯૮૪, 5'2", M.com Diploma in Interior designing, Sr. designer & stylishની જોબ ધરાવતી પટેલ યુવતી માટે.
- ✱ અમદાવાદ સ્થિત, મૂળ આણંદના, 1991, 5'.3" M. Pharma, PHD, યુવતી.
- ✱ 1992, 5'.3", MP. સ્થિત, થયેલ, MNCમાં જોબ ધરાવતી વેલસેટલ, બ્રાહ્મણ Smart & Beautiful યુવતી માટે યોગ્ય યુવકોના બાયોડેટા આવકાર્ય.
- ✱ મુંબઇ સ્થિત, 1971, 5'4", B.S.C (home Science) થયેલ, Interior designer & Painting teacher, વૈશ્ણવ યુવતી.

**ઉપરોક્ત બાયોડેટામાં રસ ધરાવનાર યોગ્ય પાત્રોએ સંપૂર્ણ બાયોડેટા + ફોટા + જન્માક્ષર સાથે વિગત લખીને મોકલવી**
**info@feelingsmultimedia.com, atulshah496@gmail.com**

**9712945133**
**(સમય : સવારે ૧૧ થી સાંજે ૬ કલાક)**



ફીલિંગ્સ ટીમ
પૂરક માહિતી : ઝમીર શ્રોફ

# આવનારા સમયમાં 'લગ્ન' હવે ભૂતકાળ બની જશે

## અવિવાહિત જીવનનો વધતો ટ્રેન્ડ

તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સર્વેક્ષણ મુજબ, આગામી છ વર્ષમાં વિશ્વભરમાં લગભગ ૪૫% છોકરીઓ અપરિણીત રહેશે. આ અહેવાલ ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ લોકમત અખબારમાં પ્રકાશિત થયો હતો અને મોર્ગન સ્ટેનલીના વિગતવાર અભ્યાસ પર આધારિત છે.

**સર્વેક્ષણમાં બહાર આવેલ મુખ્ય કારણો :**

- આજની છોકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી રહી છે અને પોતાની કારકિર્દીને પ્રાથમિકતા આપી રહી છે.
- તેઓ આર્થિક રીતે સ્વતંત્ર છે અને કોઈ પર નિર્ભર રહેવા માંગતી નથી.
- તેઓ સ્વતંત્રતાને પ્રેમ કરે છે અને પોતાના જીવનના નિર્ણયો જાતે લેવા માંગે છે.
- તેઓ લગ્ન, માતૃત્વ અને કૌટુંબિક જવાબદારીઓને તેમની પ્રગતિમાં અવરોધો તરીકે જુએ છે.

જો આ વલણ ચાલુ રહેશે, તો પરંપરાગત કૌટુંબિક વ્યવસ્થા અને સામાજિક માળખું તૂટી શકે છે. વસ્તીમાં ઘટાડો, અપરિણીત પુરુષોમાં વધારો અને વૃદ્ધાવસ્થામાં એકલતા મોટી સમસ્યાઓ તરીકે ઊભી થઈ શકે છે. પ્રશ્ન એ પણ ઉભો થાય છે જો જીવનના અંતમાં તમારી સાથે કોઈ ન હોય તો પ્રગતિ, પરિસ્થિતિ અને પૈસાનો શું ઉપયોગ? ઘણા માતા-પિતા તેમની દીકરીઓના લગ્ન માટે યોગ્ય પાત્રો શોધી રહ્યા છે, સમાજનો એક મોટો વર્ગ હજુ પણ આ પરિવર્તનની ગંભીરતાથી અજાણ છે.

છોકરીના લગ્ન માટે આદર્શ ઉંમર ૨૩ થી ૨૬ વર્ષની વચ્ચે હોવી જોઈએ. સાચી પ્રગતિ સમાજ, પરિવાર અને વ્યક્તિગત જીવન વચ્ચે સંતુલન જાળવવામાં રહેલી છે. આપણે બધાએ આ વિશે ગંભીરતાથી વિચારવું જોઈએ.

**ભવિષ્યની એક સળગતી સમસ્યા**

- જ્યારે બાળકો ૨૦ વર્ષની ઉંમરે લગ્ન કરતા હતા, ત્યારે એક સદીમાં ૫ પેઢીઓ હતી.
- જ્યારે બાળકો ૨૫ વર્ષની ઉંમરે લગ્ન કરતા હતા, ત્યારે એક સદીમાં ૪ પેઢીઓ હતી.
- હવે, જયારે બાળકો 30 વર્ષની ઉંમરે લગ્ન કરી રહ્યા છે, ત્યારે એક સદીમાં ફક્ત ૩ પેઢીઓ હતી.
- વિચારવા જેવી વાતઃ શું આપણો સમાજ આગામી સદી સુધી પણ ટકી શકશે?
- આજકાલ, ઘરોમાં બાળકોના અવાજો ભાગ્યે જ સંભળાય છે.
- નવી વહુઓ ફકત એક જ બાળક ઈચ્છે છે.

સત્ય એ છે કે બાળકોને હવે પ્રેમના પ્રતીક તરીકે જોવામાં આવતા નથી. તેના બદલે, બાળકો હોવા હવે બોજ જેવું લાગે છે.

જે પિતાએ ૨૦-૨૨ વર્ષની ઉંમરે લગ્ન કર્યા હતા અને પરિવાર શરૂ કર્યો હતો, તે જ પિતા હવે પોતાની દીકરીના 30 વર્ષની ઉંમર સુધી લગ્ન ન કરાવીને 'બહાદુરી' બતાવી રહ્યા છે. જેના કારણે છોકરાઓ અને છોકરીઓ ડિપ્રેશનમાં સરી રહ્યા છે.

આ સામાન્ય બની ગયું છે, હજારો યુવાનો અને યુવતીઓ ઉંમરને કારણે અપરિણીત રહે છે. સમાજના સમજદાર લોકો ચૂપ રહે છે. લગ્ન, પરિવાર અને બાળકો આ બધું હવે બોજ તરીકે જોવામાં આવે છે. લગ્ન ફક્ત એક સાંસારિક બંધન નથી, તે ઘર, પરિવાર અને સમાજનો આધારસ્તંભ છે તે જાતિ, સભ્યતા અને સંસ્કૃતિને આગળ ધપાવવાનો માર્ગ છે.

આજના વૈશ્વિકીકરણના યુગમાં માનવ જીવનના દરેક ક્ષેત્રમાં ઝડપી અને ઊંડા પરિવર્તનો જોવા મળી રહ્યા છે. સમાજ, પરિવાર અને વ્યક્તિગત જીવન ત્રણે સ્તરે બદલાવની ગતિ એટલી તેજ છે કે પરંપરાગત મૂલ્યો અને આધુનિક વિચારધારા વચ્ચે સતત એક પ્રકારનો સંવાદ અને ક્યારેક સંઘર્ષ પણ જોવા મળે છે. શિક્ષણનું વિસ્તરણ, આર્થિક સ્વતંત્રતાનો વધારો, ટેક્નોલોજીનો વિકાસ અને શહેરીકરણની પ્રક્રિયાએ માનવીની જીવનશૈલીને મૂળભૂત રીતે બદલી નાખી છે. ખાસ કરીને લગ્નની પરંપરાગત ઉંમર, પરિવારની રચના અને સંબંધોને સમજવાની દષ્ટિમાં નોંધપાત્ર ફેરફાર આવ્યો છે.

આ પરિવર્તનોને લઈને સમાજમાં વિવિધ પ્રકારની ચર્ચાઓ અને મતભેદો જોવા મળે છે. એક તરફ કેટલાક લોકો આ બદલાવને આધુનિકતા, વ્યક્તિગત સ્વતંત્રતા અને પ્રગતિનું પ્રતીક માને છે, તો બીજી તરફ કેટલાક લોકો તેને પરંપરાગત પરિવાર વ્યવસ્થાના ધીમે ધીમે ક્ષય તરીકે જુએ છે. હકીકતમાં આ બંને દષ્ટિકોણમાં થોડું સત્ય છે, પરંતુ એકપક્ષીય અભિગમથી સમગ્ર પરિસ્થિતિને સમજવી શક્ય નથી. તેથી સંતુલિત અને વ્યાપક સમજ વિકસાવવી આજના સમયમાં અત્યંત આવશ્યક બની ગઈ છે.

પાછલા કેટલાક દાયકાઓમાં શિક્ષણ

અને રોજગાર ક્ષેત્રે મહિલાઓની ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં યુવતીઓ ઉચ્ચ શિક્ષણ અને વ્યાવસાયિક કારકિર્દીને વધુ પ્રાથમિકતા આપી રહી છે. પરિણામે લગ્નની ઉંમર અગાઉની તુલનામાં આગળ ધકેલાઈ રહી છે. આજની યુવતીઓ હવે માત્ર સામાજિક દબાણના કારણે નહીં પરંતુ પોતાના જીવનના નિર્ણયો વિચારપૂર્વક અને સ્વતંત્ર રીતે લઈ રહી છે. આ પરિવર્તન મહિલાઓના આત્મવિશ્વાસ અને સામાજિક સ્થિતિમાં થયેલા સુધારાનું પ્રતિબિંબ પણ છે.



આજના યુવાનો અને યુવતીઓ જીવનસાથી પસંદગીના મુદ્દે વધુ વિચારશીલ, વ્યવહારુ અને સ્વતંત્ર બન્યા છે. તેઓ લગ્નને માત્ર એક સામાજિક ફરજ તરીકે નહીં પરંતુ જીવનના સૌથી મહત્વપૂર્ણ અને લાંબા ગાળાના નિર્ણય તરીકે જુએ છે. તેથી યોગ્ય સમજ, મૂલ્યોનો મેળાપ અને પરસ્પર અનુકૂળતા માટે વધુ સમય લેવામાં આવે છે. આ પ્રક્રિયા ભલે ધીમી લાગે, પરંતુ તેના પરિણામે સંબંધોની ગુણવત્તા વધુ મજબૂત બનવાની શક્યતા રહે છે.

પરંપરાગત ભારતીય સમાજમાં લગ્નને માત્ર બે વ્યક્તિઓનું નહીં પરંતુ બે પરિવારોનું મિલન માનવામાં આવતું હતું. પરિવાર અને સમાજના કેન્દ્ર તરીકે લગ્નની ભૂમિકા ખૂબ મહત્વપૂર્ણ રહી છે. પરંતુ આધુનિક સમયમાં વ્યક્તિગત સ્વતંત્રતા, કારકિર્દી વિકાસ અને જીવનશૈલીની પસંદગીઓ વધુ મહત્વપૂર્ણ બની રહી છે. ઘણા લોકો માટે લગ્ન હવે જીવનનું એકમાત્ર લક્ષ્ય નથી, પરંતુ જીવનના અનેક વિકલ્પોમાંથી એક મહત્વપૂર્ણ નિર્ણય બની ગયો છે.

આ બદલાવને કારણે કેટલાક પરિવારોમાં ચિંતા અને અસુરક્ષાની લાગણી પણ જોવા મળે છે. ખાસ કરીને જ્યારે લગ્ન મોડા થાય છે અથવા સંબંધો લાંબા સમય સુધી સ્થિર ન થાય ત્યારે સામાજિક દબાણ વધે છે. સમાજમાં યોગ્ય ઉંમરે લગ્ન જેવી પરંપરાગત ધારણાઓ હજુ પણ મજબૂત છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આજના સમયમાં યોગ્યતા માત્ર ઉંમરથી નહીં પરંતુ માનસિક પરિપક્વતા, આર્થિક સ્થિરતા અને વ્યક્તિગત તૈયારી પરથી નક્કી થવી જોઈએ. આ પરિવર્તનને માત્ર નકારાત્મક રીતે જોવું યોગ્ય નથી, કારણ કે તેમાં ઘણા સકારાત્મક પાસાઓ પણ છે જેમ કે વધુ વિચારપૂર્વકના નિર્ણયો, આત્મનિર્ભરતા અને વ્યક્તિગત ઓળખનો વિકાસ.

ભારતીય સમાજમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા લાંબા સમય સુધી સામાજિક માળખાનો મજબૂત આધાર રહી છે. અનેક પેઢીઓ એક સાથે રહેતી, જ્યાં સંબંધો, જવાબદારીઓ અને સહકારની ભાવના ખૂબ મજબૂત હતી. પરંતુ શહેરીકરણ, રોજગાર માટે સ્થળાંતર અને વ્યક્તિગત સ્વતંત્રતાની વધતી જરૂરિયાતને કારણે ન્યુક્લિયર ફેમિલી એટલે કે નાના કુટુંબનું પ્રમાણ સતત વધતું ગયું છે. આ પરિવર્તનથી સંબંધોની રચના અને જવાબદારીઓની વહેંચણીમાં મોટો ફેરફાર આવ્યો છે.

નાનું કુટુંબ એક તરફ વ્યક્તિગત ગોપનીયતા, સ્વતંત્રતા અને નિર્ણય લેવાની સરળતા આપે છે, તો બીજી તરફ વૃદ્ધ માતા-પિતાની એકલતા અને સહાયક વ્યવસ્થાના અભાવ જેવી સમસ્યાઓ પણ ઊભી કરે છે. આ પરિસ્થિતિમાં કૌટુંબિક સંબંધોને જાળવવા માટે નવા સામાજિક અને ભાવનાત્મક માળખાની જરૂરિયાત ઊભી થઈ છે, જેમાં પરંપરા અને આધુનિકતા વચ્ચે સંતુલન સ્થાપિત કરી શકાય.

વૈશ્વિક સ્તરે પણ ઘણા દેશો જન્મદરના ઘટાડા અને વસ્તી વૃદ્ધિમાં ઘટાડાની પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. આ પ્રવૃત્તિ પાછળ શિક્ષણનું વધતું સ્તર, આર્થિક દબાણ, આધુનિક જીવનશૈલી અને વ્યક્તિગત પસંદગી જેવા અનેક પરિબળો જવાબદાર છે. કેટલાક નિષ્ણાતો આને આર્થિક વિકાસ અને જીવનની ગુણવત્તા સુધારાના સંકેત તરીકે જુએ છે, જ્યારે અન્ય લોકો તેને ભવિષ્યમાં શ્રમબળની વધારાની ગંભીર સમસ્યા તરીકે ચેતવણીરૂપ માને છે.

લગ્ન અને પરિવાર માનવ જીવનમાં માત્ર સામાજિક બંધન નથી, પરંતુ માનસિક અને ભાવનાત્મક સમર્થનનો મહત્વપૂર્ણ આધાર પણ છે. આજના ઝડપી અને સ્પર્ધાત્મક જીવનમાં એકાંત, તણાવ અને માનસિક દબાણ જેવી સમસ્યાઓ વધી રહી છે, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં. આવા સમયમાં મજબૂત પરિવાર અને સંબંધો માનસિક સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

તેમ છતાં, એ પણ સમજવું જરૂરી છે કે લગ્ન કે પરિવાર જ જીવનમાં સુખ અને સંતોષના એકમાત્ર સાધન નથી. વ્યક્તિગત સંતોષ, કારકિર્દી વિકાસ, મિત્રતા અને સામાજિક જોડાણો પણ જીવનની ગુણવત્તા વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. તેથી જીવનને માત્ર એક જ દૃષ્ટિકોણથી જોવું યોગ્ય નથી.

આધુનિક યુગમાં લગ્ન, પરિવાર અને જીવનશૈલી અંગેના વિચારોમાં જે મોટો ફેરફાર જોવા મળે છે, તેને માત્ર એક જ દૃષ્ટિકોણથી જોવું યોગ્ય નથી. તેમાં સકારાત્મક પાસાઓ પણ છે અને પડકારજનક પાસાઓ પણ છે. બંનેને સમજવા અને સ્વીકારવા એ જ પરિપક્વ સમાજની ઓળખ છે.

આ ઉપરાંત, આગામી સમયમાં લગ્ન સંસ્થા વધુ લવચીક, સમજણ સભર અને સમાનતાધારિત બનવાની સંભાવના છે, બદલાતી સામાજિક પરિસ્થિતિઓ વચ્ચે સંબંધોની મજબૂતી માટે માત્ર પરંપરા કે આધુનિકતા પૂરતી નથી, પરંતુ માનવીય મૂલ્યો, સહાનુભૂતિ, જવાબદારી અને પરસ્પર વિશ્વાસનું મહત્વ સતત અવિચલ રહેશે. આ મૂલ્યો જ કોઈપણ યુગમાં સુખી અને સ્થિર સમાજના પાયારૂપ તત્વો બની રહેશે.

અંતમાં કહી શકાય કે સમાજની પ્રગતિ માટે જરૂરી છે કે આપણે એકબીજાની પસંદગીનું સન્માન કરીએ અને સાથે સાથે પરંપરાગત કુટુંબ મૂલ્યોની મહત્વતાને પણ સમજીએ. સંતુલિત વિચારધારા, ખુલ્લુ મન અને પરસ્પર સમજણ જ એક સ્વસ્થ, મજબૂત અને પ્રગતિશીલ સમાજની આધારશિલા બની શકે છે. ફી


Read online : www.feelingsmultimedia.com



ભરત અંજારિયા

## ઝાલાવાડના શૌર્ય-સાહસ અને શિલ્પકળાનો વારસો સાચવીને બેઠેલું

# 'સ્ટોનસિટી' ધ્રાંગધ્રા

રાજસ્થાનનું પિંક સિટી એટલે જયપુર, પરંતુ ગુજરાતનું પિંક સિટી કયું શહેર છે તે જાણો છો? તેનો જવાબ છે ઝાલાવાડનું ધ્રાંગધ્રા. સુરેન્દ્રનગર જિલ્લાનું આ મહત્વનું શહેર ધ્રાંગધ્રા તરીકે ઓળખાય છે. 'ધરા'નો અર્થ જમીન થાય છે. 'ધીંગી ધરા' અથવા 'ધાંગે ધરા' પરથી ધ્રાંગધ્રા નામ પડ્યું હોવાનું માનવામાં આવે છે. ધ્રાંગધ્રા શબ્દમાં 'ધરા' શબ્દ સમાયેલો છે. આ શહેરની જમીનમાંથી ખાસ પ્રકારના પથ્થરો મળે છે, જે ખૂબ સુવિખ્યાત છે. ગુજરાતના સુપ્રસિદ્ધ સોમપુરા પરિવારો દ્વારા આ પથ્થરોમાંથી અનેક મંદિરો, શિલ્પો અને મૂર્તિઓ કંડારવામાં આવી છે. સ્ટોન વર્ક માટે ધ્રાંગધ્રાનું નામ અગ્રેસર ગણાય છે. અહીંથી મળતા પથ્થરો મજબૂત અને ટકાઉ હોય છે. આ પથ્થરોમાંથી કલાકારોએ વિવિધ આકૃતિઓનું સર્જન કર્યું છે.

ધ્રાંગધ્રાના ઈતિહાસ પર નજર કરીએ તો બ્રિટિશ શાસન દરમિયાન ધ્રાંગધ્રા રાજ્યની રાજધાની ધ્રાંગધ્રા હતી. શહેરમાં રાજાશાહી સમયની સુંદર અને આકર્ષક ઈમારતો, મહેલો, સ્થાપત્યો અને ટાવર આજે પણ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. કાઠિયાવાડ એજન્સીના સમયગાળામાં આઠ પ્રથમ કક્ષાના રાજ્યોમાં ધ્રાંગધ્રાનું આગવું સ્થાન હતું. તે સમયે અહીં ઝાલાવાડ રાજપૂત દરબારનું શાસન હતું. આ શહેરની સ્થાપના ઈ.સ. ૧૭૩૫માં થઈ હતી. અહીં ૧૬૩૭થી ૧૯૦૦ સુધી માનસિંહજીના વંશજોએ રાજ કર્યું હતું. ઈ.સ. ૧૯૪૮માં તે ઝાલાવાડનો ભાગ બન્યું અને ત્યારબાદ ૧૯૫૬માં ગુજરાતમાં તેનો સમાવેશ થયો. આમ, રાજાશાહી સમયથી આ નગરની શાન આજે પણ જળવાઈ રહી છે.

ધ્રાંગધ્રાનું નામ પહેલાં 'કુવા હળવદ' હતું, ત્યારબાદ તેનું નામ 'ધ્રાંગધ્રા-હળવદ' રાખવામાં આવ્યું. ઝાલાવાડનો ઉદય ઈ.સ. ૧૦૯૦માં થયો હતો. ધ્રાંગધ્રામાં રાજ મેઘરાજજીનું શાસન હતું ત્યારે અનેક સુધારાઓ અને વિકાસકાર્યો હાથ ધરાયા હતા, જેના કારણે સુવિધાઓમાં પણ વધારો થયો. કાળક્રમે તેનું નામ માત્ર 'ધ્રાંગધ્રા' જ રહી ગયું.

ઈ.સ. ૧૯૨૫માં અહીં સોડા એશની ફેક્ટરીની સ્થાપના થઈ હતી. ઈ.સ. ૧૯૩૯માં શ્રેયાંશપ્રસાદ જૈને તેને હસ્તગત કરી અને ત્યારબાદ તેનું નામ D.C.W. એટલે કે 'ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ' રાખવામાં આવ્યું હતું.

ધ્રાંગધ્રા તાલુકાનું મુખ્ય મથક છે. અહીં કપાસ મુખ્ય પાક તરીકે ઉગાડવામાં આવે છે. આજે આ નગરની વસ્તી અંદાજે એક લાખની આસપાસ છે. અહીંનાં જૈન મંદિરો ખૂબ પ્રસિદ્ધ છે અને જૈન ધર્મના અનુયાયીઓ પણ મોટી સંખ્યામાં વસે છે. ધ્રાંગધ્રાથી કચ્છના નાના રણમાં જઈ શકાય છે, જ્યાં અસંખ્ય ઘુડખર જોવા મળે છે. ઘણા લોકો ઘુડખરને 'જંગલી ગધેડા' તરીકે ઓળખે છે. આ પ્રાણી ખૂબ ઝડપથી દોડે છે અને તેને જોવા માટે પ્રવાસીઓ તથા વાહનચાલકો તેનો પીછો કરતા રહે છે.

અહીંની સર અજીતસિંહજી હાઈસ્કૂલ ખૂબ જૂની અને પ્રતિષ્ઠિત સંસ્થા છે. શિક્ષણ ક્ષેત્રે આ વિસ્તારમાં સારી સુવિધાઓ ઉપલબ્ધ છે. આરોગ્ય ક્ષેત્રે પણ લોકોને પૂરતી સગવડો મળી રહે છે. ધ્રાંગધ્રા નજીકના નવલગઢ ખાતે અગાઉ ગોબર ગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો હતો. ઉપરાંત, ધ્રાંગધ્રા નજીકના કુડા વિસ્તારમાં આવેલા મીઠાના અગરોમાં મીઠાનું ઉત્પાદન થાય છે.

અહીં રેલવેની માળખાકીય બાબત વિશે વાત કરીએ તો તે વીરમગામ માળીયા મીયાણા વચ્ચે આવેલું છે. અહીંથી દક્ષિણ ભારત, પૂણે, મુંબઈ તથા ગાંધીધામની ટ્રેનો મળે છે. ભાવનગર ધ્રાંગધ્રા વચ્ચે પણ એક ટ્રેન ચાલે છે.

ઈ.સ. ૧૮૮૯થી ૧૯૪૨ સુધી ધ્રાંગધ્રા રાજ્યના ઘનશ્યામસિંહજી આ રેલવેના માલિક હતા. ઈ.સ. ૧૯૦૫માં વઢવાણ-ધ્રાંગધ્રા વચ્ચે મીટર ગેજ લાઈન શરૂ કરવામાં આવી હતી. ઈ.સ. ૧૯૨૨માં તેને હળવદ સુધી લંબાવવામાં આવી. ઈ.સ. ૧૯૪૮માં આ રેલવે લાઈનનું બ્રોડ ગેજમાં રૂપાંતર કરવામાં આવ્યું. ધ્રાંગધ્રાની રેલવે ઈ.સ. ૧૯૧૧ સુધી ભાવનગર-ગોંડલ-જૂનાગઢ-પોરબંદર રેલવે સાથે સંકળાયેલી હતી. ત્યારબાદ ઈ.સ. ૧૯૪૮માં તે મોરબી રેલવે સાથે જોડાઈ. આજે અહીં રેલવેની માળખાકીય સુવિધાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

આ નગરના જોવાલાયક સ્થળોમાં એકદંત ગણપતિ મંદિર, જોગાસર તળાવ, શક્તિમાતાનું મંદિર અને મન મહેલાત (રાજમહેલ) મુખ્ય છે. આ ઉપરાંત ખારેશ્વર મહાદેવ (નરાળી), રોકડિયા હનુમાન, વિરધરજીની હવેલી, રાધાકૃષ્ણ મંદિર, સંત દેશળ ભગતની જગ્યા, વાલબાઈમા આશ્રમ, દરિયાલાલ મંદિર, જલારામ મંદિર, રાજદરબારમાં આવેલી શહીદ મુહમ્મદ મુસાની દરગાહ, માત્રીવાવ-કંકાવટી, સરકારશ્રી દ્વારા નિર્મિત અને સંચાલિત સ્ટોન આર્ટિઝન પાર્ક, ભાગવત ધામ ગુરુકુળ, સ્વામીનારાયણ સંસ્કારધામ, રામદેવપીર મંદિર તથા શિલ્પકળાનો બેનમૂન નમૂનો ગણાતો શહેરનો ટાવર પણ દર્શનીય સ્થળો તરીકે જાણીતા છે.

ઝાલાવાડના શૌર્ય, સાહસ અને શિલ્પકળાના વારસાને જીવંત રાખતું આ 'સ્ટોન સિટી' ખરેખર આપણા ટ્રાવેલ ડેસ્ટિનેશનમાં સ્થાન પામવા યોગ્ય છે.


Read online : www.feelingsmultimedia.com




## જેમાં તમને તમારા મોબાઈલ કે કોમ્પ્યુટરના સ્ક્રીન પર મળશે

વિશ્વભરની અવનવી માહિતી, અનેક વિશિષ્ટ મહાનુભાવોની મુલાકાતો અને તે સિવાય ઘણુંબધુ...

FOLLOW US ON

## આજે જ સબસ્ક્રાઈબ કરો ફીલિંગ્સ ગ્લોબલ મીડિયા

**@feelingsglobalmedia**

## સામાજિક-આર્થિક અને માનસિક સમસ્યાઓથી ઘેરાયેલા વ્યક્તિઓને સધિયારો પૂરું પાડતું

# 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'

**'ફીલિંગ્સ' ફાઉન્ડેશન ચક્ષુદાન, અન્નદાન, ઓર્ગન ડોનેશન તેમજ શાકાહારી ભોજનના પ્રચાર-પ્રસાર માટે અવિરતપણે અનેક લોકોના જીવનમાં અજવાળું પાથરવાનું કાર્ય કરે છે.**



તાજેતરમાં વિશ્વના અનેક દેશો મોંઘવારીનો સામનો કરી રહ્યાં છે. ભારતમાં પણ મોંઘવારી અને બેરોજગારીના કારણે અનેક પરિવારોની સ્થિતિ ખરાબ થઈ છે. તેઓ તેમની આર્થિક સમસ્યાનો કોઈ ઉકેલ નજરે ન પડતાં, હતાશ થઈ, જીવલેણ પગલું ભરી બેસે છે.

આવી સમસ્યાના ઉકેલ માટે તથા મદદ પૂરી પાડવાનું કામ 'ફીલિંગ્સ' પબ્લિકેશન દ્વારા પ્રેરિત 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'ના સ્થાપક પ્રમુખ શ્રી અતુલભાઈ શાહના નેતૃત્ત્વ અને માર્ગદર્શન હેઠળ તેમની ટીમ ડિપ્રેશનમાં આવેલ લોકોને જરૂરી માર્ગદર્શન અને હૂંફ આપી ડિપ્રેશનમાંથી બહાર લાવી તેઓનું જીવન બચાવે છે.

'ફીલિંગ્સ' મેગેઝિનનું વિશ્વમાં ૫૫થી વધુ દેશોમાં નેટવર્ક હોવાથી 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'ના બેનર હેઠળ નોકરીની જરૂરિયાત હોય તેવા કોઈપણ ક્ષેત્રમાં નોકરી કરવા ઈચ્છતા યુવક-યુવતીઓને તેમના ક્વોલિફિકેશનને અનુરૂપ નોકરી શોધી આપવામાં સહાય કરે છે.

'ફીલિંગ્સ ફાઉન્ડેશન' ચક્ષુદાન તેમજ શાકાહારી ભોજનનો પ્રચાર-પ્રસાર કરી પોતાનું સામાજિક ઉત્તરદાયીત્વ નિભાવી રહ્યું છે. એક અંદાજ પ્રમાણે દેશમાં ૫૦ લાખથી વધારે અંધજનો તેમના જીવનમાં પ્રકાશ રેલાય તેની રાહ જોઈ રહ્યાં છે. આ ફાઉન્ડેશન વિવિધ માધ્યમો દ્વારા સમાજમાં ચક્ષુદાન માટે લોકોને જાગૃત કરે છે. કૃત્રિમ રીતે ન બનાવી શકાતી આંખો, મૃત્યુબાદ શરીર સાથે બળી જાય છે કે દટાઈ જાય છે. તેના બદલે જો તેનું દાન કરવામાં આવે તો બીજી નેત્રહીન વ્યક્તિના જીવનમાં પ્રકાશ પાથરી શકાય છે! નેત્રદાન માટેના આ પ્રયાસોને સદીના મહાન અભિનેતા અમિતાભ બચ્ચને પણ બિરદાવ્યા છે.

માર્કેટિંગની આ દુનિયામાં માંસાહારના પોષણ યુક્ત ભ્રામક પ્રચારના કારણે જીવહત્યાનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. ત્યારે લોકોને શાકાહાર અને પ્રકૃતિ તરફ વાળવા માટે 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' શાકાહારની હિમાયત કરનારા, વિશ્વના અગ્રણીઓના વિચારોને 'રત્નકણિકા' પુસ્તિકા દ્વારા લોકો સુધી પહોંચાડે છે.

મનોદિવ્યાંગ બાળકો તેમજ વૃદ્ધો માટે વડોદરા નજીક આધુનિક સુવિધાઓથી સજ્જ એક વિશાળ રેસિડેન્શિયલ કેમ્પસનું પ્લાનિંગ ચાલી રહ્યું છે જેમાં ગૌશાળા સાથે વર્લ્ડબેસ્ટ સુવિધા ધરાવતું નેચરોપેથી સેન્ટર પણ નિર્માણ પામશે.

દેશ-વિદેશમાં લગ્ન માટે યોગ્યપાત્રની પસંદગી કરવામાં પણ ફીલિંગ્સ આપને સહાયરૂપ બનશે. આપનો બાયોડેટા ફીલિંગ્સ કાર્યાલય પર મોકલી શકો છો.

મિત્રો, શુભેચ્છકો અને માનવ માત્રને ઉપયોગી થવાની ભાવનાવાળા એવમ્ સંબંધીઓનો પ્રોત્સાહક સહયોગ મેળવતા ખુશનસીબ શ્રી અતુલભાઈ શાહ આ કાર્યને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાના બદલે સેવાભાવે સહજ પરમાર્થરૂપે કરે છે. તેઓ માને છે કે, જે સમાજે આપણને ઘણું આપ્યું છે તે સમાજને આપણે કંઈક ઉપયોગી બનીએ. આવી ભાવનાથી 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' આપને મદદરૂપ થઈ શકે છે. વધુ માહિતી માટે આપ 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'નો નીચેના નંબર પર સંપર્ક કરી શકો છો.

**Whatsapp No : +91-98253 28488**
**feelingsfoundation2010@gmail.com**



# આનંદ વાટિકા ઉદ્યાન વિહાર મનોરથ

પરમ કૃપાળુ શ્રી ઠાકોરજીની અસીમ કૃપા અને શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના આશીર્વાદથી શ્રી વલ્લભ પુષ્ટિ સંસ્કાર ધામ, અમદાવાદ (મણિનગર) ખાતે 'આનંદ વાટિકા ઉદ્યાન વિહાર મનોરથ'નો દિવ્ય અને ભાવસભર મહોત્સવ ભવ્ય રીતે સંપન્ન થયો.

પુષ્ટિમાર્ગમાં મનોરથ માત્ર એક ઉત્સવ નથી, પરંતુ તે શ્રી ઠાકોરજી પ્રત્યેની નિષ્કપટ સેવા, સમર્પણ અને પ્રેમનું જીવંત પ્રતીક છે. ઉદ્યાન વિહાર દ્વારા વ્રજભક્તિ, કુદરતી આનંદ, ફૂલોની સુગંધ, મધુર સંગીત અને શ્રીકૃષ્ણના દિવ્ય વિહારનું સ્મરણ કરાવવામાં આવે છે. આમ 'આનંદ વાટિકા' ભકિત, આનંદ અને આધ્યાત્મિક ચેતનાથી ઓતપ્રોત એવી દિવ્ય અનુભૂતિનું કેન્દ્ર બની.

આ અવસરે શ્રી ઠાકોરજીને વિવિધ રંગબેરંગી પુષ્પો, હરિયાળી અને કુદરતી સૌંદર્યથી શોભાયમાન કરવામાં આવ્યા હતા, જેના દર્શનથી વૈષ્ણવો ભાવવિભોર બની ગયા હતા. સમગ્ર પરિસરમાં ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું હતું. વૈષ્ણવજનોએ ભાવપૂર્વક દર્શન, કીર્તન તથા સેવાનો લાભ લીધો હતો. આ દિવ્ય મનોરથના દર્શન થકી સૌને અલૌકિક આનંદ અને આધ્યાત્મિક શાંતિનો અનુભવ થતો હતો.

આવા મનોરથો વૈષ્ણવોમાં ભક્તિભાવ, સંસ્કાર, એકતા અને શ્રી ઠાકોરજી પ્રત્યેનો લાગણીસભર સંબંધ વધુ ગાઢ બનાવે છે. ખાસ કરીને યુવા પેઢીને પુષ્ટિમાર્ગીય સંસ્કાર અને વ્રજભાવ સાથે જોડવાનો આ એક સુંદર અને પ્રેરણાદાયી પ્રયાસ છે.

શ્રી ઠાકોરજી સર્વ વૈષ્ણવોના જીવનમાં આનંદ, શાંતિ, ભક્તિ અને કૃપાવર્ષા અવિરત વરસાવતા રહે તથા સૌને તેમની દિવ્ય સેવાનો લાભ પ્રાપ્ત કરાવતા રહે તેવી હાર્દિક પ્રાર્થના.

જય શ્રીકૃષ્ણ.





SWASTHYA SETU®
IMMUNITY ASSURANCE
PARABEN FREE
CRUELTY FREE
SILICON FREE
SULPHATE FREE
सबकी जुबा पे
एक ही नारा,
स्वास्थय सेतु
सबको प्यारा
NOVEL
SWASTHYA SETU IS THE NEW NORMAL
Amines® Biotech Pvt. Ltd.
Mfd. by:
Amines Biotech Pvt. Ltd.
(Under Technical Guidance & Brand "SWASTHYA SETU")
Works: 28-A, Gandhi Oil Mill Compound,
Near BIDC, Gorwa, Vadodara - 390 016
Ph. : +91 265 2280588 | +91 972 371 4441
Mob. : +91 972 354 4465
Email : info@swasthyasetu.co.in | sales@swasthyasetu.co.in
Website : www.swasthyasetu.co.in
Customer Care No.:
+91 97237 07339
Follow us:
Available at:
JPOINT®

# આદિવાસી વિસ્તારની દીકરીથી 'પદ્મશ્રી' સુધી રમીલાબેન ગામીતની પ્રેરણાદાયી સફર



માર્ટિન લ્યુથર કિંગ જુનિયરનું એક ખૂબ સરસ વિધાન છે. 'દરેક વ્યક્તિ મહાન બની શકે છે કારણ કે દરેક વ્યક્તિ સેવા કરી શકે છે.'

રતન ટાટાને તેમના પિતાએ સલાહ આપી હતી કે, 'કોઈપણ વ્યક્તિને મફતમાં કપડાં , ભોજન કે દવા આપવી એ સામાજિક ગુનો છે. એના કરતાં એ વ્યક્તિને કામ આપો અને તે કામ પેટે એટલું વળતર આપો કે તે પોતાના પરિવાર માટે આ બધું સરળતાથી ખરીદી શકે.'

તારીખ ૧ જૂન ૧૯૬૯ના રોજ ગુજરાતના તાપી જિલ્લાના તાપરવાડા ગામ ખાતે જન્મેલા રમીલાબેન રાયસિંગભાઈ ગામીતે માર્ટિન લ્યુથર કિંગ જુનિયર કે નવલ ટાટાને ક્યારેય વાંચ્યા ન હતા પણ ૫૭ વર્ષની તેમની જીવન મજલમાં આ બંને વિચારોનું પ્રભુત્વ જોવા મળે છે.

આદિવાસી ગામીત સમુદાયમાં જન્મેલા રમીલાબેનનું શૈક્ષણિક જીવન માત્ર ૧૦ ધોરણ સુધી જ પૂર્ણ થયું હતું. તાપી જિલ્લો અને સોનગઢ તાલુકાનો વિસ્તાર જ્યાં ખાસ કરીને કન્યાઓ માટે શિક્ષણ કરતાં ઘરકામ અને ખેતીકામને વધુ પ્રાથમિકતા અપાય છે. આ સંજોગોમાં તેમનું ઔપચારિક શિક્ષણ વહેલું સમાપ્ત થયું. છતાં પણ, શીખવાની તેમની તીવ્ર ઈચ્છા અને સમુદાય માટે કંઈક કરવાની લાગણી ક્યારેય ઓછી થઈ નહીં. ભલે તેમણે ઉચ્ચ શિક્ષણ ન મેળવ્યું હોય, પરંતુ જીવનના અનુભવો જ તેમના માટે સૌથી મોટા શિક્ષક સાબિત થયા અને તેમને એક દૃઢ એવમ્ કરુણાસભર પરિવર્તનકારી વ્યક્તિ તરીકે ઘડ્યા.

વિકાસથી વંચિત આ સમુદાયમાં ઉછરતાં તેમણે ગ્રામ્ય જીવનની અનેક સમસ્યાઓને ખૂબ નજીકથી જોઈ છે. અપૂરતી સ્વચ્છતા, શિક્ષણની અછત અને ઊંડે સુધી જડ કરી ગયેલી લિંગભેદી માન્યતાઓ. ગામોમાં શૌચાલયોના અભાવે ખુલ્લામાં શૌચ કરવું સામાન્ય બાબત હતી, જેના કારણે આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભા થતા, ખાસ કરીને મહિલાઓ અને બાળકો માટે. મહિલાઓને ઘણી વખત શૌચ માટે રાત પડવા સુધી રાહ જોવી પડતી જેને લીધે આંતરડા સંબંધી સમસ્યાઓ ઉદ્ભવતી. તદ્ઉપરાંત રાત્રે બહાર જવું તેમની સુરક્ષા અને આત્મગૌરવ માટે પણ જોખમરૂપ હતું. સ્ત્રીઓ પાસે ન સરકારી યોજનાઓની માહિતી કે ન આર્થિક સ્વતંત્રતાનો લાભ હતો. રમીલાબહેને સ્ત્રી તરીકે આ બધું જોયું અનુભવ્યું અને આ વાત અંગે કંઈક કરી છૂટવાનું મનમાં નક્કી કર્યું.



ગામલોકોને જૂની પરંપરાઓ છોડાવવા માટે મનાવવું સહેલું નહોતું. વિશ્વાસ કેળવવા માટે તેમને એક-એક કુટુંબ સુધી પહોંચવું પડતું. આર્થિક સંકડામણ, સામગ્રીની અછત અને સરકારી સહાય મેળવવા માટેની જટિલ પ્રક્રિયાઓએ તેમના કાર્યને વધુ મુશ્કેલ બનાવ્યું. છતાં પણ તેમણે હાર ન માની અને સતત આગળ વધતા રહ્યા.



રમીલાબેનનું કાર્ય એક સ્પષ્ટ ધ્યેય સાથે શરૂ થયું-ગામના જીવનસ્તરને સુધારવું. તેમણે સૌ પ્રથમ સ્વછતા અંગે જાગૃતિ ઉભી કરવાનું કામ કર્યું. તેમણે આ જાગૃતિ અભિયાન દરમિયાન લોકોને સ્વચ્છતાના આરોગ્ય પર પડતા પ્રભાવ વિશે સમજાવ્યા અને ખુલ્લામાં શૌચ, સિકલ સેલ એનિમિયા અંગેની જાગૃતિ માટેના કાર્યક્રમો યોજ્યા.

સ્વચ્છતા ક્ષેત્રે કામ શરૂ કરીને તેમણે પોતે ચણતરકામ અને પ્લાસ્ટર કામની તાલીમ લીધી અને તેમના સ્વસહાય જૂથો દ્વારા અસંખ્ય મહિલાઓને 'મેસનરી ટ્રેઈનિંગ' દ્વારા આત્મનિર્ભર કરી. આ જ મહિલાઓની સહાયથી તેમણે અન્ય મહિલાઓને કડિયાકામ શીખવ્યું. કડિયાકામ શીખેલી મહિલાઓની મદદથી તેમણે ૭૦૦થી વધુ શૌચાલયોનું નિર્માણ કર્યું અને નવ ગામોને ખુલ્લામાં શૌચમુક્ત બનાવ્યા. તેમના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ લેતા ૨૦૧૭માં રમીલાબહેનને 'સ્વચ્છ શક્તિ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સાથે જ, મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે તેમણે ૧૬૨ સ્વસહાય જૂથો (SHGs) સ્થાપ્યા. આ જૂથો દ્વારા મહિલાઓને બચત, લોન અને નાના વ્યવસાય શરૂ કરવાની તક મળી. આ SHGs દ્વારા પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના, જીવન જ્યોતિ યોજના, અટલ પેન્શન યોજના અને સુકન્યા યોજના જેવી સરકારી યોજનાઓના લાભો લોકો સુધી પહોંચાડ્યા. પરિણામે આદિવાસી મહિલાઓને તાલીમ અને નાના વ્યવસાય શરૂ કરવામાં મદદ મળી, જેમ કે કાપડકામ, હસ્તકલા અને ખેતી સંબંધિત પ્રવૃત્તિઓ. તેમણે આદિવાસી સમુદાયોમાં શિક્ષણ, આરોગ્ય અને સ્વચ્છતા ક્ષેત્રે સ્વ-સહાય જૂથોનું નેતૃત્વ કર્યું હતું, તેમના વિસ્તરતા જતા કાર્યોની નોંધ લઈ તેમની 'નારી તું નારાયણી' એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી.

COVID-19 મહામારી દરમિયાન આ વિસ્તારમાં તેઓએ માસ્ક વિતરણ, સામાજિક અંતર અંગેની જાગૃતિ અને છેવાડાના સમુદાય સુધી સરકારી સહાય પહોંચાડવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

તળભૂમિમાં એક સમગ્ર સમુદાયના જીવન ધોરણને ઊંચું લાવવા માટેની તેમની પ્રશંસનીય કામગીરી બદલ ૨૦૨૨માં ભારત સરકારે તેમને આદિવાસી સામાજિક કાર્યકર તરીકે શિક્ષણ, આરોગ્ય અને સ્વચ્છતા ક્ષેત્રે સ્વસહાય જૂથો દ્વારા કાર્ય માટે 'પદ્મશ્રી' પુરસ્કાર એનાયત કર્યો હતો. આ સન્માન વિશે વાત કરતાં શ્રીમતી રમીલાબેને કહ્યું હતું, 'મેં મારા જીવનમાં એક નિર્ણય લીધો હતો કે 'માનવ સેવા એ જ ઈશ્વર સેવા છે'. જ્યારે મેં મારા ગામમાં લોકો ખુલ્લામાં શૌચ કરતા જોયા, ત્યારે મેં લોકોના ઘરોમાં શૌચાલય બનાવવાનો નિર્ણય કર્યો.'

હું ઈચ્છતી હતી કે મારું ગામ સ્વચ્છ બને અને ખુલ્લામાં શૌચથી મુક્ત થાય તેમજ ભારત સરકારના ઓપન ડિફેકેશન ફ્રી અભિયાનમાં યોગદાન આપી શકું. રમીલાબહેન આજે પણ પોતાની દિલ્હી મુલાકાત યાદ કરતા કહે છે કે, 'યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદજીએ તેમની સાથે અંગત વાત કરી જે પ્રોત્સાહન પૂરું પાડ્યું તે તેમના જીવની યાદગાર ક્ષણો હતી જેણે તેમને નવા સામાજિક કાર્યો કરવાનું બળ અને પ્રેરણા પૂરી પાડી છે.'

આજે પણ રમીલાબહેન ડુંગરાળ પૃષ્ઠભૂમિના આદિવાસી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં ગામના યુવાનોને રમતગમતમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરે છે, બાળકોને પોષણયુક્ત આહારનું મહત્વ સમજાવે છે, કિશોરીઓને આરોગ્ય અને શિક્ષણ માટે સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપે છે અને મહિલાઓના સશક્તિકરણ માટે કામ કરે છે. તેઓ દીકરીઓ માટે સુકન્યા સમૃદ્ધિ યોજના અંગે સાક્ષરતા ફેલાવે છે. ખાસ કરીને વિધવાઓના કલ્યાણ માટે આપતી સરકારી યોજનાઓના લાભ અંગે પણ આ વિસ્તારમાં જનજાગૃતિ ફેલાવે છે. રમીલાબહેન પોતાના વિસ્તારમાં પાણીની સમસ્યા ઉપર આગળ કામ કરવા ઈચ્છે છે.

રમીલાબેનનું જીવન સંઘર્ષ, દઢતા અને પરિવર્તનની પ્રેરણાનું પ્રતીક છે. તેમની આ યાત્રા દર્શાવે છે કે એક વ્યક્તિ પોતાની દઢ ઈચ્છાશક્તિથી સમગ્ર સમાજમાં કેટલો મોટો બદલાવ લાવી શકે છે! ફી





Read online : www.feelingsmultimedia.com

## રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં ગુજરાતમાં મિલકત ખરીદ-વેચાણનાદસ્તાવેજો 'ફેસલેસ' કરવામાં આવશે.

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે જમીન અને મિલકતોના દસ્તાવેજોની નોંધણી (Property Registration) પ્રક્રિયાને સંપૂર્ણપણે 'ફેસલેસ' (Faceless) બનાવવાની દિશામાં નક્કર પગલાં ભર્યાં છે.

આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા આ નવી વ્યવસ્થા આગામી સમયમાં અમલમાં મૂકવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. નવી સિસ્ટમ મુજબ હવે નાગરિકોએ દસ્તાવેજ નોંધણી માટે સબ-રજિસ્ટ્રાર કચેરીએ રૂબરૂ જઈ કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવાની જરૂર રહેશે નહીં. પ્રાથમિક તબક્કામાં રાજ્ય સરકાર અમુક મોટા શહેરોમાં 'પાયલોટ પ્રોજેક્ટ' તરીકે આ વ્યવસ્થા શરૂ કરી શકે છે.

ત્યારબાદ તેની સફળતા અને ટેકનિકલ કાર્યક્ષમતાની ચકાસણી કર્યા પછી સમગ્ર ગુજરાતમાં તેને ફરજિયાત બનાવવામાં આવી શકે છે.

**કેવી રીતે કામ કરશે 'ફેસલેસ દસ્તાવેજ' સિસ્ટમ?**

**ઓનલાઈન અરજી અને દસ્તાવેજ અપલોડ:**

મિલકતના ખરીદનાર અને વેચનારને દસ્તાવેજની તમામ વિગતો, સ્ટેમ્પ ડ્યુટીની ચૂકવણી તથા જરૂરી દસ્તાવેજો ઓનલાઈન પોર્ટલ પર જ સબમિટ કરવા પડશે.

**અજાણ્યા અધિકારી દ્વારા ચકાસણી (Blind Scrutiny):**

ઓનલાઈન પ્રાપ્ત થયેલી અરજીઓ કોમ્પ્યુટર સોફ્ટવેર દ્વારા રેન્ડમલી કોઈપણ જિલ્લાના ચકાસણી અધિકારી (Scrutiny Officer) પાસે મોકલવામાં આવશે. સૌથી મહત્વની વાત એ છે કે અરજીની ચકાસણી કરનાર અધિકારીને પણ એ જાણ નહીં હોય કે દસ્તાવેજના માલિક કે ખરીદનાર કોણ છે અથવા મિલકત કયા વિસ્તારની છે. પરિણામે વગદાર લોકોની ભલામણો તથા લાંચ-રૂશ્વતની શક્યતાઓ પર અસરકારક અંકુશ આવશે.

**છેલ્લા તબક્કે બાયોમેટ્રિક અને ઓળખની ખરાઈ:**

દસ્તાવેજ તમામ રીતે મંજૂરી માટે યોગ્ય ઠર્યા બાદ અને તેને અંતિમ મંજૂરી આપવાનો તબક્કો આવશે ત્યારે જ ખરીદનાર અને વેચનારના સત્તાવાર ઓળખપત્રોની ઓનલાઈન ચકાસણી કરવામાં આવશે.

**વીડિયો કોલિંગ દ્વારા વેરિફિકેશન:**

મિલકત વેચનાર વ્યક્તિ ખરેખર તે જ છે કે નહીં તેની ખાતરી કરવા માટે લાઈવ વીડિયો કોલિંગ ફીચરનો ઉપયોગ કરવામાં આવશે. વીડિયો કોલિંગ દ્વારા બંને પક્ષોની લાઈવ હાજરી અને તેમની સંમતિની ખાતરી કર્યા બાદ દસ્તાવેજને ડિજિટલ મંજૂરી આપવામાં આવશે.

**નાગરિકોને શું ફાયદો થશે?**

- ભ્રષ્ટાચાર સામે સર્જિકલ સ્ટ્રાઈક સમાન અસર થશે.
- સમય અને નાણાની બચત થશે.
- ડુપ્લિકેટ દસ્તાવેજો અને છેતરપિંડીના બનાવો અટકશે.

**બ્લોકચેન ટેક્નોલોજીનો ઉપયોગ થશે:**

રાજ્ય સરકાર આ સમગ્ર વ્યવસ્થાને વધુ સુરક્ષિત અને પારદર્શક બનાવવા માટે 'બ્લોકચેન ટેક્નોલોજી'નો ઉપયોગ કરી શકે છે. આ પદ્ધતિમાં તમામ ડેટા 'એન્ક્રિપ્ટેડ' (Encrypted) સ્વરૂપમાં સંગ્રહિત કરવામાં આવે છે. દસ્તાવેજને અંતિમ મંજૂરી ન મળે ત્યાં સુધી કોઈપણ કોમ્પ્યુટર સિસ્ટમ અથવા હેકર ખરીદનાર અને વેચનારની વાસ્તવિક ઓળખ જોઈ શકશે નહીં.

દસ્તાવેજની તમામ વિગતોની ચકાસણી પૂર્ણ થયા બાદ જ અંતિમ તબક્કે ખરીદનાર અને વેચનારની ઓળખ જાહેર કરવામાં આવશે. સુરક્ષા અને પારદર્શિતાની દૃષ્ટિએ બ્લોકચેન ટેક્નોલોજી અત્યંત સફળ માનવામાં આવે છે, તેથી ફેસલેસ દસ્તાવેજ નોંધણી વ્યવસ્થામાં તેનો ઉપયોગ કરવામાં આવશે.

# ઉત્તર ડાંગ વન વિભાગનો સંવેદનશીલ અભિગમ

## ધોમધખતા ઉનાળામાં વન્યજીવોને પીવાનું પાણી મળી રહે તે માટેના પ્રયત્નો હાથ ધરાયા

ડાંગ જિલ્લાનો વન વિસ્તાર બે ભાગોમાં વહેંચાયેલો છે. ઉત્તર ડાંગ અને દક્ષિણ ડાંગ. ઉત્તર વન વિભાગના કાર્યક્ષેત્રમાં ગુજરાતના ઘરેણાં સમાન 'પૂર્ણા વન્યજીવ અભયારણ્ય'નો પણ સમાવેશ થાય છે. વન્યજીવ અને વનસંપદાની દ્રષ્ટિએ પૂર્ણા વન્યજીવ અભયારણ્ય એક સમૃદ્ધ બાયોડાયવર્સિટી હોટસ્પોટ છે. આ વન્યજીવ અભયારણ્યના તૃણાહારી અને માંસાહારી પ્રાણીઓ અને પક્ષીઓના સંરક્ષણ, સંવર્ધન માટે પ્રતિબદ્ધ ફોરેસ્ટ ફોર્સ દ્વારા ચાલુ ઉનાળાની ધોમધખતી ઋતુમાં હીટવેવની સંભવિત પરિસ્થિતિને ધ્યાને લઈ, આ વન્ય જીવો માટે વિશેષ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

ઉત્તર ડાંગ વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી મુરારીલાલ મીના (IFS)ના માર્ગદર્શન હેઠળ તમામ રેન્જના પરિક્ષેત્ર વન અધિકારીઓ, તેમના ચુનંદા લશ્કરો સાથે આ પુણ્યકાર્યમાં જોતરાયા છે.

વનોમાં વસતા વન્ય પ્રાણીઓને ખાસ કરીને પીવાના પાણીની અછતનો સામનો



ન કરવો પડે તે હેતુસર, 'પૂર્ણા વન્યજીવ અભયારણ્ય' સહિતના જંગલ વિસ્તારમાં, કુદરતી પાણીના સ્રોતની સાથે-સાથે પાણીના કૃત્રિમ સ્રોતનું પણ નિર્માણ કરાયું છે. જેમાં ટેન્કરની મદદથી પાણી ભરવામાં આવે છે અને ક્ષેત્રિય વનકર્મીઓ દ્વારા તેનું સતત નિરીક્ષણ કરી ખૂટતી કડી જોડવામાં આવે છે. આવા કૃત્રિમ સ્રોત પાસે ટ્રેપ કેમેરા ગોઠવીને વન્યપ્રાણીઓની હિલચાલનું પણ સુપેરે ધ્યાન રાખવામાં આવે છે.

ઉત્તર વન વિભાગના જંગલમાં આવા કુલ ૭૬ કુદરતી પાણીના સ્રોતની સાથે સાથે બીજા ૯૯ જેટલા કૃત્રિમ સ્રોત ઉપલબ્ધ કરાવી વન્યજીવો માટે પાણીની કોઈ અછત ન રહે તેનું સતત ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે ક્ષેત્રિય કર્મીઓના સઘન પ્રયાસોના કારણે, ચોશિંગા જેવા લુપ્ત હરણ કુળની હાજરી પણ ટ્રેપ કેમેરામાં નોંધાઈ છે. જે વનકર્મીઓ અને વનપ્રેમીઓ માટે ખૂબ પ્રોત્સાહક બાબત છે.

**અહેવાલ : મનોજ ખેંગાર**
**(ડાંગ માહિતી બ્યુરો), આહવા-ડાંગ**

બધિર અમદાવાદી




# આઈ.પી.એલ. જુઓ, ખુશ રહો!

હજી આઈપીએલની શરૂઆત હતી ત્યારે અમે એક વાર કહેલું કે જે પુરુષ આઈપીએલ જોઈને ખુશ રહી શકે છે એ લગ્નજીવનમાં પણ સુખ શોધી જ લેતો હોય છે. અહીં પુરુષોનો જ ઉલ્લેખ કર્યો છે કેમ કે આઈપીએલની મેચમાં વિરાટ કોહલી આઉટ થાય પછી મહિલાઓ મેચ જોવાનું બંધ કરી દે છે. એમાં કારણ એટલું જ છે કે વિરાટના ગયા પછી ટીવી પર અનુષ્કા શર્માએ કયા કપડાં પહેર્યા છે, કાનમાં ઈયરિંગ કેવા પહેર્યા છે કે પછી શેડ્સ કેવા પહેર્યા છે એ જોવા મળતું નથી. એમને રીતિકા શર્મા, સાક્ષી ધોની કે અથીયા શેટ્ટી એટલે કે મીસીસ કે એલ રાહુલ એવી હોટ એન્ડ હેપનિંગ નથી લગતી એટલે એની પાછળ પેટ્રોલ બાળવા કરતાં લાફ્ટર શેફની મસાલેદાર ભવાઈ કે ઈન્ડિયન આઈડોલના ઈમોશનલ મ્યુઝિકલ નાટકોમાં એમને વધુ મજા પડે છે. પુરુષોનું એવું નથી.

ભલે આઈપીએલ સર્કસ જેવા શો તરીકે બદનામ હોય પણ અમારા જેવા માટે આઈપીએલમાં ઘણું જોવા જેવું છે. જે કંઈ પણ ક્રિકેટમાં છે એ બધું જ આઈપીએલમાં છે. બોલિંગ, બેટિંગ, ચોગ્ગા, છગ્ગા, રસાકસી, રિવ્યુઝ, ઝઘડા, અંચઈ, થ્રીલ ઉપરાંત જે ક્રિકેટમાં નથી એ પણ અહીં છે, સેલિબ્રિટિઝ, ગ્લેમર, પાર્ટીઓ, આતશબાજી, રોશની, નાચ-ગાન બધું જ છે! એટલું જ નહીં પણ તમે એમાં સામેલ પણ થઈ શકો છો.

આવી ટુર્નામેન્ટમાં મલ્ટિ મીડિયાની સામેલગીરીના કારણે તમે ઘેર બેઠા ટ્વિટર ઉપર કોમેન્ટેટર ઉપર કોમેન્ટ કરી શકો છો. તમારો અભિપ્રાય આપી શકો છો. તમે હેશટેગ સાથે પ્રશ્ન ટ્વિટ કરીને કોમેન્ટેટરો વચ્ચે ઉગ્ર ચર્ચા છેડી શકો છો જે તમને લાઈવ સાંભળવા કે જોવા મળી શકે છે. ટ્વિટર ઉપર હરીફ ટીમના ચાહકો સાથે લડી શકો છો. લોકો સ્ટેડિયમમાંથી જ ઈન્સ્ટાગ્રામ પર મેચની ખાસ પળોના રીલ અપલોડ કરતા હોય છે અને એની નીચે ક્યારેક ચાહકો વચ્ચે તડાફડી પણ બોલી જતી હોય છે.

અમે દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝની વર્લ્ડ કપની મેચ જોવા ગયેલા. આ મેચમાં અમે ખરેખર તો અબ્દુલ્લા દીવાના તરીકે સ્ટેડિયમમાં હાજર હતા. એમાં એવું હતું કે જો વેસ્ટ ઈન્ડિઝ હારે તો ભારતને આગળ જવાનો ચાન્સ મળે એવી પરિસ્થિતિ હતી. સમયની માંગ પ્રમાણે અમે દક્ષિણ આફ્રિકાએ પૂ. બાપુ સાથે જે કર્યું હતું એ ભૂલાવીને પણ એમને ચીયર અપ કરેલું અને જીતાડેલું. એક તબક્કે અમે બાઉન્ડ્રી પાસે ઉભેલા રબાડા અને લુંગીને કહી દીધેલું કે આઈપીએલમાં રમવું હોય તો ટાઈટ બોલિંગ નાખજો. ભલે અમે ગુજરાતીમાં કહેલું પણ એ સમજી ગયા અને એમણે પાંચ વિકેટ પાડીને જીતવાનો પાયો નાખેલો. ભલું થાજો માર્કમનું કે વેસ્ટ ઈન્ડિઝના બધા બોલરની એવરેજ દસથી ઉપર કરી દીધેલી! પછી આપણે વેસ્ટ ઈન્ડિઝને પાડી દીધેલું અને ફાઈનલમાં પણ જીતેલા. આપણે ઓડિયન્સમાં બેઠા હોઈએ તો આટલો ફેર પડે.

વર્લ્ડ કપની મેચ પછી ગુજરાત ટાઈટન્સની રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સાથેની ક્વોલિફાયર મેચમાં રબાડાએ કરેલા કબાડા પછી એના માટેનું માન - નાડું તૂટે અને લેંઘો ઉતરી જાય એમ - ઉતરી ગયું ભલે એ પર્પલ કેપનો દાવેદાર હોય. એણે રજત પાટીદારનો કેચ છોડ્યો પછીના ૨૦ બોલમાં પાટીદારે ૭૨ રન ઝૂડીને કુલ ૯૩ રન કર્યા ત્યારે અમને લુંગી મહત્વ સમજાયું હતું. અહીં રબાડાના જ દેશના બોલર લુંગી એન્ગીડીની વાત નથી પણ ગુજરાતના ખેલાડીઓને કેચ ઝીલવા માટે લુંગીઓ આપવાની વાત છે. લુંગીઓ આપી હોત તો પાટીદાર ચૌદ રન ઉપર હતો ત્યારે જ એનો કેચ પકડાઈ ગયો હોત. આવા ગપલાના કારણે આપણે બીજી ક્વોલિફાયર રમવાની આવી. દાઝ્યા ઉપર ડામ જેવી બાબત એ રહી કે દારૂવાળી ટીમ દારૂબંધીવાળી ટીમને સાબરમતીના કાંઠે બાપુની પુણ્ય ભૂમિ ઉપર જ હરાવી ગઈ! આવા રાષ્ટ્રભક્તિસભર વિચારો મને આઈપીએલની મેચ જોતી વખતે જ આવે છે અને એટલે જ મને આઇપીએલ જોવી ગમે છે.

પબ્લિકનો પ્રતિભાવ કેવી અસર કરે છે એ આ સીઝનમાં જોવા મળ્યું. સોશિયલ મીડિયા પર રીલ બનાવીને સતત ચર્ચામાં રહેલા અર્શદીપ સિંઘ જેવા બોલર સતત ત્રીજીવાર સીઝનમાં ૫૦૦ ઉપર રન આપીને એવા ટ્રોલ થયા છે કે એમણે એમની રીલ્સ ડીલીટ કરી નાખી છે એવા સમાચાર આવ્યા છે. પંજાબ કિંગ્ઝ માટે આઢાર કરોડમાં ખરીદાયેલા અર્શદીપ સિંઘે લીધેલી એક એક વિકેટ અંકે રૂપિયા એક કરોડ અઠ્યાવીસ લાખ સત્તાવન હજાર એક સો બેતાલીસ પૂરાની થઈ! પરચૂરણ જુદું.

આઈપીએલની મેચ જોવા સ્ટેડિયમમાં જાવ તો ત્યાં તમને ઉત્સવ જેવો માહોલ જોવા મળશે. ફક્ત તમારાથી તમારા ગામના એફ એમ સ્ટેશનના રેડિયો જોકીઓએ કરેલો ગોકીરો સહન કરવાની શક્તિ જોઈશે. બાકી ચોગ્ગા છગ્ગા પર કોલ્ડ પાયરોની કેનનમાંથી થતા આતશબાજીના ફુવારા, સ્મોક ગનના ધુમાડા અને ઝૂંપડપટ્ટીમાં વાગતા ઢોલ-નગારાથી વધુ કાન ફાડી નાખે એવા સંગીત પર ચીયર લીડર્સનો ડાન્સ પણ જોવા મળે. અમુક લોકો ખાસ આ ચીયર લીડર્સનો ડાન્સ જોવા જ જતા હોય છે. બે ઈનિંગ વચ્ચેના બ્રેકમાં તમે બાઉન્ડ્રી પર ઉભેલા ઢોલવાળા પાસે ઢોલ વગડાવીને ગરબા કરી શકો છો. અમને આ બધું જ ગમે છે પણ હાળી બહુ મોંઘી ટીકીટ પડે છે એટલે ટીવી ઉપર મેચ જોઇને ખુશ રહીએ છીએ!

### સુનભાઈ સાધો...



શરીર પર કરેલા ટેટૂ માટે કયું ગીત લાગુ પડે?

એ મેરે બદન કે લોગો...

# જૂલાઈ ૨૦૨૬નું માસિક ફળકથન

**મેષ (અ.લ.ઈ.)**

આ મહિનો તમારા માટે મધ્યમ ફળદાયી રહેશે. પ્રેમ જીવન વિતાવી રહેલા લોકો રોમેન્ટિક મૂડમાં રહેશે, વિદ્યાર્થીઓ તેમના અભ્યાસમાં સખત મહેનત કરી સારું સ્થાન પ્રાપ્ત કરી શકશે. પૈસાની આવકની સ્થિતિ તમારી ખૂબ સારી રહેવાની છે. આ મહિને કોઈને પૈસા ઉધાર આપવા નહીં, કારણ કે તમને તે પાછા મેળવવામાં ચોક્કસપણે સમસ્યા થઈ શકે છે.

**તુલા (ર.ત.)**

આ મહિનો તમારા માટે ખૂબ ફળદાયી રહેવાનો છે. તમને સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓથી રાહત પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓની મહેનત ઓછી થવાને કારણે તેમની સમસ્યાઓ વધશે, નોકરી કરતા લોકોને સારો પગાર તેમજ વૃદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. જો તમે આ મહિને કોઈને પૈસા આપ્યા હોય, તો તમે તે પાછા મેળવી શકો છો. તમે તમારા બાળકોના ભવિષ્ય માટે સાથે મળીને યોજના પણ બનાવી શકો છો.

**વૃષભ (બ.વ.ઉ.)**

આ મહિનો તમારા માટે સારો રહેવાનો છે. તમારે સમજદારી દાખવીને સમસ્યાઓને ઉકેલવાનો પ્રયાસ કરવો. ઘરના સભ્યો પણ તમને આમાં સંપૂર્ણ મદદ કરશે. વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં અન્યત્ર વધુ સમય વિતાવશે. તમારી કોઈપણ જૂની સમસ્યા ઉભરીને તમારું સ્વાસ્થ્ય બગાડશે. તમે પણ તણાવમાં રહેશો. આ બધા પ્રત્યે બેદરકારી ન દાખવો, નહિંતર સમસ્યાઓમાં વધારો થવાની શક્યતા છે.

**વૃશ્ચિક (ન.ય.)**

આ મહિનો તમારા માટે નબળો રહેવાનો છે, પ્રેમ જીવન વિતાવી રહેલા લોકો પોતાના પ્રિય સાથેના સંબંધોમાં આગળ વધશે અને નવી શરૂઆત કરશે. સ્વાસ્થ્યને લગતી જૂની સમસ્યાઓથી તમને છુટકારો પ્રાપ્ત થઈ શકે છે. તમારે વ્યવસાય સંબંધિત બાબતો પર સંપૂર્ણ ધ્યાન આપવાની જરૂર છે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં બેદરકાર રહેશે, જેનાથી તેમની સમસ્યાઓમાં વધારો થઈ શકે છે.

**મિથુન (ક.છ.ઘ.)**

આ મહિનો તમારા માટે મિશ્ર ફળદાયી રહેવાનો છે. આ મહિને પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોને તેમના મનપસંદ જીવનસાથીને મળીને ખૂબ ખુશી પ્રાપ્ત થઈ શકે છે. તમે તમારા જીવનસાથી સાથેના સંબંધોમાં નવીનતા અનુભવશો. વિદ્યાર્થીઓ અભ્યાસમાં સારું પ્રદર્શન કરી શકે છે. સ્વાસ્થ્યમાં ઉતાર-ચઢાવ આવશે, પરંતુ જો તમે થોડું ધ્યાન આપશો તો તમે તમારી જાતને ફિટ રાખી શકશો. બિનજરૂરી તણાવ ટાળવો.

**ધન (ભ.ધ.ફ.)**

આ મહિનો તમારા માટે ખૂબ સારો રહેવાનો છે. પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોના તેમના પ્રિય સાથેના સંબંધો આ મહિને ઘણા સારા રહેશે. તમને પરિવારના સભ્યોનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. જો તમે વિદેશ જવાનું વિચારી રહ્યા છો, તો આ મહિને તમારી ઈચ્છા પૂર્ણ થઈ શકે છે. આ મહિને વાહનોનો ઉપયોગ કરતી વખતે સાવચેત રહો. નોકરિયાતવર્ગે તેમની નોકરી બદલતા પહેલા કાળજીપૂર્વક વિચારવાની જરૂર છે.

**કર્ક (ડ.હ)**

આ મહિનો તમારા માટે સકારાત્મક પરિણામો લાવનારો રહેશે. આ મહિને પારિવારિક જીવનમાં ઘણી ખુશીઓ રહેશે. નોકરી કરતા લોકો પણ આ મહિને નોકરીમાં પ્રમોશન મેળવીને ખૂબ ખુશ થશે. વ્યવસાયમાં પણ, તમે તમારી મહેનતથી પાછળ હટશો નહીં. વિદ્યાર્થીવર્ગ શિક્ષણમાં સારું પ્રદર્શન કરવા માટે સખત મહેનત કરશે, તમારે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે થોડું સાવધ રહેવું જોઈએ.

**મકર (ખ.જ)**

આ મહિનો તમારા માટે મૂંઝવણથી ભરેલો રહેશે, નાની-મોટી સમસ્યાઓ ચાલુ રહેશે, વિદ્યાર્થીઓ આ મહિને અભ્યાસમાં સારું પ્રદર્શન કરી શકે છે. પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોએ ઘણી સમજદારી દાખવીને સંબંધમાં આગળ વધવું પડશે, તમારે તમારા જીવનસાથીની લાગણીઓનો આદર કરવો પડશે.

**સિંહ (મ.ટ.)**

આ મહિનો તમારા માટે પહેલાની સરખામણીમાં સારો રહેવાનો છે. પૈસાની બાબતમાં તમારી સ્થિતિ સારી રહેશે, પરંતુ તમારી ખર્ચ કરવાની આદત તમને મુશ્કેલીમાં મૂકશે. તમારા આત્મવિશ્વાસને મજબૂત બનાવો. તમારું સ્વાસ્થ્ય નબળું રહેવાનું છે. આ મહિને તમારે પ્રવાસ પર જવા પર થોડું ધ્યાન આપવું પડશે, તમારે તમારા ખોરાકમાં સંતુલિત આહાર લેવાની જરૂર છે, જેથી તમારું સ્વાસ્થ્ય સારું રહેશે.

**કુંભ (ગ.શ.સ.)**

આ મહિનો તમારા માટે મિશ્ર ફળદાયી રહેવાનો છે. આ મહિને તમે તમારા વ્યવસાય અંગે કેટલાક મહત્વપૂર્ણ પગલાં લઈ શકો છો, જે તમારા માટે સારા રહેશે. આ મહિને તમારે પૈસા અંગે કોઈ અજાણી વ્યક્તિ પર વિશ્વાસ કરવાનું ટાળવું પડશે. સારી આવકને કારણે, તમને ખર્ચ કરવામાં કોઈ સમસ્યા આવશે નહીં. તમારી બેદરકારીને કારણે તમારા સ્વાસ્થ્ય પર અસર થશે, તેથી તમારા ખાવા-પીવાની સાથે સારી દિનચર્યા જાળવવાનો પ્રયાસ કરવો,

**કન્યા (પ.ઠ.ણ.)**

આ મહિનો તમારા માટે કેટલીક મુશ્કેલીઓ લાવશે, પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોની સમસ્યાઓ પણ ઘણી હદ સુધી ઉકેલાઈ જશે. અપરિણીત લોકોને જીવનસાથી પ્રાપ્ત થઈ શકે છે. પૈસાની બાબતમાં તમારી સ્થિતિ સારી રહેશે, નોકરી કરતા લોકો માટે આ સમય સારો રહેવાનો છે, નોકરી શોધી રહેલા લોકોને પણ આ મહિને એક સારી તક મળી શકે છે, તમારે ખાવા-પીવામાં બેદરકારી ટાળવી પડશે.

**મીન (દ.ચ.ઝ.)**

આ મહિનો તમારા માટે પ્રગતિ લાવનારો રહેશે. તમારે તમારા સ્વાસ્થ્ય માટે કામની સાથે આરામ માટે સમય કાઢવો પડશે. તમારા ખર્ચાઓ પર થોડું નિયંત્રણ રાખશો, પૈસા વિશેનું વચન કોઈને પણ કાળજીપૂર્વક વિચાર્યા પછી જ આપો, કારણ કે તેને પૂર્ણ કરવામાં તમને મુશ્કેલી પડી શકે છે. તમે તમારા સંતાનના કહેવા પર નવું વાહન ખરીદી શકો છો. પ્રેમજીવન વિતાવી રહેલા લોકો માટે આ મહિનો ખૂબ જ રોમાન્ટિક રહેશે.

GaneshaSpeaks.com
Your friend, astrologer & guide

**કેવું રહેશે ૨૦૨૬!**

જાણો, **ગણેશાસ્પીક્સ** ના વિદ્વાન જ્યોતિષિયો પાસેથી

ગણેશાસ્પીક્સ ઍપ ડાઉનલોડ કરો, અને મેળવો
**₹100/- ના રિચાર્જ પર ₹200/- નું બેલેન્સ**

QR સ્કેન કરો **ગણેશાસ્પીક્સ** ઍપ ડાઉનલોડ કરો

આ સેવામાં જ્યોતિષીઓ 24 કલાક 365 દિવસ ઉપલબ્ધ હોય છે જેથી તમે તમારી સગવડ પ્રમાણે કોલ કરી શકો છો.

જ્યોતિષીને આપેલી તમારી માહિતી અને તેમની સાથે કરેલી ચર્ચા સંપૂર્ણ ખાનગી રહેશે.


NUMEROLOGY
CONSULTATION
" Numerology can change your destiny "
SS Numerologistt
Numerologists claim to divine the future through ancient practices related to the numbers associated with a person's name, birth date, and other basic aspects of life.
They also profess to interpret the past, discern a person's character, and measure the amount of luck a person has.
Fix your Career, Health, Wealth & Relationship by fixing the numbers in your life.
Fourtune Teller Sangeeta Shukla
Call For Appointment
+91- 7678427245
HOW DO WE GUIDE?
Analysis of date of birth
Lucky Colour & Numbers
Name spelling correction
Signature Correction
Relationship & Health
Business Guidence
Mobile Numerology
Vastu Guidence


RAJIV CHAURISHIYAA
Master Numerologist Ahmedabad
The Soul Numbers
M: 97373 71913 / 97148 55900
MODALITIES
Lo-shu Grid
Mobile Number Prediction Detains
Recommended Mobile Number Total
Lucky & Unlucky Numbers & Colors
Missing Number Remedies
Your Recommended Mobile Number
Affirmations
Vedic Grid
Dasha Chart
Magical Switch Words / Switch Codes
Energy Circles
Lal Kitab Expert
Lal Kitab Remedies
Lal Kitab Predictions
Sanjeevani Cards For All Disease
अपने LUCKY NUMBER को अपनी जिंदगी का हिस्सा कैसे बनाएं
कैसे MOBILE NUMBER बदल सकता है आपकी तकदीर?
OFFER PRICE 5100 INR
FOR CONSULTATION
Send Me Your Date of Birth, Mobile Number and Email ID
Email : rajiv_c15@yahoo.com


વડોદરામાં પ્રથમવાર સિમ્યુલેટર દ્વારા
મોટર કાર - ફોર વ્હીલર ચલાવતા શીખો
ફાલ્ગુનીબેન : (O) ૮૨૩૮૦૯૮૮૫૦
શ્રી આસ્થા મોટર ટ્રેનીંગ સ્કૂલ
DRIVING SCHOOL
lessons and practice
STOP
ફોરેન ટાઈપ સિમ્યુલેટર દ્વારા
આપવામાં આવતુ શિક્ષણ
FF- 6, આદિત્ય એવન્યું, કોટક મહિન્દ્રા બેંક સામે,
મહાવીર હોલ ચાર રસ્તા, આજવા રોડ, વડોદરા.


CHIPS
INTERNATIONAL
પરદેશ
પાર્સલ સેવા
WE
MOVE IT
FAST
GUARANTEED
CHIPS INTERNATIONAL
આપણા સગા સંબંધીઓને કપડા, વાસણ, નાસ્તા,
મિઠાઈ, અથાણા,મુખવાસ, મરી-મસાલા ઘરવખરી હાન્ડીક્રાફ્ટ
મંદિર, મુર્તિ વગેરે આઈટમ ડોર ટુ ડોર મોકલાવી આપીશું.
SELF
COMMITED
RESPONSIVE
ECONOMICAL
RELIABLE
TRUSTED
Contact Us
98980 95632, 85111 95632
B-2, GALAXY COMPLEX, B/H NATIONAL PLAZA, R.C.DUTT ROAD,ALKAPURI, VADODARA.




## ૮ વર્ષની ઉંમરના પ્રહર મહેતાને સિડની ખાતે સિમ્બા યંગ એચિવર એવોર્ડ અને ચિલ્ડ્રન લીડરશિપ એવોર્ડ એનાયત કરાયો

સિડનીની અવર લેડી ઓફ લોર્ડ્સ પ્રાઈમરી સ્કૂલમાં ગ્રેડ ૪માં અભ્યાસ કરતા આઠ વર્ષના પ્રહરે પોતાના દાદા દીપક મહેતાની સ્મૃતિમાં કાઉન્સિલની સૌથી મોટી મોર્નિંગ ટીનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમ દ્વારા તેણે કેન્સર જેવી ગંભીર બીમારીના સંશોધન માટે ૪,૦૦૦ ડોલરથી વધુની રકમ એકત્ર કરી હતી. ઈવેન્ટ દરમિયાન પ્રહરે લાઈવ ભારતીય ચા તૈયાર કરી હતી અને એક કપ ચાની હરાજી ૧૦૦ ડોલરમાં થઈ હતી.

પ્રહરના આ ઉમદા કાર્ય બદલ Canterbury-Bankstown Council દ્વારા તેને 'સિમ્બા યંગ એચિવર' એવોર્ડ તથા 'ચિલ્ડ્રન લીડરશિપ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

પ્રહર બાળકોમાં શાંતિ, દયા અને અહિંસા ફેલાવવાના મૂલ્યોમાં વિશ્વાસ રાખે છે.

તેમની માતા હરિતા મહેતા પણ સેવા કાર્યો દ્વારા ભારતીય સંસ્કૃતિમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે અને સમાજ સેવા તથા સંસ્કૃતિ ક્ષેત્રે ભારત સરકારનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત કરી ચૂક્યા છે.



## મનોરી પ્રોજેક્ટ દ્વારા મુંબઈગરાની તરસ છીપાવવાની યોજના

મુંબઈની વધતી જતી પાણીની માંગને પહોંચી વળવા માટે મનોરી ખાતે દરિયાના ખારા પાણીને ડિસેલિનેટ કરવા માટે ૪૦૦ મિલિયન લિટર ક્ષમતા ધરાવતો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટને કેન્દ્ર સરકાર તરફથી 'સીઆરઝેડ' (કોસ્ટલ રેગ્યુલેશન ઝોન)ની મંજૂરી મળી ગઈ હોવાથી હવે રૂ. ૩,૫૨૦ કરોડના આ પ્રોજેક્ટને વધુ વેગ મળશે. આ પ્રોજેક્ટથી પશ્ચિમી ઉપનગરો મલાડ, ગોરેગાંવ, બોરીવલી અને કાંદિવલીની પાણીની સમસ્યા હળવી થવાની આશા છે.

પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ. ૩,૫૨૦ કરોડ થવાનો અંદાજ છે, જ્યારે તેની કુલ ક્ષમતા ૪૦૦ મિલિયન લિટર હશે. ભવિષ્યમાં મુંબઈની વસ્તી વધીને બે કરોડ સુધી પહોંચવાની સંભાવના છે. હાલમાં મુંબઈને સાત ડેમોમાંથી દરરોજ ૩,૯૫૦ મિલિયન લિટર પાણી પૂરું પાડવામાં આવે છે. ભવિષ્યની વધતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મુંબઈ મહાનગરપાલિકાએ મનોરી પ્રોજેક્ટની સાથે 'ગરગાઈ ડેમ' પ્રોજેક્ટ અમલમાં મૂકવાની તૈયારીઓ પણ શરૂ કરી છે.



## વડોદરાનું ગૌરવ :
### ૯૪ વર્ષીય માણભટ્ટ ધાર્મિકલાલ પંડ્યાને પદ્મશ્રી સન્માન

વડોદરાનું ગૌરવ એવા ૯૪ વર્ષીય આખ્યાનકાર માણભટ્ટ ધાર્મિકલાલ ચુનીલાલ પંડ્યાને તાજેતરમાં રાષ્ટ્રપતિના હસ્તે પદ્મશ્રી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ ભવનના ગણતંત્ર મંડપ હોલમાં ઉપસ્થિત વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ધાર્મિકલાલ પંડ્યાને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, 'તમે માત્ર વડોદરાનું જ નહીં, પરંતુ સમગ્ર દેશનું ગૌરવ છો. હું જ્યારે પણ વડોદરા આવું છું ત્યારે તમને અવશ્ય યાદ કરું છું.'

તેના પ્રતિભાવમાં ધાર્મિકલાલ પંડ્યાએ જણાવ્યું હતું કે, 'મારા દીકરાઓ મયંક અને પદ્યુમ્ન આ પરંપરાને આગળ ધપાવશે.'

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૮૩માં તેમને સંગીત નાટક અકાદમી પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.



## મુંબઈમાં સફેદ પટ્ટા વિવાદ અંગે શ્રી મંગલપ્રભાતજી લોઢાની આગેવાની હેઠળ જૈનોનું પ્રતિનિધિમંડળ મુખ્યમંત્રીશ્રીને મળ્યું

તાજેતરમાં મુંબઈમાં સાધુ-સાધ્વીજી ભગવંતો માટે સફેદ પટ્ટા વિવાદ અંગે શ્રી મંગલપ્રભાત લોઢાની આગેવાની હેઠળ જૈનોના ચારેય ફિરકાના પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસને મળી એક આવેદન પત્ર આપ્યું હતું. શ્રી મુંબઈ જૈન મહાસંઘે મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરતાં જણાવ્યું કે, 'જૈનો અહિંસા, કરુણા અને ત્યાગને સમર્પિત છે. કેટલાક સ્થાપિત હિતો દ્વેષ પૂર્વક જૈનોને નિશાન બનાવી સસ્તી પ્રસિદ્ધિ માટે આ વિવાદને ભડકાવે છે. જૈન સમુદાય શાંતિ અને સૌહાર્દની ભાવના સાથે રાષ્ટ્રહિતને વરેલો છે.' વધુમાં સાધુ-સાધ્વીજી ભગવંતોને વિહાર દરમિયાન સુરક્ષા આપવાની પણ જૈન અગ્રણીઓએ માંગણી કરી હતી. આ પ્રતિનિધિ મંડળમાં શ્રી મુંબઈ જૈન સંગઠન વતી શ્રી વિરેન્દ્રભાઈ શાહ, શ્રી નિતીનભાઈ વોરા, શ્રી ઘેવરચંદજી વોરા, શ્રી વિરલ દોશી તથા તેરાપંથ સમાજ વતી શ્રી દેવેન્દ્ર માલવીયા ઉપસ્થિત રહ્યા હતાં.



# વિશ્વ તમાકુ નિષેધ નિમિત્તે મુંબઈમાં આરોગ્ય જાગૃતિ અભિયાનનું આયોજન

વિશ્વ તમાકુ નિષેધ દિવસના અવસરે Voice Against Tobacco દ્વારા આંતરરાષ્ટ્રીય વૈશ્ય મહાસંમેલન, મુંબઈ તથા ફિટ એન્ડ ફાઈન ગ્રૂપના સહયોગથી દક્ષિણ મુંબઈના મરીન ડ્રાઈવ ખાતે વિશેષ જનજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો હેતુ તમાકુના સેવનથી થતા નુકસાનકારક પ્રભાવો અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો તેમજ તમાકુ મુક્ત ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો હતો.

આ પ્રસંગે દિલીપ મહેશ્વરી, શિવ કનોડિયા, આનંદ પ્રકાશ ગુપ્તા, ઉમેશ થાણાવાલા, ફિરોઝ કાત્રક, સંપત ભંડારી તેમજ ફિટ એન્ડ ફાઈન ગ્રૂપના મીઠાલાલ મુનોટ, લલિત બોથરા સહિત અનેક આગેવાનો અને સામાજિક કાર્યકરોએ ઉપસ્થિત રહી અભિયાનને સફળ બનાવ્યું હતું, જે તસવીરમાં જોઈ શકાય છે.

અહેવાલ : ધર્મેશ વકીલ, મુંબઈ

## ક્લબ ફૂટની બીમારીને માત આપી ગિનિસ બુકમાં ચમક્યો ૯ વર્ષનો પર્વ ઠક્કર



માત્ર નવ વર્ષની ઉંમરે વિશ્વના સૌથી નાની વયના ગાયક તરીકે ડેબ્યૂ આલ્બમ 'પર્વ ધ યંગેસ્ટ સિંગર'માં સાત ભક્તિગીતો ગાઈને ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવતા પર્વ ઠક્કરને રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસુરીયા સાથે તસવીરમાં જોઈ શકાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પર્વ ઠક્કર જન્મથી પગની ખામી એટલે ક્લબ ફૂટ નામની મેડિકલ સ્થિતિ ધરાવે છે.

## રાજુલા પાંજરાપોળને ગૌ-સેવા માટે આર્થિક દાન અંગે અપીલ

ગૌસેવા એ જ શ્રેષ્ઠ પ્રભુસેવા છે, એવા ઉમદા ઉદ્દેશ્યને વરેલી અને છેલ્લા ૬૫ વર્ષથી રાજુલા (જિ. અમરેલી) ખાતે કાર્યરત પૂ. પૂંજાબાપુ દ્વારા સ્થાપિત તથા શ્રી કલ્યાણકારી સર્વોદય જીવદયા સંઘ સંચાલિત પાંજરાપોળમાં આશરે ૯૨૫થી વધુ અંધ, અપંગ, કેન્સરગ્રસ્ત, દૂધ ન આપતી અને વૃદ્ધ ગૌમાતાઓ તેમજ અનાથ વાછરડાઓની નિ:સ્વાર્થ સેવા કરવામાં આવે છે.

આ પાંજરાપોળનો સમગ્ર નિભાવ માત્ર દાતાશ્રીઓના આર્થિક સહયોગથી જ થાય છે. વધુમાં વધુ આર્થિક દાન આપી-અપાવી ગૌસેવાનું અધિક પુણ્ય પ્રાપ્ત કરવા સંસ્થાએ સર્વ દાતાશ્રીઓને ભાવભરી જાહેર અપીલ કરી છે.

દાન માટે સંપર્ક કરો : ૭૦૨૧૦૩૩૨૭૫

અહેવાલ : ધર્મેશ વકીલ, મુંબઈ

## આચાર્ય ભગવંત રત્નચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં વડોદરામાં યોજાયો ભવ્ય પુસ્તક મેળો



આચાર્ય ભગવંત રત્નચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)ની પ્રેરણા અને આશીર્વાદથી ટીમ હૃદય પરિવર્તન દ્વારા શ્રી ઈન્દ્ર આરાધના ભવન, લાલબાગ જૈન સંઘ (માંજલપુર) વડોદરાના આંગણે તા. ૧૨થી ૧૪ જૂન દરમિયાન ભવ્ય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંગે વધુ માહિતી આપતાં પન્યાસ રાજદર્શનવિજય મહારાજ સાહેબે જણાવ્યું હતું કે, 'અહીં વિવિધ વિષયો અને વિવિધ ધર્મોને આવરી લેતાં આશરે ૪૦,૦૦૦ પુસ્તકો ઉપલબ્ધ છે. રૂ.૧૦૦થી લઈને રૂ. ૧,૦૦૦ સુધીની કિંમત ધરાવતાં પુસ્તકો અહીં માત્ર રૂ. ૨૦ અને રૂ. ૫૦માં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.'

અત્રે ઉલ્લેખનીય છે કે, 'ફીલિંગ્સ'ના મે-૨૦૨૬ના અંકમાં પ્રકાશિત થયેલા 'ભક્તામર દર્શન ગ્રંથ' (મુનિ યશોશયશવિજયજી મ.સા. દ્વારા સંપાદિત)ના પુસ્તક પરિચયને પણ જૈન સમાજમાંથી બહોળો પ્રતિસાદ પ્રાપ્ત થયો છે.

## મુંબઈનું બાંદ્રા તળાવ પુનર્જિવિત કરવાનું અભિયાન શરૂ

બાંદ્રા તળાવ ઘણા વર્ષોથી ગંભીર પર્યાવરણીય કટોકટીનો સામનો કરી રહ્યું છે. તળાવની નજીક દરરોજ ૧ મિલિયન લિટર ક્ષમતા ધરાવતો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ બનાવવામાં આવશે. આ પ્લાન્ટ દ્વારા ગંદા પાણીનું શુદ્ધિકરણ કરવામાં આવશે અને ત્યારબાદ શુદ્ધ કરાયેલું પાણી ફરીથી તળાવમાં છોડવામાં આવશે. જેના પરિણામે પાણીનું પરિભ્રમણ સુધરશે તેમજ પાણી સ્થિર થઈ જવું અને ઓક્સિજનની ઉણપ જેવી સમસ્યાઓના નિરાકરણમાં મદદ મળશે.

બાંદ્રા પશ્ચિમના ધારાસભ્ય આશિષ શેલારે જણાવ્યું હતું કે, 'બાંદ્રા તળાવ માત્ર એક જળાશય નથી, પરંતુ તે આ વિસ્તારની ઓળખ અને વારસાનો મહત્વપૂર્ણ ભાગ છે.'

Feelings મિર્ચી

## ભાષા ગુજરાતી છું.

હું નર્મદ નથી ને, ફાધર વાલેસ પણ નથી,
હું આડે હાથે, અભેરાઈએ મુકાયેલી, ભાષા ગુજરાતી છું.

હું મરીઝ નથી ને, હું ર.પા. પણ નથી,
હું ઘેરઘેર ના બોલાતી, ના ગવાતી ભાષા ગુજરાતી છું.

હું નથી શાળાને નથી પાઠ્યપુસ્તક,
હું વર્ગખંડમાં ખંડિત, ભાષા ગુજરાતી છું.

હું નથી પુસ્તક ને, નથી મહેન્દ્ર મેઘાણી,
હું કબાટમાં સજાવાતી, ભાષા ગુજરાતી છું.

હું નથી સાહિત્ય અકાદમી, ને નથી સાહિત્ય પરિષદ,
હું પરિસંવાદમાં ન સંભળાતી ભાષા, ગુજરાતી છું.

હું નથી પુસ્તકાલય, ને નથી પુસ્તક મેળો,
હું ના વંચાતી ન વેચાતી, ભાષા ગુજરાતી છું.

હું હિન્દી ને અંગ્રેજીની, ઘંટીમાં દળાતું દરદ છું.
હું મરવા વાંકે જીવતી, ભાષા ગુજરાતી છું.

– કૌશિક મહેતા



**વહુના સંસ્કારો થી...**
**વૃધ્ધાશ્રમ ખુલ્યા....**
**અને... દિકરીઓની અપેક્ષાઓ જોતાં**
**એવું લાગે છે કે... 'વાંઢાશ્રમ' ખુલશે....!!!**

दुनिया का सबसे खूबसूरत Music
आपकी अपनी heartbeat है,
क्योंकि इसे खुद भगवान ने Compose किया है
इसलिये हमेशा दिल की सुने.....



## સ્વિટ્ઝરલેન્ડમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીનો અનુભવ

જ્યારે હું સ્વિટ્ઝરલેન્ડમાં અભ્યાસ કરતો હતો, ત્યારે મેં સ્કૂલ પાસે એક ઘર ભાડે લીધું હતું. તે ઘરની માલિક ક્રિસ્ટિના નામની ૬૭ વર્ષની અવિવાહિત વૃદ્ધ મહિલા હતી. તેઓ પહેલાં શાળામાં શિક્ષિકા હતાં અને હવે નિવૃત્ત જીવન જીવી રહ્યાં હતાં.

સ્વિટ્ઝરલેન્ડમાં વૃદ્ધોને સારું પેન્શન મળતું હોવાથી ખાવા–પીવા કે રહેવાની કોઈ ચિંતા રહેતી નથી. છતાં પણ ક્રિસ્ટિના એક ખાસ પ્રકારનું કામ કરતી હતી – ૮૭ વર્ષના એક વૃદ્ધ વ્યક્તિની સંભાળ રાખવાનું.

જ્યારે મેં તેમને પૂછ્યું કે, 'શું તમે આ કામ પૈસા માટે કરો છો? ત્યારે તેમણે આપેલો જવાબ મને ખૂબ જ આશ્ચર્યમાં મૂકી ગયો.'

તેમણે કહ્યું, 'હું પૈસા માટે કામ કરતી નથી. હું મારો 'સમય' એક 'ટાઈમ બેંક'માં જમા કરાવું છું. જ્યારે હું ખૂબ વૃદ્ધ થઈ જઈશ અને મારી સંભાળ રાખવાની જરૂર પડશે, ત્યારે હું આ જમા કરાવેલો સમય પાછો ઉપયોગમાં લઈશ.'

આ ટાઈમ બેંક શું છે, તે જાણવા મારી ઉત્સુકતા વધી ગઈ.

ક્રિસ્ટિનાએ સમજાવ્યું કે, 'સ્વિટ્ઝરલેન્ડની સામાજિક સુરક્ષા વ્યવસ્થાએ એક અનોખી યોજના શરૂ કરી છે. યુવાનો અથવા તંદુરસ્ત લોકો વૃદ્ધોની સેવા કરે છે અને જેટલો સમય તેઓ સેવા આપે છે, એટલા કલાકો તેમના ટાઈમ એકાઉન્ટમાં જમા થાય છે.'

પછી જ્યારે તેઓ પોતે વૃદ્ધ, બીમાર અથવા અસહાય બને, ત્યારે આ જમા કરાવેલો સમય ઉપયોગમાં લઈ શકે છે. એટલે કે, તેમની સંભાળ માટે બીજા લોકો સેવા આપવા આવે છે.

ક્રિસ્ટિના અઠવાડિયામાં બે દિવસ જતાં. દર વખતે તેઓ લગભગ બે કલાક સુધી વૃદ્ધ વ્યક્તિને મદદ કરતાં – બજારમાંથી સામાન લાવવો, રૂમ સાફ કરવો, તેમને બહાર તડકામાં બેસાડવા લઈ જવું અને તેમની સાથે વાતો કરવી.

એક વર્ષ પછી ટાઈમ બેંક તેમની સેવા કરેલા કુલ કલાકોની ગણતરી કરીને તેમને એક ટાઈમ કાર્ડ આપે છે.

પછી જ્યારે તેમને પોતાની સંભાળની જરૂર પડે, ત્યારે આ કાર્ડ દ્વારા તેઓ મદદ મેળવી શકે છે.

એક દિવસ ક્રિસ્ટિના બારી સાફ કરતી વખતે પડી ગયા અને તેમના પગમાં ફ્રેક્ચર થયું. મને લાગ્યું કે હવે તેમની સંભાળ માટે કોઈ વ્યવસ્થા કરવી પડશે. પરંતુ તેમણે કહ્યું કે, 'ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે તેમણે પહેલેથી જ ટાઈમ બેંકમાં મદદ માટે અરજી કરી દીધી છે.'

માત્ર બે કલાકમાં જ એક નર્સ તેમની મદદ માટે આવી ગઈ. નર્સ રોજ તેમની સંભાળ રાખતી, તેમની સાથે વાતો કરતી અને ખાવાનું બનાવતી. સારી સંભાળ મળતા તેઓ ઝડપથી સ્વસ્થ થઈ ગયા.

સ્વસ્થ થયા પછી ક્રિસ્ટિના ફરી વૃદ્ધોની સેવા કરવા જવા લાગ્યાં. તેઓ કહેતાં, 'જ્યાં સુધી હું તંદુરસ્ત છું, ત્યાં સુધી વધુ સમય 'ટાઈમ બેંક'માં જમા કરાવતી રહીશ.'

આજે સ્વિટ્ઝરલેન્ડમાં ટાઈમ બેંક જેવી વિચારધારા ખૂબ લોકપ્રિય બની ગઈ છે. સરકાર પણ આ યોજનાને કાયદાકીય આધાર આપે છે.

ખરેખર, કેટલી સુંદર અને માનવતાભરી વિચારધારા છે! કાશ, આવી વ્યવસ્થા આખી દુનિયામાં અમલમાં આવે...

Owned & Published by Atul J. Shah
(Hi-Tech Vision) Feelings Multimedia Ltd., 102-104, Pacific Plaza, V.I.P. Road, Karelibaug, Vadodara - 390018. (M) 98253 28488 Editor : Atul Shah

PRIDE HOTELS & RESORTS

# PRIDE HOTELS LIMITED

TRULY INDIAN.TRADITIONALLY LUXURIOUS.




## Own. Develop. Manage. Operate.

- 2,723 keys across 34 operational hotels and resorts in 32 cities*
- A confirmed upcoming addition of 32 hotels and 2341 keys across 30 cities in India
- Operate more than 90+ Banquets & 50 F&B outlets (Restaurants, Bars, Coffee shops and Bakeries)**
- 4th largest among domestic chains within family promoted hotel companies*
- Ranked 27th in the prestigious Ernst & Young's DEI 100 List
- 6th Largest hotel chain in India in terms of chain-owned inventory in the upscale, upper midscale and midscale segments
- Presence in major cities, including Delhi, Ahmedabad, Kolkata, Pune, Bengaluru, Chennai, Bhopal, Indore and Nagpur.
- Resorts across India including Goa, Puri, Mussoorie, Jaipur and Jodhpur.

*As of June 30, 2025 | **As on date of this Draft Herring Prospectus

PRIDE PLAZA | PRIDE PREMIER | PRIDE ELITE | Biznotel BY PRIDE

Over 38 years of experience managing a diverse range of hotels and resorts.

USE Promocode :
**FEELINGS26** for exclusive offers

1800 209 1400 pridehotel.com centralreservations@pridehotel.com

PRIDE HOTELS LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the DRHP dated September 30, 2025, with SEBI and the Stock Exchanges on September 30, 2025. The DRHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.pridehotel.com and on the websites of the Book Running Lead Managers ("BRLMs"), i.e. Motilal Oswal Investment Advisors Limited and JM Financial Limited at www.motilaloswalgroup.com and www.jmfl.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see 'Risk Factors' on page 41 of the DRHP filed with SEBI and the Stock Exchanges. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision. The Equity Shares offered in the Offer have not been have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act"), and may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside of the United States in "offshore transactions" in reliance on Regulation S and the applicable laws of the jurisdiction where those offers and sales occur.

**અમૂલ દૂધ**

# અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા








**36 લાખ** ડેરી ખેડૂતો

**23** રાજ્યો

1946માં દૂધના એક બુંદથી ક્રાંતિની એવી લહેર ઊઠી જેણે ભારતને દૂધની અછત ધરાવતા દેશ માંથી વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બનાવી દીધો છે. આ ઐતિહાસિક પરિવર્તનનું કારણ, ભારતની સૌથી વિશ્વસનીય અને મનપસંદ ડેરી બ્રાન્ડ– અમૂલ. અમૂલ માત્ર એક ડેરી બ્રાન્ડ નથી પરંતુ 36 લાખ મહિલા ખેડૂતો માટે આશા, સમ્માન અને સશક્તિકરણનો સોનેરી પથ છે. અમૂલ તેના અનોખા સહકારી મૉડેલ દ્વારા ખેડૂતોને આત્મનિર્ભરતા, આર્થિક સ્વતંત્રતા અને સમ્માન ભર્યું જીવન આપે છે, જેને લીધે તેઓ ગર્વથી પોતાને આ ક્રાંતિ અને પ્રગતિના ભાગીદાર માને છે.

23 રાજ્યો, 1,000 થી વધુ શહેરો અને વ્યાપક રિટેલ નેટવર્ક સાથે અમૂલ હવે અમારી ઓળખનો અભિન્ન હિસ્સો બની ગયું છે. **અમૂલ દૂધ પીતા હૈ ઈન્ડિયા** દેશના અટૂટ ભરોસા અને પ્રેમનું પ્રતીક છે જે આપને શુદ્ધ અને પૌષ્ટિકતાથી ભરપૂર દૂધની સોગાદ આપે છે. ઉત્પાદનોની વ્યાપક શ્રેણી અને 90,000 કરોડ રૂપિયાના ટર્નઑવર સાથે. **અમૂલ વિશ્વની સૌથી સક્ષમ અને વિશ્વસનીય ખાદ્ય અને ડેરી બ્રાન્ડ બનીને ઊભરી છે, જેનું પ્રમાણ છે બ્રાન્ડ ફાઈનાન્સ ફૂડ ઍન્ડ ડ્રિંક 2024 નો રિપૉર્ટ. આ રિપૉર્ટમાં અમૂલ વૈશ્વિક રૅન્કિંગમાં ટોચ પર છે.**

**1,000** પ્રમુખ શહેરો

વ્યાપક રિટેલર્સ નેટવર્ક

## અમૂલ ફ્રેશ દૂધની શ્રેણી

### ભેંસનું દૂધ

અમૂલ ભેંસના દૂધમાં 6.5% ફેટ છે જે દૂધના સ્વાદને લાજવાબ બનાવે છે. પરંપરાગત રીતે ઘી બનાવવું હોય કે સ્વાદિષ્ટ મીઠાઈ, અમૂલ ભેંસનું દૂધ સૌથી ઉત્તમ છે. આ દૂધની મલાઈ એવો એહસાસ છોડી જાય છે કે બધા તેનાં દિવાના થઈ જાય છે.

### ગાયનું દૂધ

4% ફેટ સાથે અમૂલ ગાયનું દૂધ પચવામાં આસાન અને પ્રોટીનથી ભરપૂર છે. આ શરીરની કોશિકાઓના નિર્માણમાં સહાયતા કરે છે સાથે સાથે ડાયાબિટીઝના પ્રબંધન અને ઈન્ફ્લેમેશનને રોકવામાં પણ બહુ લાભકારી છે. આ જ કારણસર આ એક સૌથી ઉત્તમ સ્વાસ્થ્યવર્ધક પીણાંની શ્રેણીમાં આવે છે.

### ફુલ ક્રીમ દૂધ

અમૂલ ગોલ્ડમાં છે 6% ફેટ જે દૂધને દમદાર, મલાઈદાર અને મીઠાશ ભર્યો સ્વાદ આપે છે. આ દૂધમાં ગોલ્ડ સ્ટાન્ડર્ડ માનવામાં આવે છે, એટલે જ આ સ્વાદિષ્ટ મીઠાઈ અને ઘી બનાવવા માટે ભારતીય ઘરોની પહેલી પસંદગી છે.

### ટોંડ દૂધ

અમૂલ ટોંડ દૂધની રેન્જ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃક લોકો માટે સૌથી શ્રેષ્ઠ વિકલ્પ છે કેમ કે આનું સંતુલિત પોષણ તેમની બધી જરૂરિયાતો પૂરી કરે છે. જ્યાં અમૂલ તાજામાં 3.0% ફેટ છે ત્યાં આનું ડબલ ટોંડ સ્લિમ 'એન' ટ્રિમ 1.5% ફેટ સાથે મળે છે, ખાસ એમની માટે જેઓ સ્વાદની સાથે ઓછી ફેટ વાળા દૂધને પસંદ કરે છે.

## વિશ્વના ઑરિજિનલ એનર્જી ડ્રિંકના ફાયદા

- હાડકાંની મજબૂતી
- વિટામિન B12 યુક્ત
- સંતુલિત પોષણનો ઉત્તમ સ્રોત
- કૅલ્શિયમથી ભરપૂર

## દુનિયામાં ધૂમ મચાવી રહી છે



વિશ્વ ભરમાં તેની ઉપસ્થિતિને વિસ્તારતા, અમૂલ દ્વારા તેની લાંબી શેલ્ફ લાઈફ માટે વખણાતા અમૂલ મિલ્કની નિકાસ અનેક એશિયાઈ અને આફ્રિકન દેશોમાં કરવામાં રહી છે. 2024માં, અમૂલે અમેરિકામાં અમૂલ મિલ્કની રજૂઆત કરવા સાથે તેની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય સિદ્ધિ પ્રાપ્ત કરી, જેમાં અમૂલ તાઝા, અમૂલ ગોલ્ડ, અમૂલ શક્તિ અને અમૂલ સ્લિમ એન ટ્રિમ સામેલ છે. પ્રગતિની આ ગતિને આગળ વધારતા 2025માં અમૂલે સ્પેન અને પોર્ટુગલમાં અમૂલ મિલ્કની રજૂઆત સાથે યુરોપીયન માર્કેટ્સમાં પણ પોતાના નામનો ડંકો વગાડતા તેની વૈશ્વિક ઉપસ્થિતિને પ્રબળ કરી છે, અને દ ટેસ્ટ ઑફ ઈન્ડિયાને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ અપાવી છે.






નિયમો અને શરતો લાગુ.